બાર માત્રાઓવાળા લઘુ પ્રાણાયામ હોય છે અને ચોવીસ માત્રાઓવાળા દીર્ઘ પ્રાણાયામ હોય છે તથા છત્રીસ માત્રાઓથી યુક્ત પરમ શ્રેષ્ઠ પ્રાણાયામ હોય છે. પ્રાણ રોકવાને જ પ્રત્યાહાર કહે છે. બ્રહ્માત્મ ચિંતન કરવાને ધ્યાન કહે છે. મનની વૃત્તિને જ ધારણા કહેવામાં આવે છે. ''હું જ બ્રહ્મ છું''- આ પ્રકારની જે અંતઃસ્થિતિ કરી લે છે તે બ્રહ્મની સ્થિતિને પ્રાપ્ત થઈ જાય છે, એને જ સમાધિ કહેવામાં આવે છે. હું આત્મા છું, બ્રહ્મ પર છે અને તે સત્ય તેમજ જ્ઞાન સ્વરૂપ તથા અનંત છે. બ્રહ્માનું વિજ્ઞાન જ આનંદમય છે અને તે ફક્ત તત્ત્વમસિ છે. હું બ્રહ્મ છું. હું શરીર વગરનો અને ઇન્દ્રિયોથી રહિત છું. હું મન, બુદ્ધઇ, અહંકાર વગેરેથી શૂન્ય છું અને જાગૃત, સુષુપ્તિ વગેરેથી યુક્ત એનું જ જ્યોતિસ્વરૂપ છું. હું શુદ્ધ, બુદ્ધિ, યુક્ત, સત્ય તેમજ આનંદ રૂપને પ્રાપ્ત સાધનાનો ચરમ છું અને આ રૂપમાં હું આત્મ સ્વરૂપ અદ્વિતીય છું. આ જે આદિત્ય પુરુષ છે તે હું જ અખંડિત છું. આ પ્રકારથી સ્વયંને ધ્યાન કરવાવાળા બ્રાહ્મણ આ સંસાર મહાબંધનથી વિમુક્ત થઈ જાય છે.

એના પછી ચૌદ મનુઓના વિષયમાં પૂછવા પર હરિએ કહ્યું-હવે અમે ચૌદ મનુઓના વિષયમાં બતાવીએ છીએ અને એમના સુત શુક વગેરેને બતાવી છીએ. પહેલા સ્વાયંભુબ મનુ થયા હતા તથા અગ્નિ ધાદિ એમના પુત્ર થયા હતા. મરીચિ, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ, ઋતુ અને મહાન તેજવાળા વશિષ્ઠ આ સાત ઋષિવૃંદ બતાવવામાં આવ્યા છે. જ્યાખ્ય, અભિતાખ્યઃ શુક્ર તથા યામ અને દ્વાદશગણ આ બધાને સોમપાયી કહેવામાં આવે છે. આમના શત્રુ વિશ્વભુક, વામ દેવેન્દ્ર, વાષ્કલિ થયા હતા. તે દૈત્ય ભગવાન વિષ્ણુ દ્વારા ચક્રથી માર્યા ગયા હતા. એના અનંતર સ્વરોચિષ મનુ થયા હતા. એમના પુત્ર મંડલેશ્વર ચૈત્રક, વિનત, વિદ્યુત રવિ વૃહદગુણ અને મહાન બળ તેમજ

પરાક્રમવાળા હતા. ઊર્જ, સ્તંબ, પ્રાણ, ઋષભ, નિચલ, દગંભોલિ અને અર્વવીર આ સાત ઋષિ બતાવવામાં આવ્યા છે. બાર તુષિત કહેવામાં આવ્યા છે અને પારાવત બતાવવામાં આવ્યા છે. આ રીતથી આ ગણના પૂરી થાય છે.

દેવોના ઇન્દ્ર વિપશ્ચિત હતો અને એનો શત્રુ પુરુકૃત્સર હતો. ભગવાન મધુસૂદને હાથીના રૂપે એને માર્યો હતો. ઔત્તમ મનુના પુત્ર ઓજ, પરશુ, વિનીત, સુકૃત, સુમિત્ર, સુવલ, શુચિ, દેવ દેવાવૃધ તથા મહોત્સા મુખ્ય રુદ્ર હતા. એ મન્વંતરમાં રથોજા, ઊધ્ર્વબાહુ, શરણ, અન્ચ, મુનિ, સુલપા અને શક્ર આ સપ્તર્ષિ બતાવવામાં આવ્યા છે. વશવર્તિ-સ્વધામાન-શિવ-સત્ય અને પ્રતર્દન આ પાંચ દેવગણ બતાવવામાં આવ્યા છે, તે બધા બાર હતા. એક સ્વશાંતિ નામે ઇન્દ્ર હતા અને એના શુક્ર પ્રલંબ નામધારી દાનવ હતો. એ દાનવને મત્સ્યનું સ્વરૂપ ધારણ કરવાવાળા હરિ વિષ્ણુએ નષ્ટ કર્યા હતા. વામસ નામના મનુના પુત્ર જાનુર્જય, નિર્ણય, નવ-ખ્યાતિ, નૃપ-પ્રિયભૃત્વ વિનિક્ષિપ હવુકકંધિ, પ્રસ્તલા, કૃતબંધુ કત હતા અને જ્યોતિધાયા, ધુષ્ટ, કાવ્ય, ચૈત્ર, શ્વૈતાગ્નિ, હેમક આ સાત મુનિ બતાવવામાં આવ્યા છે. સુરાગા અને સ્વધિગ હરિ હતા તથા દેવતાઓના ચાર પાંચ વંશક ગુણ થયા હતા. એમનું સ્થાન પ્રમુખ હતું.

એમનો ઇન્દ્ર શિવિ અને એમનો શત્રુ ભીમરથ કહેવામાં આવ્યો છે. ભગવાન હરિએ કૂર્માવતાર ધારણ કરીને ભીમરથ અસુરનો વધ કર્યો હતો. રૈવત મનુના પુત્ર, મહાપ્રાણ સાધક-વન બન્ધુ-નિરમિત્ર, પ્રત્યંગ, પરાહા, શુચિ દૃઢવ્રત અને કેતુ શૃંગ થયા હતા.

હવે આપણે મન્વંતરના ઋષિઓનું વર્ણન કરીએ છીએ. એમાં દેવ શ્રી-વેદબાહુ-ઉર્ધ્વ-હિરણ્ય રોમા-પર્જન્ય-સત્ય નામા અને સ્વધામ હતા. અભૂતરજ, દેવશ્વમેધ, વૈકુંઠ અને અમૃત આ ચાર દેવોના ગણ કહેવામાં આવે છે. આ ગણોમાં ચૌદ સુર હતા. એમના પ્રતાપવાન વિભુ ઇન્દ્ર થયા હતા. એમનો શત્રુ શાંતાસુર થયો હતો અને આ દૈત્યને હંસરૂપધારી ભગવાન વિષ્ણુએ નષ્ટ કર્યો હતો.

હવે અમે ચાક્ષુષ મન્વંતરના વિષયમાં બતાવીએ છીએ. ચાક્ષુસ મનુમાં પુત્ર ઉરુ પૂરુ-મહાબલ-શતદ્યુમ્ન-તપસ્વી - સત્યાબાહુ- કૃતિ -અગ્નિવિષ્ણુ અતિરાત્ર સુદ્યુમન તથા નય થયા હતા. એમાં જ હવિષ્માન- સુતનુ, શ્રીમાન-સ્વધામા-વિરજ-અભિમાન-સહિષ્ણુ અને મધુ શ્રી, ઋષિ ગણ બતાવવામાં આવ્યા છે. આ બધા ઋષિગણ, પૂર્વવર્તી પરંપરામાં આવે છે.

આમાં આર્યા, પ્રસૂતા, ભાવ્ય, લેખા અને પૃથુક આ દેવોના પાંચ ગણ કહેવામાં આવ્યા છે. એમના મનોજવ ઇન્દ્ર હતા, અને ઇન્દ્રના શત્રુ મહાભુજ, મહાકાળ થયા હતા. ભગવાન હરિએ એનો વધ લોકોના ધારણ કરવાવાળા અશ્વનું સ્વરૂપ ધારણ કરીન કર્યો હતો.

હવે વૈવસ્વત મન્વંતરને બતાવવામાં આવે છે. વૈવસ્વત મનુના પુત્ર સવ વિષ્ણુ પરાયણ થયા હતા. એમના નામ આ છે, ઇક્ષ્વાકુ, નાભાખ્ય વિષ્ટિસર્જાતિ હવિષ્યંત, પાશુનભ, નેદિષ્ટ, કુરૂપ, પ્રદ્યુમ્ન. અત્રિ, વસિષ્ઠ, ભગવાન,

જામદગ્નિ (પરશુરામ) કશ્યપ, ગૌતમ, ભારદ્વાજ અને વિશ્વામિત્ર તે એ મન્વંતરના સાત ઋષિ છે. આ ક્રમમાં ચાલીસ મરુદ્ગણ કહેવામાં આવ્યા છે અને આદિત્ય, વસુ અને સાધ્ય આ ત્રણ દ્વાદશક ગણ હતા તથા એકાદશ રુદ્ર થયા હતા અને અષ્ટ વસુ હતા. અશ્વિનીકુમાર પણ બતાવવામાં આવ્યા છે તથા દશ વિશ્વ દેવતાઓનું પણ વર્ણન કરવામાં આવ્યું છે.

દસ અંગિરસ દેવ છે તથા નવ દેવગણ છે. એનામાં તેજસ્વી નામવાળા ઇન્દ્ર થયા હતા અને એમનો શત્રુ હિરણ્યાક્ષ દૈત્ય હતો. એ દૈત્યનો ભગવાન વિષ્ણુએ વરાહ અવતાર લઈને વધ કર્યો હતો. હવે આપણે સાવર્ણ્ય ભવિષ્ય મનુના વિષયમાં બતાવીશું. સાવર્ણ્ય મનુના પુત્ર વિષય, અર્વવીર નિદેહ, સત્ય, વાક્ કૃતિ ગરિષ્ઠ વાચ અને સંગતિ હતા. અશ્વત્થામા, કૃપ, વ્યાસ, માલવ, દીપ્તિમાન, ઋષ્યભ, શ્રૃંગ, રામ હતા. એ મન્વંતરના સાત ઋષિ છે. સુતપા, અમૃતાભા અને મુખ્યા આ એ દેવોના ગણ છે, જે પોતાની શક્તિમાં પૂરા છે. આમનો ઇંદ્ર વિરોચનનો પુત્ર બલિ થયો જેણે ભૂમિના ત્રણ પગની યાચના કરવાવાળા વામન રૂપધારી વિષ્ણુને બધું જ આપીને, ઋદ્ધ ઇન્દ્ર પદનો ત્યાગ કરીને સિદ્ધિને પ્રાપ્ત કરી હતી.

હવે આના અંતર વારુણિ, દક્ષ સાવર્ણિ નવમના પુત્રોને સાંભળો. આ બધા ધૃષ્ટિ કેતુ, દીપ્તિ કેતુ, પંચ હસ્ત, નિરાકૃતિ, પૃથુ શ્રવા, વૃહદ્દ્યુમ્ન, ઋચીક, વૃહતો ગુણ, મેધાતિથિ, દ્યુતિ, સબલ અને વાસુ હતા. એમની સાથે જ્યોતિષ્માન્-હવ્ય-વિભુ અને ઈશ્વર આ ઋષિગણ થયા હતા. એમાં મરીચિ, ગર્ભ અને સ્વધર્મા આ ત્રણ મુખ્ય હતા. આમાં દેવોનો શત્રુ કાલક સંજ્ઞાવાળો છે. એનું હનન કરવાવાળા પદ્મનાથ થયા છે.

દશમ મનુ પુત્રોના નામ છે - સુક્ષેત્ર, ઉત્તમૌજા, ભરિર્સણ્ય, વીર્યવાન, શતાનીક, નિરમિત્ર, વૃષસેન, જયદ્રથ, ભૂરિદ્યુમન અને સુવર્ચા. આમનો ઇન્દ્ર શાંતિ નામધારી હતો. અયોમૂર્તિ, હવિષ્માન, સુકત, અવ્યય, નાભાગ, અપ્રતિમ અને સૌરંભ આ મન્વંતરના ઋષિગણ હતા.

હવે હું અગિયારમા મનુના પુત્રને બતાવું છું- સર્વત્રગ, સુશર્મા, દેદ્માનીય, પુરૂ, ગુરુ-ક્ષત્ર વર્ણ, ઇઢષુ, આર્દ્રક છે. હવિષ્યમાન, હવિષ્ય, વરુણ, વિશ્વ, બિસ્તર, વિષ્ણુ અને અગ્નિતેજા આ સાત ઋષિ છે. વિહંગમ, કામગમ, નિર્માણ, રુચિ અને એકૈક રુચિ એમના ગણ છે. વૃષિ ઇન્દ્ર છે, દશગ્રીવ એનો શત્રુ છે. આ રીતે આમની વિશાળ પરંપરા છે.

હવે દક્ષ પુત્ર મનુના બાર પુત્રોનું શ્રવણ કરો- એમના નામ છે દેવવાન્, ઉપદેવ, દેવ, શ્રેષ્ઠ, બિહૂરથ, મિત્રવાહ, મિત્રદેવ, મિત્રવિન્દુ, વીર્યવાન, મિત્રવાહ, પ્રવાહ આ બધા દક્ષપુત્ર મનુના પુત્ર છે. તપસ્વી, સુતપા, તપોભૂર્તિ, તપોરતિ, તપીધૃત, દ્યુત અને અન્ય આ તપોધન સાત ઋઋષિ છે. સ્વધર્મા, સુતપા, હરિત, રોહિત તથા સુરારિ આ ગણ છે અને પ્રત્યેકની પાસે દક્ષ ગણ છે. ઋતધામા ભદ્ર ઇન્દ્ર છે અને એમની પાસે શત્રુતારક નામવાળો દૈત્ય છે. શંકર હરિ ભગવાને કાર્તિકેય થઈને એનું હનન કર્યું.

હવે તેરમા રોચ્ય મનુના પુત્રને જાણી લો. હું એમને અહીંયા બતાવું છું. એમના નામ ચિત્રસેન, વિચિત્ર, તપોધર્મ રત, ધૃતિ, સુનેત્ર ક્ષેત્ર વૃતિ છે. ધર્મપ, દૃઢ, ધૃતિમાન્, અવ્યય, નિશારૂપ, નિરુત્સુક નિર્માણ અને તત્ત્વદર્શી આ સાત ઋષિ બતાવવામાં આવ્યા છે. સ્વરોમાણ, સ્વર્ણમાણ, સ્વકર્મ્મણ દેવ ગણ છે. એમના તેંત્રીસ વિભેદ છે જે કે ત્યાં પર દેવોના ગણ હોય છે. એમના આરાધ્ય દેવસ્પતિ ઇન્દ્ર છે. એ ઇંદ્રના શત્રુ ઇષ્ઠિમ નામનો દાનવ છે. આ દાનવનું અમે માધવ મયૂરનું સ્વરૂપ ધારણ કરીને હનન કરીશું.

ચતુર્દશ મનુના પુત્રોના નામ આ છે- ઉરુ, ગભ્ભીર, ધૃષ્ટ, તપસ્વી, ગ્રાહ, અભિમાન, પ્રવીર, જિષ્ણુ, સ્કંદન, તેજસ્વી, દુર્લભ, અગ્નિધ્ર, અગ્નીબાહુ તથા માગધ, શુચિ, ર્જિત, મુક્ત અને શુક્ર તપોરવિ અને શ્રુત આ ચૌદમા મનુના સાત ઋષિ છે. ચાક્ષુસ કર્મનિષ્ઠ, પવિત્ર, ભ્રાંતિન અને બાચા આ પાંચ દેવોના ગણ છે જે કે સ્થાપક બતાવવામાં આવ્યા છે. એ દેવતાઓના ઇન્દ્રનું નામ શુચિ છે. એનો શત્રુ મહાદૈત્ય છે જેના હનન કરવાવાળા ખુદ ભગવાન હરિ એક જ દેવ છે. તે જ ચાર રૂપથી વિદ્યમાન છે. વ્યાસના રુપવાળા વિષ્ણુએ ફરી સમસ્ત પુરાણોની રચના કરી છે. અઢાર પુરાણ, ચાર વેદ, એ વેદોના છ અંગ શાસ્ત્ર મીમાંસા, ન્યાય શાસ્ત્રનો વિસ્તાર, પુરાણ, ધર્મ શાસ્ત્ર, આયુર્વેદ, અર્થશાસ્ત્ર, ધનુર્વેદ, ગાંધર્વ વેદ આ જ બધી અઢાર વિદ્યાઓ કહેવામાં આવે છે.

ગરુડજીએ પૂછ્યું કે હવે તમે પોતાના ધ્યાનનું મહત્ત્વ બતાવો. શ્રી હરિએ કહ્યું- હવે હું હરિના ધ્યા રૂપને તમને બતાવું છું, જે ધ્યાન આ માયા તંત્રનું વિચ્છેદન કરવાવાળું છે. હે ખગ! તે હરિનું ધ્યાન મૂર્ત ધ્યાન તેમજ અમૂર્ત ધ્યાન આ ભેદોથી બે પ્રકારનું હોય છે. ભાવ રૂપથી સ્મરણ કરવું અમૂર્ત ધ્યાન હોય છે. તે તો મેં તમને પહેલાં બતાવી દીધું છે. જ્યારે હું ભગવાન હરિ અર્થાત્ ખુદના મૂર્ત ધ્યાનને બતાવું છું. એનું શ્રવણ કરો. કરોડો સૂર્યોની સમાન પ્રકાશવાળા વિષ્ણુ અને હરિ ભ્રાજિષ્ણુ હોય છે. કુંદના ફૂલ અને ગાયના દૂધની સમાન ધવલ વર્ણવાળા હરિનું ધ્યાન મુક્તિની ઇચ્છા કરવાવાળાઓએ કરવું જોઈએ. હરિનું સ્વરૂપ વિશાળ તેમજ પરમ સૌમ્ય શંખથી સમન્વિત છે. ભગવાન હરિ સહસ્ત્રો સૂર્યોના તુલ્ય જ્વાળાઓની માળાઓથી ઉગ્ર રૂપવાળા ચક્રને ધારણ કરે છે. હરિનું સ્વરૂપ પરમ શાંત છે. એમનું દર્શન રૂપ પરમ શુભ છે અને ગદા હાથોમાં ધારણ કરેલા છે. રત્નોની આભાથી અતીત જાજ્વલ્યમાન મહાન કિમતી કિરીટથી સુશોભિત છે. વનમાળા ધારી શુભ્ર સમાન અંશોથી યુક્ત અને સુવર્ણથી ભૂષણોના શોભિત શ્રી હરિ જ રહે છે. પદ્માસન પર વિરાજમાન પરમ સુંદર વસ્ત્રોને ધારણ કરીને શુદ્ધ દેહવાળા અને સુંદર કાનોવાળા શ્રી હરિનું જ સ્વરૂપ છે.

શ્રી હરિનું સંપૂર્ણ શરીર હિરણ્યમય છે-સુંદર હારને કારણે તેઓ ગળાને શોભિત કરવાવાળા શુભ અંગદોને પહેરવાવાળા છે. અણિમા મહિમા વગેરે ગુણોથી યુક્ત તથા સૃષ્ટિના સંહાર કરવાવાળા છે. ભગવાનનું મૂર્તિ સ્વરૂપ મહામુનિઓ દ્વારા ધ્યાન કરવા યોગ્ય છે. તેઓ અસુરો દ્વારા પણ ધ્યાન કરવા યોગ્ય છે અને દેવો દ્વારા પણ ધ્યેય છે. શ્રી હરિનું મૂર્ત સ્વરૂપ સંતાપોનો નાશ કરવાવાળું છે. તેઓ શરણાગતની રક્ષા કરવાવાળા, સુખ કરવાવાળઆ સૌમ્ય સ્વરૂપથી યુક્ત અને મહાન ઈશ્વર છે.

ભગવાન નારાયણ બધા લોકોના હિત સંપાદન કરવાવાળા- બધાના સ્વામી, બધાના સુખકર પ્રિય સૂર્યમંડળમાં સ્થિત, અગ્નિમાં સ્થિત અને જળમાં વિરાજમાન છે. વાસુદેવ પ્રભુ સંપૂર્ણ જગતનું ધ્યાન રાખવાવાળા, બધાના ધ્યાન કરવા યોગ્ય મુક્તિની ઇચ્છા કરવાવાળાના વિષ્ણુ છે. હું જ વાસુદેવ હરિ છું, આ પ્રકારથી હરિનું આત્મરૂપથી ધ્યાન કરવું જોઈએ. જે લોકો આ ઉક્ત સ્વરૂપવાળા વિષ્ણુ ભગવાનનું આ રીતિથી ધ્યાન કર્યા કરે છે તેઓ પરમોત્તમ ગતિને પ્રાપ્ત થાય છે. યાજ્ઞવલ્ક્ય મુનિએ પહેલાં આ પ્રકારથી સુરેશ્વર વિષ્ણુનું ધ્યાન કર્યું હતું, તેથી ધર્મોના ઉપદેશ કરીને પરમ પદને પ્રાપ્ત થયા હતા. હે શંકર! જે મારા આ બનાવેલા ભગવાન વિષ્ણુનું ધ્યાન પઠન કર્યા કરે છે તે પણ પરમોત્તમ ગતિને પ્રાપ્ત કરી લે છે.

એના ઉપરાંત શ્રી સૂતજીએ કહ્યું- જે ધ્રુવ અર્થાત્ પરમ નિશ્ચિત પદાર્થોનો, વિષયોનો ત્યાગ કરીને અધ્રુવોનું સેવન કરે છે એ પુરુષના ત્યાગ કરી દેવાથી ધ્રુવ પણ નષ્ટ થઈ જાય છે અને જે અધ્રુવ છે તે તો ખુદ જ નષ્ટ બહુધા થાય છે. બોલવાના અંગથી કે શક્તિથી હીન પુરુષની વિદ્યા એ જ પ્રકારની હોય છે, જેમ કે કોઈ કાયર પુરુષના હાથમાં આપવામાં આવેલું શસ્ત્ર બેકાર થાય છે. જે રીતે જોવા યોગ્ય સ્ત્રી પણ કોઈ નેત્રાંધની તૃષ્ટિ નથી કરતી. ભોજનથી યોગ્ય પદાર્થોનું હોવું એ ભોજ્ય પદાર્થોના ભોજન કરવાની શક્તિનું રહેવું અર્થાત્ ખાવા તથા પાચનની શક્તિને મેળવવી, રમણીની સાથે રતિ ક્રિયા કરવાની શક્તિ, શ્રેષ્ઠ વરાંગનાનું મેળવવું, વૈભવનું મેળવવું અને દાન કરવાની શક્તિનું હૃદય વિદ્યમાન રહેવું આ છ વાતોને આ સંસારમાં પ્રાપ્ત કરવી અર્થાત્ આ બધી વાતો ઘણી તપશ્ચર્યાથી જ પ્રાપ્ત થયા કરે છે. વેદોના ફળ અગ્નિહોત્ર થાય છે. શુભનું ફળ શીલ વૃત્તિનું થાય છે. દારાનું ફળ એ જ હોય છે કે તે રતિ ક્રીડામાં પુત્ર સમુત્પન્ન કરે અને ધનનું ફળ હોય છે કે દાન આપે અને એનો પૂર્ણ ઉપયોગ કરે. પ્રાજ્ઞ પુરુષને જોઈએ કે એવી કન્યાની સાથે વિવાહ સંબંધ કરે જે કોઈ સારા કુળમાં ઉત્પન્ન થઈ હોય ભલે તે વિશેષ રૂપ-લાવણ્યથી હીન પણ હોય. એ અર્થથી પણ શું લાંભ છે જેની સંગતિ અનર્થમાં થાય છે. કોઈ શક્તિ છે કે સર્પની શિખાથી ઉત્પન્ન મણિને ગ્રહણ કરે. દુષ્ટ કુળથી પણ ગુણોનું ગ્રહણ કરી લેવું જોઈએ અને બાળકના મુખથી નિકળેલા સુભાષિતને પ્રાપ્ત કરી લે, અપવિત્ર સ્થાનમાં પણ પડેલા સુવર્ણને લઈ લે તથા સ્ત્રી રત્નને દુષ્કુળથી પણ ગ્રહણ કરી લેવું જોઈએ.

મનુષ્યને જોઈએ કે તે કુળને ભક્તમાં નિયોજિત કરે-પુત્રને વિદ્યામાં નિયોજિત કરે- શત્રુને વ્યસનમાં નિયોજિત કરે અને ઇષ્ટને ધર્મમાં નિયોજિત કરે. નોકરો અને આભરણોને યોગ્ય રૂપોમાં અર્થાત્ સમુચિત સ્થાનોમાં જ પ્રયુક્ત કરવા જોઈએ. પુષ્પોના સ્તવક (ગુચ્છ)ની જેમ મનસ્વીની બે ગતિ થયા કરે છે કાં તો સમસ્ત લોકોના મસ્તક પર આ રહે છે અથવા શૌર્યથી પતિત થઈને જીવનમાં જ પતિત થઈ જાય છે. કાનના ભૂષણથી સંગ્રહણ કરવા યોગ્ય મણિ જો પગમાં બાંધી દેવામાં આવે છે તો શું મણિ ત્યાં શોભા નથી આપ્યા કરતું. પ્રત્યુત ત્યાં તો એના યોજિત કરવાવાળાની જ બુરાઈ થાય છે.

મસ્તક પર ધારણ કરવાવાળા આભૂષમ પગમાં ધારણ કરવા પર શોભા નથી આપતું. ચૂડામણિને જો કોઈ પગમાં ધારણ કરે તો એનાથી એની શોભામાં ફરક નથી પડતો. પરંતુ ધારણ કરવાવાળાની મૂર્ખતાને પ્રગટ કરે છે.

બીજાનો અપકાર કરવામાં ક્યારેય ચિંતન ના કરવું જોઈએ. ધનના પ્રયોગ કરવાના કાર્યો, વિદ્યાના આગમ કાર્યો, આહાર અને વ્યવહારમાં મનુષ્યને હંમેશાં લજ્જાને ત્યાગી દેવાવાળા રહેવું જોઈએ. જે સ્થાન પર ધન સંપન્ન પુરુષ શ્રોત્રિય રાજા, નદી પર કે જ્યાં વૈદ્ય ના હોય, ત્યાં ક્યારેય ના રહેવું જોઈએ. લોક, યાત્રા, ભય, લજ્જા, દક્ષિણા અને દાન શીલતા આ પાંચ જ્યાં પર વિદ્યમાન ના હોય ત્યાં પર તો એક દિવસ પણ રહેવું ના જોઈએ. સમયનો જ્ઞાતા જ્યોતિષી, શ્રોત્રિય, રાજા, નદી અને સાધુ આ પાંચ જે સ્થાન પર ના હોય ત્યાં ના રહેવું જોઈએ.

હૈ શોનક ! બધી વાતો બધા પુરુષ નથી જાણ્યા કરતા કેમ કે સર્વજ્ઞ કોઈ નથી. એ પણ સત્ય છે કે બધી મુરખ નથી હોતા, જેમને ઉત્તમ, મધ્યમ અને નીચનું જ્ઞાન થાય છે અર્થાત્ વિવિક બુદ્ધિથી યોગ્ય અને અયોગ્યનો નિર્ણય કરી શકે છે તે જ વિદ્વાન હોય છે.

રાજાને સર્વદા ગુણવાનનો જ આદર કરવો યોગ્ય છે. સત્-અસત્ની વિવેક-બુદ્ધિ રાખવાવાળા પંડિતમાં બધા ગુણ થયા કરે છે અને મૂરખમાં ફક્ત દોષ જ રહે છે. મનુષ્ય નિરંતર સત્યપુરુષોની સાથે સંગતિ કરે અને સત્પુરુષોની સાતે ઉઠક-બેઠક રાખે. સત્પુરુષોની સાથે વિવાદ અને મૈત્રી પણ કરવી જોઈએ. પંડિત, વૃંદ, વિનીતજન, ધર્મના જાણકાર અને સત્યવાદી પુરુષોની સાથે બંધનમાં સ્થિત થઈને પણ અવ્યસ્થિત રહે અને ખલોની સાથે કોઈ પણ રાજ્યમાં ક્યારેય ના રહેવું જોઈએ. કેમ કે ખલ સંગનું પરિણામ હંમેશાં ખબાર જ હોય છે. આ કારણથી સમસ્ત વિશેષ રૂપથી કરીને પણ મનુષ્યો અર્થોથી યુક્ત થયા કરે છે. આ કારણથી સમસ્ત કાર્યોને વિશેષ રૂપ જ કરવું જોઈએ. મનુષ્યને જોઈએકે રાષ્ટ્રનથી કરોના સ્વરૂપમાં આ પ્રકારથી ધનનો સંચય કરે જે એના સ્વરૂપને કોઈ દોષ ન લાગે અને તે જેમને તેમ સુંદર કુસુમની જેમ સુખી સુશોભિત બનેલું રહે. ગૌતી ક્ષરની આ રીતે દોહન રાજાને કરવુ જોઈએ. ઝાડ પર મધુનીજાળ અને શુક્લ પક્ષમાં ચન્દ્રમા તથા રાજાનું દ્રવ્ય થોડું-થોડું કરીને જ વધારી શકો છો.

પરમ પ્રશસ્ત કર્મમાં પ્રવૃત્તિ રાખે છે એવા નિવૃત્તિ ભાવવાળા પુરુષ માટે ગૃહ જ તપોવનના તુલ્ય હોય છે. રાગથી નિવૃત્તિ અને સત્કર્મ જ સાચ્ચા પુરુષના મુખ્ય લક્ષણ છે. સત્યથી ધર્મની રક્ષા કરવામાં આવે છે અને યોગથી વિદ્યાની સુરક્ષા થાય છે. ભાગ્યનો નાશ થવાથી જ સંપદાઓનો ક્ષય થયો કરે છે, ઉપભોગ કરવાથી ક્યારેય પણ સંપત્તિનો નાશ નથી થતો. વિપ્રોના ભૂષણ ફક્ત વિદ્યા, પૃથ્વીનું ભૂષણ નૃપ, આકાશનુ આભૂષણ ચંદ્રમા છે અને શીલ બધાનું ભૂષણ છે. ચંદ્રમાની સમાન સંદર બધા પાંડવ-ભીમસેન અને અર્જુન વગેરે અત્યાધિક શૂરવીર, સત્ય પ્રતિજ્ઞાવાળા, દિનકરના શરીરવાળા અને સાક્ષાત્ કેશવ ભગવાનથી રક્ષિત પણ પરંતુ દુષ્ટ ગ્રહોના ફેરમાં અવસ્થિત થઈને જંગલોમાં ભટકી ગયા અને પરવશતામાં સ્થિત થઈ ગયા હતા, ભિક્ષા વૃત્તિ પણ એમને કરવી પડી હતી. આથી એ જાણ થાય છે કે ભાગ્યના બદલવામાં કોઈ સમર્થ નથી હોઈ શકતું. આ કર્મોની રેખા વિધિના

વશમાં સારા-સારાને પણ ભ્રમિત કરી કર્યા કરે છે. ભાગ્ય સર્વોપરિ અને સૌથી પ્રબળ હોય છે. એની આગળ કોઈને પણ વશ નથી ચાલતો-આ પરમ સિદ્ધાંત છે.

જે કર્મએ બ્રહ્માને એક કુંભારની જેમ નિયમિત કરી દીધા છે, જે કર્મએ વિષ્ણુને પણ અવતારણ ધારણ કરીને જંગલમાં મહાન સંકટમાં નાખી દીધા છે, જે કર્મએ મહાન દેવ રૃદ્રને પણ ભિક્ષુક બનાવી દીધા છે અને જે કર્મ વશમાં સૂર્ય દેવ નિત્ય-પ્રતિ આકાશમાં ભ્રમણ કર્યા કરે છે એ પરમ પ્રબળ કર્મ માટે અમારા વારંવાર નમસ્કાર છે. રાજા બલિની સમાન મહાન શ્રેષ્ઠ દાન આપવાવાળા શાક્ષાત્ વિષ્ણુ વામન રૃપ ધારણ કરવાવાળા યાચક-ભૂમિ જેવા પરસોત્ત્મદાન, પરંતુ વિપ્રના મુખમાં ફળ આપીને પણ રાજા બલિને યએના પરિણામમાં બંધનને પ્રાપ્ત કર્યા હતા. હે દેવ! યથેષ્ઠ પળ આપવાવાળા તમારા માટે અમારા નમસ્કાર છે. જો માતા સાક્ષાત્ ખુદ મહાલક્ષ્મી હોય અને પિતા સાક્ષાત્ ભગવાન જનાર્દન હોય તો તો પણ જો ખરાબ બુદ્ધિ હોય કાં તો એને હંમેશાં દંડ ધારણ કરવો જ પડે છે. જેણે-જેણે જેવું જે પહેલાં કર્મ કર્યું છે તો એ તો નિશ્ચિત છે કે તે એવું જ ખુદ પોતાના પુણ્ય કે પાપ કૃત કર્મનું ફળ અવશ્ય ભોગવું પડે છે. એનાથી બચાવ ક્યાંય પણ નથી થઈ શકતો. જેનું દુર્ગ ત્રિકુટ હતું અને એ રાક્ષસ મહાબલીની પાસે યુદ્ધ કરવાવાળા યોદ્ધા અને સેવક હતા છતાં પણ એને કષ્ટ સહન કરવું પડ્યું અસુર ગુરુ ઉશના દ્વારા જેણે સંપૂર્ણ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો તે રાક્ષસ રાજા રાવણ પણ કાળના વશમાં આવીને નષ્ટ થઈ ગયો.

બાળક, યુવાન અને વૃદ્ધ જે પણ શુભ-અશુભ કર્મ કરે છે, એમનું ફળ જન્મ-જન્માંતર સુધી ભોગવે છે. કર્મનું મળ ન મળે, એ શક્ય જ નથી થઈ શકતું.

જે પ્રાપ્ત થવાના યોગ્ય અર્થ હોય છે એને મનુષ્ય અવશ્ય જ પ્રાપ્ત કરી લે છે, કેમ કે લલાટમાં લખેલા લેખાને કોઈ પણ બદલી નથી શકતું. બીજાઓની પ્રદાન થયેલી વિદ્યા ક્યારેય પણ ઓછી નથી થતી પ્રત્યુત તે બીજાઓના દેન પર વધારે વધે છે. કૂપમાં રહેવાવાળા પાણીની જમ તે સ્થાયી હોય છે. જે અર્થ ધર્મના દ્વારા ગૃહીત થાય છે તે જ સત્ય થયા કરે છે અને ધર્મપૂર્વક પ્રાપ્ત કરવામાં આવેલી શ્રી જ વાસ્તવિક શ્રી છે. આ લોકમાં ધર્મને માનવાવાળા પુરુષ મહાન હોય છે. તેથી અર્થને કારણે જ એનું સ્મરણ રાખળું જોઈએ. અન્નના ચાહવાવાળા પુરુષ અત્યંત કૃપણ હોય છે. તે જે દુખોને ભોગવે છે એ જ દુખોને જો ધર્મને માનવાવાળા મેળવે તો પછી કોઈ પણ ક્લેશનું તે પાત્ર નથી જ થઈ શકતો. પરંતુ એ ધ્યાન રાખવું જોઈએ કે પ્રયત્ન કરવા પર પણ મંત્ર, બળ, વીર્ય, પ્રજ્ઞા અને પૌરુષથી મનુષ્ય અલભ્ય પદાર્થોને પ્રાપ્ત નથી કર્યા કરતા. આથી આ અપ્રાપ્તિના વિષયમાં થોડું પણ દુઃખ ના માનવું જોઈએ, જેની મેં ક્યારેય યાચના નથી કરી હતી એને મેં પ્રાપ્ત કરી લીધું હતું અન મારો માકલેલો તો ફરીથી મારાથી ચાલ્યો ગયો. જ્યાંથી તે આવ્યો હતો ત્યાં જ પર ચાલ્યો ગયો અર્થાત જે પ્રદાતાએ મને આપ્યો હતો, એણે જ એને પનુથ લઈ લીધો છે તે એના માટે દુખ માનવાની કોઈ જરૃર જ ના હોવી જોઈએ. એક જ વૃક્ષ પર રાત્રિના સમયમાં અહીં-તહીંથી અનેક પક્ષીએનો સમાગમ જો જાયા કરે છે. પ્રાતઃકાળ થવા પર તેઓ બધા જે એક સાથે રહ્યાં હતા. વિભિન્ન દિશામાં ઉડીને ચાલ્યા ગયા કરે છે તો એના માટે કંઈ પણ પરિવેદના ના કરવી જોઈએ. તાત્પર્ય

એ છે કે આ સાંસારિક સંયોગ પિતા, પુત્ર અન ભાઈ, ભત્રીજા વગેરેનું પણ એવું જ છે. કોઈ એક જ સ્વાર્થના સંપાદન કરવા માટે પ્રયાણ કરવાવાળા બધામાં જે કરી રહ્યાં છે, એમાં કોઈ કરી રહ્યાં છે. એમનામાં કોઈ જલ્દીથી ચાલીને આગળ નિકળી ગયા કરે છે તો એમાં શું દુઃખની વાત છે. સંસ્રામાં પણ આ જ આગળ પાછળ સંસાર ત્યાગ કરવાનો ક્રમ રહ્યાં કરે છે. હે શૌનક! જેનો સમય નથી આવ્યો તે નથી મરતો, નહીંતર એક કુશાના અગ્રભાગથી પણ મરી જાય છે અને કોઈ ઉપોયથી તે જીવિત નથી રહ્યાં કરતો. મૃત્યુનો એક નિયત સમય હોય છે. બાકી બધું તો ફક્ત નિમિત્ત માત્ર જ હોય છે. જે પ્રાપ્ત કરવાવાળા હોય છે એને જ માનવ પ્રાપ્ત કર્યા કરે છે. જે એના પ્રાપ્ત થવા યોગ્ય ભાગ્યમાં બંધાયેલ છે એ જ પદાર્થો માનવ પ્રાપ્ત કર્યા કરે છે. દુઃખ અને સુખ પણ એ જ પ્રકારથી થયા કરે છે.

ભાગ્ય અનુસાર જ પ્રાપ્તિ થયા કરે છે તેથી કોઈના માટે પણ પ્રલાપ કરવો વ્યર્થ છે. પૂર્વના કરમના પળ જ યોગ્ય સમય. પર પ્રાપ્ત થાય છે. પૂર્વ જન્મ તપશ્ચર્યા જ સમય આવવા પર ફળવતી થાય છે. ભાગ્યોદયમાં કુળ, શીલ, વિદ્યા, જ્ઞાન, ગુણ અને બિજ-શુદ્ધિ મદદરૂપ થઈ શખે છે પણ એનું કારણ નથી બની શકતા. જે રીતે ગાયોના સેંકડો સમુદાયમાં વાછરડું પોતાની માતાની પાસે પહોંચી જાય. છે એ જ પ્રકારે પૂર્વ જન્મના કરેલા શુભાશુભ કર્મ પોતાની કર્તા પાસે પહોંચી જાય છે અને તે અનુસાર જ ફળ આપે છે.

હે દ્વિજ! જે પુરુષ રાગ અને દ્વેષથી યુક્ત હૌય છે એમને ક્યારેય સુખ પણ પ્રાપ્ત નથી થતું. વિચાર કરીને હું સારી રીતે જોઈ રહ્યો છું કે સુખ વસ્તુતઃ ત્યાં જ પર હોય છે જયાં નિવૃત્તિ હોય છે જ્યાં સ્નેહ હોય છે. દુઃખોનું મૂળ સ્નેહ હોય છે તથી એના સ્નેહના ત્યાગ કરી દેવા પર મહાન સુખ થઈ જાય છે. આ શરીર જ દુઃખ અને સુખનું આયતન હોય છે. જીવિત અને શરીર જાતિની સાથે જ ઉત્પન્ન થાય છે. બીજાના અધીન કંઈપણ રહેવું દુઃખ હોય છે અને બધાને પોતાના અધીનતામાં રહેવાનું સુખ હોય છે. સંક્ષેપ સ્વરૂપથી સુખ અને દુઃખ એક ચક્રની જેમ પરિવર્તિત થયા કરે છે. અર્થાત્ સુખ પછી દુખ અને દુખ પછી સુખ આવ્યા જ કરે છે. સુખના અનંતર દુઃખ અને દુઃખના અનંતર સુખ આવે છે. ચક્રનું પરિવર્તન પણ આ રીતે નીચેથી ઉપર અને નીચેથી ઉપર થયા કરે છે. જે થઈ ગયું તે અતિક્રાંત છે. જે થવાવાળું છે તે દૂર છે. જે વર્તમાનથી વર્તે છે તે શોકથી બાધિત નથી થતાં.

શ્રી સૂતજીએ કહ્યું- આ સંસારમાં કોઈપણ કોઈનો મિત્ર નથી અને કોઈ કોઈનો શત્રુ નથી. અહીંયા પર તો કામના વશ થઈને જ મિત્ર કે શત્રુ બનાવ્યા કરે છે. શોકથી ત્રાણ કરવાવાળા, ભયથી સુરક્ષાના સંપાદક તથા વિશ્વાસનું પાત્ર મિત્ર આ બે અક્ષરોવાળા ઉત્તમ રત્ન કોઈને સૃજિત કરે છે. જેણે ફક્ત એક જ વાર પરમ પ્રીતિ તેમજ ભક્તિ ભાવથી, 'હરિ' - આ ભગવાનના બે અક્ષરનું પુનીતનામનું ઉચ્ચારણ કર્યું છે, એણે મોક્ષની પ્રાપ્તિને ગમન કરવા માટે પોતાના પરિકરને બદ્ધ કરી લીધા છે. સ્વભાવથી સમુત્પન્ન મિત્રમાં મનુષ્યના જેવો પરમ સંતુષ્ટ વિશ્વાસ હોય છે, એવો જ વિશ્વાસ પોતાની માતા, પત્ની, સહોદર ભાઈ અને પુત્રમાં પણ નથી થયા કરતા. જો સર્વદા પરિત્યાગ બની રહેવાવાળી પ્રીતિને સ્થીર રાખવાની ઇચ્છઆ છે તો ત્યાં પર ત્રણ દોષોનો સર્વથા ત્યાગ કરી દેવો જોઈએ, દ્યૂત ક્રીડા કરવી, ધનના લેવા-દેવાનો પ્રયોગ અને પરોક્ષમાં સ્રીઓને જોવી અથવા એમનાથી સંભાષણ કરવાના કામ,

પોતાની માતા, બહેન, પુત્રી એમની સીથે એક આસન પર ક્યારેય નિવાસ ના કરવા જોઈએ કેમ કે ઇન્દ્રિયોનો સમુદાય અત્યંત બળવાન હોય છે અને આ મહાન વિદ્વાનને પણ આકર્ષિત કરી લે છે અર્થાત્ મહાન પાપ કર્મ કરવાની તરફ ખેંચી લીધા કરે છે. પોતાના અધીન રહેવાવાળાઓમાં વિપરીત રતિવાળા કામ નથી થતા. જ્યાં અપાય બંધ દંડ છે એવા જ અનુવર્તન છે.

હે શૌનક! એક તો ક્ષણ માત્રનો સમય નથી મળી શકતો, બીજું, એકાંત સ્થળનું મળવું મુશ્કેલ હોય, ત્રીજું, પ્રાર્થના કરવાવાળો પુરુષ ન મળે તો જ સ્ત્રીના સતીત્વની રક્ષા થઈ જાય છે. નહીંતર જો આ ત્રણેય વાતો સુલભ થઈ શકતી હોય તો પછી નારીઓનું સતીત્વ બચી શકવું મહા મુશ્કેલ જ હોય છે. એક પુરુષ તો તે નિત્ય પ્રતિ સેવન કર્યા કરે છે. તો પણ એના ચિત્તમાં અન્ય પુરુષનું સેવન કરવાની રુચી બની રહ્યાં કરે છે. પુરુષોની પ્રાપ્તિ ન થવાથી જ નારી પતિવ્રતા રહ્યાં કરે છે. માતા મદનથી આતુર જે કર્મકલાપોને રહસ્યમાં કર્યા કરે છે, પુત્રને એના પર ચિંતન ના કરવું જોઈએ કેમ કે તે શીલની વિપ્રતિપત્તિ કરવાવાળા હોય છે. નિદ્રા પરાધીન હોય છે. હૃદયના કૃત્યોનું અનુસરણ હંમેશાં એવા હાસ્ય શોકથી પણ રહિત હોય છે. સંસારમાં ગણિકાનું જીવન એવું હોય છે કે એનું શરીર પૈસાને પ્રાપ્ત કરવા માટે હંમેશાં નિરત રહે છે અને વિજ્ઞજનો દ્વારા એના ગળા હંમેશાં વિદારિત રહ્યાં કરે છે. તે ખુબ જ ઉત્કંઠાને સંતૃપ્તની વૃત્તિવાળી અને ઘણાં લોકોની ઇચ્છઆ પૂર્ણ કરવાવાળી માનવામાં આવી છે. અગ્નિ, બળ, સ્ત્રીગણ, સર્પ અને રાજકુળ આ નિત્ય પરોપસેવ્ય અર્થાત્ બીજાઓના સેવાન કરવા યોગ્ય હોય છે અને આ છ સદ્યઃ પ્રાણોને હરણ કરવાવાળા પણ છે. એમાં કઈ એવી આશ્ચર્યની વાત છે કે જો શબ્દ શાસ્ત્રમાં કુશળ પ્રિય પંડિત હોય છે. આ પણ કોઈ વિચિત્ર વાત નથી કે દંડ નીતિમાં કુશળ વિપ્ર ધાર્મિક હોય. એમાં પણ વિચિત્રતા નથી કે રૂપ-લાવણ્યથી સંપન્ન સ્ત્રી સાધ્વી ન રહે અને એ પણ કંઈ અદ્ભુત વાત નથી કે કોઈ નિર્ધન પુરુષ ક્યારેય કોઈ પાપ કર્મ નથી કરતો.

વનમાં કોઈ એક વૃક્ષ હોય જે સુગંદ યુક્ત પુષ્પોથી પરિપૂર્ણ હોય તો એ એક સુવૃક્ષથી જ સંપૂર્ણ વન સુવાસિત થઈ જાય છે, જેમ એક સુપુત્રથી સંપૂર્ણ કુળ પ્રખ્યાત થઈ જાય છે. ગુણોથી સંપન્ન એક જ પુત્ર સૌથી શ્રેષ્ઠ ગુણ હીન સેંકટો પુત્રોથી શું લાભ છે જેમ કે એકલા ચંદ્રમા અંધકારને નષ્ટ કરી દે છે પણ તારાગણ સહસ્ત્રાધિક રહીને પણ અંધકારને નષ્ટ કરવાની ક્ષમતા નથી રાખતા. પુત્રનું લાલન પાંચ વર્ષની અવસ્થા સુધી કરવું જોઈએ. એના પછી એને થોડા સારા-ખરાબનું ભાન થઈ જાય છે. છ વર્ષથી દસ-પંદર વર્ષ સુધી દાંટ-ફટકારથી એને સુમાર્ગ પર લાવો. જ્યારે સોળમાં વર્ષમાં પદાર્પણ કરે તો ફરી એની સાથે એક મિત્રની જેમ વ્યવહાર કરો. પુત્ર જ્યારે મોટો થઈ જાય છે, ધનનું હરણ કર્યા કરે છે. જો પુત્ર પિતાની સામે જ મૃત્યુને પ્રાપ્ત થઈ જાય છે, ત્યારે પિતાને મહાન વેદના થાય છે, જાણે એના પ્રાણ નિકળી ગયા હોય એમ. એવા પુત્રની સમાન અન્ય કોઈ શત્રુ નથી કે જેના માટે લોકો અત્યંત લાલાયિત રહે છે. કેટલાક વાઘ મૃગના તુલ્ય મુખવાળા હોય છે એના યથાર્થ સ્વરૂપના પરિજ્ઞાન પ્રાપ્ત કરવામાં પદ-પદ પર અવિશ્વાસ થયા કરે છે. ક્ષમા ધારણ કરવાવાળા પુરુષને બધા પ્રકારથી સારા માને છે પરંતુ એનામાં એક જ મોટો ભારે દોષ હોય છે કે ક્ષમાથી યુક્ત પુરુષ હોય છે. એને લોકો શક્તિથી હીન સમજવા લાગે છે. એ જ માનવામાં આવે છે કે સાંસારિક ભોગ ક્ષણભંગુર હોય છે. તો પણ સ્નિગ્ધોમાં વિદગ્ધ પુરુષની વૃદ્ધિ અનાકુળ હોય છે.

હે શૌનક! પિતાના મૃત થઈ જવા પર જ્યેષ્ઠ ભાઈ પિતાના જ તુલ્ય હોય છે. તે બધાનું અનુપાલન કરવાવાળો હોય છે અને આથી પિતાના જ તુલ્ય હોય છે. જે પણ એનાથી નાના હોય છે એ બધાની સાથે એનો વ્યવહાર સમાન હોય છે. જે પ્રકારેથી તુલ્ય ઉપભોગ કરવાવાળા અને જીવન વિતાવવાવાળા પુત્રોમાં થયા કરે છે. અત્યંત શક્તિવાળા પણ જો વધારે એકત્ર થઈને એક સમુદાયમાં સંઘટિત થઈ જાય છે, તો મહાન દારુણ શક્તિશાળી થઈ જાય છે. જેમ કે એક-એક તણખલાંથી બનેલી, મોટી દોરડી એટલી મજબુત થઈ જાય છે કે એમાં પછી હાથી જેવા મહાન બળવાન પશુને પણ બાંધી લેવાની શક્તિ થઈ જાય છે. બીજાના ધનનું અપહરણ કરીને જે પરી એનું દાન કર્યા કરે છે એનું દાન આપવાવાળો પુરુષ નરકનો ગામી થાય છે અને હકીકતમાં એ દાનનું દાન એ જ ફળ પણ હોય છે. દેવોત્તર સંપત્તિનું અપહરણ કે વિનાશ કરવાથી બ્રાહ્મણનું ધન અપહરણ કરવાથી અને બ્રાહ્મણોનું અતિક્રમણ કરવાથી કુળોની અકુળતા થઈ જાય છે એટલે કે સમસ્ત કુળોનો નાશ થઈ જાય છે. બ્રાહ્મણનું હનન કરવાવાળા, સુરાના પાન કરવાવાળા, ચોરી કરવાવાળા, અને વ્રતને ભંગ કરવાવાળા પુરુષની સત્પુરુષોની નિષ્કૃતિ એટલે કે પ્રાયશ્ચિત બતાવવામાં આવ્યું છે પરંતુ જે કૃતઘ્ન હબોય છે એનું કોઈ પણ પ્રાયશ્ચિત નથી થતું. કરેલા ઉપકારને ન માનવાવાળા પુરુષને કૃતઘ્ન કહેવામાં આવે છે. ક્ષુદ્ર અને વૃષલી (અદ્રા)ના સ્વામીના અહીંયા દેવગણ અને પિતરગણ ભોજન નથી કર્યા કરતા. જે પત્ની દ્વારા જીતેલો હોય અર્થા પત્નીનો જ જેના પર પૂ્ર્ણ પ્રભાવ હોય અને જેની પત્ની કોઈ ઉપપતિ ઘરમાં રહે છે એને ત્યાં પણ દેવપિતર અસંતુષ્ટ થઈને ભોજન નથી કર્યા કરતા.

આ ચાર પુરુષ સ્વભાવ અને કર્મને કારણે જ ચાંડાલ થયા કરે છે. આ તે જે કરેલા ઉપકારને માન્યા નથી કરતા. બીજા તે જે અનાર્ય હોય છે. ત્રીજા તે જેમાં ખૂબ લાંબા સમય સુધી રોષ વિદ્યમાન રહે છે. અને ચોથા તે જે હંમેશાં કુટિલ વૃત્તિવાળા હોય છે. પાંચમા ચાંડાલ તો તે છે જે એ ચાંડાલ જાતિથી સમુત્પન્ન થાય છે. દૃષ્ટ બુદ્ધિવાળા સાધારણ શત્રુ પણ આ ભાવનાથી કે તે સામાન્ય શત્રુ આપણું શું બગાડી શકે છે ક્યારે પણ ઉપેક્ષા કરવાના યોગ્ય નથી હોતા. અગ્નીના નાના એવા કણની પણ ઉપેક્ષા નથી કરતો અર્થાત્ એ સામાન્ એવી અગ્નીમાં પણ બધું જ સળગાવીને રાખ બનાવી દેવાની ક્ષમતા વિદ્યમાન રહ્યા કરે છે. નવી ઉઠેલી અવસ્થામાં જેનાથી સ્વાભાવિક રૂપથી ક્યારેય અશાંતિ થયા જ નથી કરતી જે પુરુષ શાંતિથી યુક્ત રહે છે તે જ વાસ્તવમાં શાંત પ્રકૃતિ વાળો પુરુષ હોય છે એવો મારો વિચાર છે. જ્યારે ઉંમર ઢળી જાય છે તો સંપૂર્ણ શરીરની ધાતુ ક્ષીણ થઈ જાય છે. એમાં તો બધાને શાંતિ આવી જાય છે. કેમ કે કોઈ પણ પ્રકારની શક્તિ રહ્યા જ નથી કરતી. હે વિપેન્દ્ર! જે રીતે માર્ગોમાં બધાના ચાલવાનો અધિકાર હોય છે એવી જ રીતે શ્રીને ભોગવાનો પણ બધાને હકહોય છે. આ શરીર ધાતુઓના વશમાં રહેવાવાળું અને ચિત્તના અધાન જ થયા કરે છે. જ્યારે ચિત્ત જ નષ્ટ થઈ જાય છે તો સંપૂર્ણ ધાતુઓ પણ નાશને પ્રાપ્ત થાય છે. આ ચિત્તની હંમેશાં રક્ષા કરવી જોઈએ. જ્યારે ચિત્ત સ્વસ્થ રહે છે તો ધાતુઓ પણ શરીરમાં ઉત્પન્ન થઈને સબળ તેમજ સમર્થ થાય છે.

સૂતજીએ કહ્યું- દુષ્ટ સ્વભાવની પત્ની અને કુત્સિત મિત્ર તથા ખરાબ રાજા તેમજ કુપુત્ર, ખરાબ કન્યા અને ખરાબ દેશને દૂરથી જ ત્યાગી દેવા જોઈએ.

હવે વર્તમાન કળિયુગનો પ્રભાવ બતાવે છે- આ યુગ એવો છે કે એમાં ધર્મ તો એવો ચાલ્યો ગયો છે કે ક્યાંય પણ નામ નજરે જ નથી પડતું, તપ પણ આ સમયમાં નષ્ટ થઈ ગયું છે એટલે કે તપસ્યા કોને કહે છે , એ પણ કોઈ નથી જાણતું. સત્ય તો નામ માત્રને પણ કળિયુગમાં ક્યાંય છે જ નહીં. સત્યતા કોઈ વસ્તુ છે એની સત્તા તેમજ મહત્તાને કોઈ નથી જાણતું જ નથી. સમસ્ત ભૂમિનો ભોગ એવો છે કે એમાં જેવી ઉપજ હોવી જોઈએ તે ક્યાંય પણ નથી હોતી. મનુષ્ય બહુધા બધા કપટનો વ્યવહાર રાખવાવાળો છે. જે બ્રાહ્મણ લોકો છે તે ખૂબ જ વધારે બતબના થઈ ગયા છે અર્થાત્ ચંચળતાથી પૂર્ણ છે. કળિયુગમાં મનુષ્ય સ્ત્રીઓના વશમાં રહ્યાં કરે છે. સ્ત્રીઓ વધારે ચંચળ છે. નીચ જાતિના મનુષ્ય ઉન્નતિશીલ થઈ ગયા છે. તેઓ મનુષ્ય પરમ ધન્ય તેમજ ભાગ્યશાળી છે જે પોતાની જીવન લાલી સમાપ્ત કરીને મરી ગયા છે. આ કળિયુગના સમયમાં એ મૃત્યુને પ્રાપ્ત થવાવાળા દેશના ટુકડાઓમાં વહેંચાઈ જવાવાળી ભંગતાને જોઈ રહે છે અને ના કુળોને ક્ષયને જ જુએ છે. બીજાઓમાં પોતાના ચિત્તને રમાડવાવાળી દારાઓને અને ખરાબ વ્યસનોમાં ફસાયેલા પુત્રોને પણ તેઓ મરી જવાને કારણે નથી જોઈ રહ્યાં. કુપુત્રમાં નિવૃત્તિ નથી હોતી અને જે કુપત્ની છે એમાં રતિ પણ કેવી રીતે થઈ શકે છે? કુમિત્રમાં વિશ્વાસ નથી હોતો અને ખરાબ રાજ્યમાં જીવન કેવી રીતે રહી શકે છે? બીજાનું અન્ન, બીજાનું ધન, બીજાની પથારી, બીજાની સ્ત્રી, બીજાના ઘરમાં નિવાસ આ ઇન્દ્રની પણ શ્રીનું હરણ કરવાવાળા કાર્ય હોય છે. વાતચીતથી, શરીર સ્પર્શથી, સંગતિથી, સાથે ભોજનથી, સાથે શયનથી અને સાતમાં ગાયનથી મનુષ્યોના પાપનું સંક્રમણ થયા કરે છે. સ્ત્રી વધારે રૂપ લાવણ્યના હોવાથી નષ્ટ થઈ ગયા કરે છે, ક્રોધથી તપસ્યાનો નાશ થાય છે, ક્રૂર પ્રચારથી ભાગ અને શૂદ્રના અન્નથી શ્રેષ્ઠ દ્વિજનો નાશ થઈ જાય છે.

એક જ આસન પર સ્થિત રહેવાથી, એક જ પથારી પર સૂવાથી, એક સાથે જ બેસીને ભોજન કરવાથી પતિના સાહચર્ય થવાથી અર્થાત મળી જવાથી, અધકચરા ઘડાના બીજા ઘટમાં જળ નાખવાની જેમ, એક બીજામાં પાપનું સક્રમણ થયા કરે છે. લાડ-પ્રેમ કરવામાં ઘણા દોષ ઉત્પન્ન થઈ ગયા કરે છે અને તાડવાથી વધારે ગુણ થાય છે. આથી પોતાના શિષ્ય અને પુત્રને સર્વદા તાડવા જ જોઈએ, ફક્ત પ્રેમ ના કરવો જીોએ. દેહધારીઓ માટે વધારે ચાલવું વાર્ધક્ય છે, પર્વતો માટે જળ જ જરા છે અર્થાત્ એમની ક્ષીણતા પહોંચાડવાવાળા હોય છે. નારીઓની સાથે સંભોગ ન કરવો જ એમની વૃદ્ધતાને વધારવાવાળી જરા છે અને વસ્ત્રને આતપમાં રાખવા જરા છે. જે અધમ શ્રેણીના માનવ હોય છે તેઓ હંમેશાં કલહ જ ઇચ્છ્યા કરે છે-મધ્યમ શ્રેણીના પુરુષ સંધિની ઇચ્છા રાખે છે તથા ઉત્તમ કોટિના મનુષ્ય માનના ઇચ્છુંક હોય છે કેમ કે મહાન પુરુષોનું એકમાત્ર ધન માન જ થયા કરે છે.

માન જ અર્થનું મૂળ છે કેમ કે મહાન માનની પ્રાપ્તિ માટે અર્થની ઇચ્છા જ થયા કરે છે. જો માન છે તો પછી એના હોવા પર અર્થથી શું પ્રયોજન છે! જેના માનનું દર્દ જ ભ્રષ્ટ થઈ ગયું છે એને ધન અને આયુમાં પણ શું લાભ છે?

અધર્મ પુરુષ જ ધનની ઇચ્છઆ કર્યા કરે છે. જે મધ્ય શ્રેણીના લોકો છે તેઓ ધન અને માન બંને જ અભિલાષા રાખ્યા કરે છે. ધનહીન પુરુષ પણ જે સારા કુળોમાં ઉત્પન્ન થાય છે ક્યોય પણ નીચ કર્મોને આરંભ નથી કર્યા કરતા અર્થાત્ ધનની પ્રાપ્તિ માટે ખરાબ કામ ક્યારેય નથી કરતાં.

વનમાં સિંહનો ક્યારેય કોઈએ અભિષેક નથી કર્યો એટલે કે એને કોઈએએ વનના રાજ્યનો રાજા નથી બનાવ્યો પરંતુ પોતાના પૌરુષને કારણે જ વનના જીવોનો રાજા બની ગયો છે. પ્રમાદશીલ વૈશ્ય એટલે કે વેપાર-વ્યવસાય કરવાવાળા, માન રાખવાવાળા, ભવ્ય એટલે સેવા વૃત્તિ કરવાવાળા માનવ-વિલાસશીલ ભિક્ષુ અને વગર ધન વાળા કામી તથા અપ્રિય બોલવાવાળી વિરાંગના આ લોકો પોતાના કર્મોમાં ક્યારેય સફળ નથી થઈ શકતા. દાનશીલ પુરુષનું દરિદ્ર હોવું, અર્થસંપન્ન પરુષનું કૃપણ થવું, પુત્ર આજ્ઞાકારી ન થવો, દુષ્ટ પુરુષની સેવા કરવી અને બીજાના અપકાર કરવામાં મૃત્યુ થઈ જવું, આ પાંચ દુશ્ચરિત્ર થયા કરે છે. પોતાની પત્નીથી વિરહ થઈ જવો, પોતાના જનો દ્વારા અથવા પોતાના જ જનોના મધ્યમાં અપમાન થળું, ઋણનું બાકી બની રહેવું, ખરાબ પુરુષની સેવા કરવી આને દારિદ્રય હોવાને કારણે મિત્રોથી વિમુખ થઈ જવું આ પાંચ કાર્ય એવા છે જે વગર જ અગ્નિના ખૂબ તીવ્ર જલન આપ્યા કરે છે. આમ તો મનુષ્યોને સહસ્ત્રો પ્રક્રારની ચિંતાઓ, ખાંડાની ધારના દ્વારા અપમાનનું હોવું, પત્નીનું ભૂખ્યું રહેવું, પત્નીને પોતાના વિષયમાં વિરક્ત રહેવું અને સહજ અપરાધનું હોવું, પુત્ર વંશગત હોવો, અર્થોપાર્જન કરવાવાળી વિદ્યાના પોતાની પાસે રહેવું, રોગોનું ન હોવું, સજ્જન પુરુષોની સંગતિનું રહેવું, પત્નીનો પ્રેમ અને પોતાના વશમાં રહેવું આ પાંચ કારણ એવા છે જે દુઃખના મૂળનું ઉદ્ધરણ કરવાવાળા હોય છે. હરિણ, માતંગ, પતંગ, ભૃંગ અને મીન આ પાંચ પાંચેય ઇન્દ્રિયોના કારણે મરે છે. હરિણ શ્રવણેન્દ્રિયના અધીન થઈના વાદ્ય સાંભળવામાં આવે ખોવાઈ જાય છે કે શિકારી એને મારી નાંખે છે, માતંગ મદોન્મત્તતાથી, પતંગ દીપકની જ્વાળા પર પ્રેમ કરવાથી, ભૃંગ પુષ્પરાજના આસ્વાદનથી અને મીન ગંધાકર્ષણના મૃત્યુનો ગ્રાસ થાય છે. એ બધામાં એક-એક ઇન્દ્રિયનું જ આકર્ષણ મોતના મ્હોંમાં નાખી દીધા કરે છે તો જે માનવ પોતાની બધી ઇન્દ્રિયોની અર્થાત્ પાંચેયને આધીન થાય છે તે કેમ નથી મરણ યોગ્ય હશે?

જેમ-જેમ મનુષ્ય કલ્યાણથી પોતાની વૃદ્ધઇ કર્યા કરે છે તેમ-તેમ જ તે બધી જગ્યાએ લોકનો પરમ પ્રિય થઈને સંબંધ કર્યા કરે છે. આ જગતી તલમાં મનુષ્ય લોભ, પ્રમાદ અને વિશ્વાસ, આ ત્રણેયમાં નાશને પ્રાપ્ત થાય છે. આથી લોભ ના કરવો જોઈએ, પ્રમાદ (બેપરવાહી) ના કરવી અને દરે એકનો વિશ્વાસ પણ ક્યારેય ના કરવો જોઈએ. ભયથી ત્યાં સુધી ડરવું જોઈએ જ્યાં સુધી તે ભય આપણાથી દૂર રહે છે અને આવતો નથી. જ્યારે ભય નજીક આવી જાય છે અને તીવ્ર રૂપ ધારણ કરી લે છે, તો પછી એકદમ નિડર થઈને એની સ મક્ષ સ્થિત થઈને એની પ્રતિક્રિયા કરવી જોઈએ. ઋણનું બાકી રહી જવું, રોગનો કેટલોક અંશ બચી જવો અને અગ્નિનો કેટલોક પણ થોડો એવો ભાગ રહી જવો પછી વારંવાર વધીને ઉગ્ર રૂપ ધારણ કરી લીધા કરે છે. આથી આ ત્રણેય વસ્તુઓને બિલ્કુલ સમાપ્ત જ કરીને રહેવું જોઈએ. જે જેવો પણ વ્યવહાર ખરાબ-સારો કરે છે એનો જવાબ પણ એવા જ વ્યવહારથી આપવો જોઈએ. જો કોઈ હિંસાપૂર્ણ વ્યવહાર કરે તો એની સાથે પ્રતિહિંસા જ કરે. જે સમક્ષમાં તો પરમ

પ્રિય ભાષણ કરવાવાળા હોય અને પાછળ કાર્યને નષ્ટ કરી દેવાવાળા રહ્યાં કરતા હોય એવા માયાથી પરિપૂર્ણ શત્રુની જેમ મિત્રનો ત્યાગ જ કરી દે. દુર્જન પુરુષના સંગથી સજ્જન પુરુષ પણ વિનષ્ટ થઈ ગયા કરે છે. જે રીતે સ્વચ્છ જળને પણ કીચડથી મેલું કરી દેવામાં આવે છે એવી જ રીતે સાધુ પ્રવૃત્તિ પણ દુષ્ટ પ્રવૃત્તિથી મળીને ખરાબ થઈ જાય છે.

જેનું ધન દ્વિજો માટે હોય છે તે પણ સારી રીતે ભોગ કરવાનું સુખ પ્રાપ્ત કરે છે. જે દ્વિજોના ઉપભોગથી બાકી રહે છે તે જ ભોગની વસ્તુ થયા કરે છે. બુદ્ધિમાન એ જ પુરુષ છે, જે ક્રાયે પાપ કર્મ નથી કરતો. પ્રશંસા હકીકતમાં એ જ છે, જે પીઠ પાછળ કરવામાં આવે અને ધર્મ એ જ છે જે કોઈ દંભ વગર કે દેખાવા વગર કરવામાં આવે. વૃદ્ધ પણ એમને ના કહેવા જોઈએ જે ન્યાયસંગત ધર્મની વાતો નથી કહેતા. ધર્મ એ જ હોય છે, જેમાં સત્યતા વિદ્યમાન છે અને સત્ય એ જ છે જે છળ-કપટથી અનુવિદ્ધ ન થાય. મનુષ્યોમાં બ્રાહ્મણ સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે, તેજોમાં સર્વાધિક સૂર્યદેવ છે, શરીરના સંપૂર્ણ અંગોમાં માથું સર્વોત્તમ અંગ હોય છે અને વ્રતોમાં સત્યનું વ્રત જ સૌથી ઉત્તમ વ્રત છે. મંગળ કાર્ય એ જ છે જેમાં માનવનું મન પ્રસન્નતાનો અનુભવ કર્યા કરે છે. જીવન એ જ સાર્થક તેમજ સફળ થાય છે, જેમાં બીજાઓની સેવાનું કાર્ય કરવામાં આવે. કમાણી એ જ છે જેનો ઉપભોગ પોતાના મનુષ્યો દ્વારા કરવામાં આવે અને ગર્જના કરવી એ જ સફળ છે જે સંગ્રામમાં શત્રુઓની સમક્ષ કરવામાં આવે છે, સ્ત્રી એ જ સુખ પ્રદાન કરવાવાળી છે જે ક્યારેય અભિમાન કરતી નથી. સાચ્ચું સુખ એ જ મનુષ્ય હોય છે, જેણે તૃષ્ણા નથી હોતી. મિત્ર એ જ હોય છે જેમાં પૂર્ણ વિશ્વાસ કરવામાં આવે, અને હકીકતમાં પ્રશસ્ત પુરુષ એ જ હોય છે. જેનાથી પોતાની ઇન્દ્રિયોને જીતી રાખ્યા છે. જેમાં સૌહાર્દ વિલુપ્ત થઈ જાય છે. અર્થાત્ત સૌહાર્દનો ભ વ જ નથી રહ્યાં કરતો ત્યાં સ્નેહ અને આદર પણ છૂટી જાય છે. પ્રશંસાના યોગ્ય એ જ છે જેની સ્તુતિ આત્મા દ્વારા કરવામાં આવે છે.

આ પ્રકારે સદાચાર અને ધર્મના અનેક રૂપ માનવ જીવનની શિક્ષા માટે થાય છે. એને અપનાવીને મનુષ્ય પોતના જીવનમાં સંતુલન પ્રાપ્ત કરી શકે છે અને જીવન સફળ કરી શકે છે.

***

છઠ્ઠો અધ્યાય

ભગવાન નારાયણથી યમ માર્ગ પર વિસ્તારથી વર્ણન સંભળાવ્યા પછી ગરુડજીએ ભગવાનથી કહ્યું કે હે પ્રભુ! પાપ કરવાના અનેક ચિહ્ન હોય છે અને આ મનુષ્ય પાપ કરીને અનેક યોનિઓમાં જાય છે. તમે મને બતાવો કો એમાં શું અવસ્થા હોય છે અને તે કઈ-કઈ યોનિમાં જાય છે.

ગરુડથી આ પ્રશ્ન સાંભળીને ભગવાન નારાયણ બોલ્યા કે અનેક પાપી લોકો નરકમાં યાતના ભોગવીન્ અનેક યોનિઓમાં જાય છે અને જે પાપથી એમને જે ચિહ્ન રહે છે તે જ હું તમને બતાવું છું. ક્ષય રોગથી પીડિત વ્યક્તિ બ્રાહ્મણન મારવાવાળો કોઢી થાય છે અને એ ચાંડાલની યોનીમાં જન્મ લે છે. જે વ્યક્તિ કોઈના ગર્ભને નષ્ટ કરે છે

અને સ્ત્રીને મારે છે તે મ્લેચ્છ જાતિમાં થાય છે. ગુરુ પત્નીની સાથે યૌન સંબંધ સ્થાપિત કરવાવાળા વ્યક્તિ ચર્મ રોગથી પીડિત થાય છે. માંસ ખાવાવાળા લાલ રંગના હોય છે અને જે બ્રાહ્મણ ખાદ્ય અને અખાદ્ય પદાર્થ ખાય છે એમનું પેટ ખૂબ મોટું હોય છે., જે વ્યક્ત બીજાને ખાવાનું નથી આપતો અને પોતાના માટે જ ખાય છે તે ગલગંડ રોગથી પીડિત થાય છે. સફેદ કોડનો રોગી તે હોય છે જે અશુદ્ધ અન્નથી શ્રાદ્ધ કરે છે. મિરગીના રોગથી પીડિત વ્યક્તિ ગુરુના અપમાનના ફળસ્વરૂપ આ કષ્ટ પ્રાપ્ત કરે છે. શાસ્ત્ર અને વેદોની નિંદા કરવાવાળા પીળિયા રોગથી ગ્રસ્ત થઈ જાય છે. જે પ્રાણી ખોટી સાક્ષી આપે છે, કોઈના વિવાહમાં વિઘ્ન પેદા કરે છે, પુસ્તક ચોરે છે તે કાણો અને હોઠ વગરનો કે અંધ થઈ જાય છે. અસત્ય બોલવાવાળા વ્યક્તિ હકલાવાવાળા થઈ જાય છે અને જૂઠ બોલવાવાળા બહેરા. જે વ્યક્તિ રત્ન ચોરે છે તે નીચ કુળમાં ઉત્પન્ન થાય છે અને જે કોઈને ઝેર આપે છે અથવા કોઈના ઘરમાં આગ લગાવે છે અથવા જે રત્ન ચોરે છે, સોનાની ચોરી કરે છે તે ઉન્મત્ત રોગી અને નીચ કુળમાં પેદા થાય છે. શાક અને પત્તા ચોરવાવાળા મોરની યોનિમાં જાય છે. આ રીતે અનેક અપકર્મ કરવાવાળા વ્યક્તિ અનેક યોનિમાં અનેક ચિહ્નોની સાથે જન્મ લે છે.

હું આના સિવાય અન્ય યોનિઓના વિષયમાં પણ બતાવું છું. જે વ્યક્તિ મધુ (મધ) ચોરે છે અને પાન ફૂલની ચોરી કરે છે, મીઠું ચોરે છે તે ગીધ, કીડી અને વાનરની યોનિ પ્રાપ્ત કરે છે. ઝેર પાન કરીને મરવાવાળા વ્યક્તિ સર્પની યોજનીમાં જન્મ લે છે. જૂતા, તિનકા અને કપાસને ચોરવાવાળા બકરી થાય છે અને જે મનુષ્ય હિંસા કરીને પોતાની જીવિકા ચાવે છે અથવા તીર્થયાત્રિઓને લૂંટે છે તેઓ કસાઈના ઘરમાં બકરો બનીને પેદા થાય છે અને જે હંમેશાં ઉદન્ડ રહેવાવાળા હોય છે એને જંગલના હાથીની યોનિ મળે છે. જે બ્રાહ્મણ બલિ આપવાવાળા નીચોનું અન્ન ખાય છે એને વાઘની યોનિ મળે છે અને જે સંધ્યા તથા ગાયત્રીના જપ નથી કરતા અને જેનું હૃદય પાપોથી ભરેલું રહે છે, જે ઉપરથી સ્વચ્છ અને અંદરથી ગંદા હોય છે એમને બગલાની યોનિ મળે છે. ઘણા એવા લોકોના પુરોહિત બનીને જે લાલચ કરે છે તેઓ ગધેડા બને છે અને જે આમંત્રણ વગર ભોજન કરે છે એમને કાગડાની યોનિ મળે છે.

જે બ્રાહ્મણ સુપાત્રને વિદ્યા નથી આપતા તો બળદ બને છે અને જે શિષ્ય ગુરુની સેવા નથી કરતો તે પશુ યોનિને મેળવે છે. ગુરુની સામે વિવાદ અને સંવાદ કરવાવાળા શિષ્ય રાક્ષસ થાય છે. એના સિવાય મિત્રથી દ્રોહ કરવાવાળા બહાડી ગીધ, દગો આપીને ખરીદવાવાળા ઉલ્લૂ, વર્ણાશ્રમની નિંદા કરવાવાળા કબૂતર થાય છે. આશા ભંગ કરવાવાળઆસ ,સ્નેહને ભંગ કરવાવાળા, દ્વેષી, સ્ત્રીને ચોરવાવાળા મોર, દ્વેષવશ સ્ત્રીનો પરિત્યાગ કરવાવાળા ચિરકાળ સુધી ચકલા-ચકલી થાય છે. માતા, પિતા, ગુરુ ભાઈ અને બહેનથી વેર કરવાવાળા હજારો વખત જન્મ લે છે અને ગર્ભમાં નષ્ટ થઈ જાય છે. સાસુને ગાળ આવવાવાળી વહુ, નિત્ય કલહ કરવાવાળી અને પોતાના પતિને ધિક્કારવાવાળી ચીલ (સમડી) થાય છે. જે સ્ત્રી પોતાના પતિને છોડીને બીજા પુરુષથી પ્રીતિ કરે છે તે ગોહ અને બે મ્હોંવાળી સાપણ થાય છે. પોતાના ગોત્રને ભ્રષ્ટ કરવાળાળા, પોતાના ગોત્રની સ્ત્રીમાં ગમન કરવાવાળા તરક્ષુ, અને શલ્લકી થઈને રીંછની યોનિમાં ઉત્પન્ન થાય છે. તાપસ સ્ત્રીમાં ગમન ક રવાવાળા પુરુષ મરુસ્થળમાં પિશાચની યોનિ મેળવે છે. જે ઋતુમતી નથી થઈ એવી સ્ત્રીમાં ભોગ કરવાવાળા વનમાં અજગર થાય છે. ગુરુની

સ્ત્રીમાં ભોગ કરવાવાળા વિષ ખોપડા, રાજાની સ્ત્રીમાં ગમન કરવાવાળા દુષ્ટ અને મિત્રની સ્ત્રીમાં ગમન કરવાવાળા ગધેડા થાય છે. ગુદામાં ગમન કરવાવાળઆ સુવર, વૃષલી (શૂદ્રા)માં ગમન કરવાવાળા બળદ અને મહાકામી અને લમ્પટ ઘોડા થાય છે. મૃતકના એકાદશાહના દિવસ ભોજન કરવાવાળા કુતરા અને દેવતાઓના ભાગને ખાવાવાળા મરઘા થાય છે. જે બ્રાહ્મણ દ્રવ્યના લોભથી દેવતાઓનું પૂજન કરે છે તે દેવલક કહેવામાં આવે છે અને દેવકાર્ય તથા પિતૃકાર્યમાં નિંદિત થાય છે. મહાપાતકોથી યુક્ત થઈને જે પ્રાણી ઘોર નરકોનો ઉપભોગ કરીને કર્મના ક્ષય થવા પર આ સંસારમાં ફરીથી આવે છે છતાં પણ તે મહાપાતકી જ હોય છે. બ્રહ્મહત્યા કરવાવાળા મનુષ્ય ગધેડા, ઊંટ અને ભેંસની યોનિમાં યઉત્પન્ન થાય છે. મદિરા પીવાવાળા વરૃ, કુતરા અને શિયાળની યોની મેળવે છે. સોનુ ચોરવાવાળા કીડા-મકોડા, પતંગિયાની યોનિ મેળવે છે. બીજાની સ્ત્રીનું હરણ કરવાવાળા અને કોઆના રાખેલા ધનને પાછું ન આપવાવાળા વ્યક્તિ બ્રહ્મરાક્ષસ થાય છે તથા બળાત્કારથી વધારે ચોરીથી લેવામાં થયેલું ધન મનુષ્યના બધા પુણ્યોને નષ્ટ કરી દે છે અને સૃષ્ટિપર્યંત એની પેઢીઓને સમાપ્ત કરી દે છે.

કોઈ પણ મનુષ્ટ બ્રાહ્મણના ધનને નથી પચાવી શકતો. બ્રાહ્મણના ધનથી જો સેના એક્ઠી કરવામાં આવે તો તે પણ રેતીના પુલની જેમ વિખેરાઈ જાય છે. હે ગરુડ! બ્રાહ્મણનું અતિક્રમણ કરવાથી દેવતાઓના ધનને હરવાથી કુળ પણ નષ્ટ થઈ જાય છે. જે વ્યક્તિ બ્રાહ્મણને દાન નથી આપતો તે અંધ, દરિદ્ર અને ભિખારી થઈ જાય છે. પોતાના માટે આપેલા દાનને લૂંટવું પણ પાપનું કારણ થાય છે અને આવા વ્યક્તિ ૬૦ હજાર વર્ષ સુધી ગટરના કીડા બન્યા રહે છે.

મનુષ્યને જોઈએ કે તે ભૂમિ અને જીવિકા આપીને વિદ્વાન બ્રાહ્મણની રક્ષા કરવાનો પ્રયત્ન કરે. જો તે રક્ષા નથી કરતો અથવા ખુદ લઈ લે છે તો પંગુ અને કુતરો થાય છે. આપણા બધા દેહધારીઓમાં અનેક ચિહ્ન અને યોનિઓ પોતાના કર્મના દ્વારા પ્રાપ્ત થાય છે. જે વ્યક્તિ કોઈ બ્રાહ્મણની જીવિકાને હરી લે છે તે કુતરા અને વાંદરાની યોનિમાં જન્મ લે છે.

ખરાબ કર્મ કરવાવાળા વ્યક્તિ પહેલાં તો અનેક નરકોમાં યાતના સહન કરે છે અને પછી અનેક કષ્ટકારક યોનિઓમાં જન્મ લે છે. આ યોનિઓમાં તે અનેક પશુ-પક્ષીના રૂપમાં જન્મ લઈને શરદી-ગરમીમાં કષ્ટ ભોગવતો-ભોગવતો પોતાના કર્મ અને અકર્મનું ફળ ભોગવે છે. જ્યારે આ બધા શુભ અને અશુભ કર્મ સમાપ્ત થઈ જાય છે ત્યારે જ તે જ મનુષ્યનો દેહ પ્રાપ્ત કરવાનો અધિકારી થાય છે. અને પછી સ્ત્રી પુરુષના પ્રસંગથી ગર્ભમાં જીવ બનીને સુખ-દુઃખ મેળવે છે. કેમ કે બધા શરીરના ધારણ કરવાવાળાઓનો જન્મ અને વિનાશ થાય છે. મનુષ્ય જીવ માયાથી ગ્રસિત થઈને કર્મ જાળમાં બંધાયેલા મૃત્યુ લોકમાં આવતા-જતા રહે છે પરંતુ આ સ્પષ્ટ છે કે કરેલા શુભ અને અશુભ કર્મોનું ફળ મનુષ્યને અવશ્ય મળે જ છે.

પાપો પછી અનેક યોનિઓમાં ઉત્પન્ન ચિહ્નોના વિષયમાં ગયા પછી ગરુડજીએ ભગવાન નારાયણથી પૂછ્યું કે હજુ તમે એ બતાવ્યું કે સ્ત્રી પુરુષના પ્રસંગથી જીવ ગર્ભમાં આવે છે તો હે પ્રભુ તમે એ બતાવો કે તે ગર્ભમાં આવીને

માતાના પેટથી કેવી રીતે ઉત્પન્ન થાય છે અને આ અવસ્થામાં જે દુઃખ ભોગવે છે તે કયા પ્રકારનું હોય છે. ગરુડનો પ્રશ્ન સાંભળીને ભગવાન નારાયણ બોલ્યા કે ગર્ભ પ્રસંગમાં અલગ-અલગ દિવસોમાં અલગ-અલગ પ્રકારથખી પ્રાણીઓની ઉત્પત્તિ થાય છે.

ઋતુની વચ્ચે પાપીઓનો જન્મ થાય છે અર્થાત્ સ્ત્રીઓના રજોકાળના પ્રારંભિક ત્રણ દિવસમાં ઇન્દ્ર માટે બ્રહ્મહત્યાના પાપને કારણે આ દિવસોમાં પાપીઓની ઉત્પત્તિ થાય છે. સ્ત્રી ઋતુ દર્શન થવાવાળા પહેલા દિવસે ચાંડાલી, બીજા દિવસે બ્રહ્મ હત્યારી અને ત્રીજા દિવસે રજકી થાય છે. આ પાપીઓની માતાઓ હોય છે. પુરુષના માધ્યમથી શરીર પ્રાપ્તિ માટે સ્ત્રીના ઉદરમાં પ્રવેશ થઈને ગર્ભ ધીમે-ધીમે વધે છે. તે એક રાત્રિમાં કરલ, પાંચ રાત્રિમાં બુદબુદ થાય છે, દસ રાત્રિમાં કર્કંધુ નામનું માંસનું પિંડ થાય છે અથવા બીજી યોનિમાં ઇંડું થાય છે. એની પાછળ બે મહીનામાં માથું થાય છે અને બાહુ વગેરે અંગોનો વિભાગ થાય છે અને ત્રણ મહીનામાં નખ, રોમ, હાડકાં, ચામડી અને લિંગ વગેરે છેદ થાય છે. ચાર મહીનામાં સાતેય ધાતુઓ થાય છે. પાંચમા મહીનામાં ક્ષુધા-તૃણની ઉત્પત્તિ થાય છે અને છ મહીનામાં ઝિલ્લી થાય છે, જેને જરાયુ કહે છે. જીવ એમાં લપેટાયેલો જમણી કુખમાં ભ્રમણ કરે છે. આ જરાયુનો રસ, ધાતુ, લોહી વગેરે માતાથી ખાધેલા અન્ન, પાન વગેરેથી વધે છે. જરાયુથી દુર્ગંધ આવે છે. જે સ્થાનથી એની ઉત્પત્તિ થાય છે તે ભિષ્ટા-મૂત્રના ગર્ત સદૃશ છે. એમાં જ જીવ સૂવે છે. ગર્ભમાં ઉત્પન્ન ભૂખ્યાં કીડાઓથી કરડવા થ્થી ઉરુક્લેશથી પીડિત થઈને સુકુમાર જરાયુ-પિંડ મૂર્છિત થઈ જાય છે. માતાથી ખાધેલા કડવા, તીખા નમકીન, સુકા અને ખાટા વગેરે પદાર્થથી સ્પર્શ થવા પર અંગોમાં વેદના થાય છે તથા જરાયુ અને આંતરડાના બંધનમાં પડીને જીવ કુખમાં માથું કરીને પીઠ ગ્રીવાને લચીલું બનાવીને પિંજરામાં પક્ષીની સમામ અંગોને ચલાવવામાં અસમર્થ થઈ જાય છે. ત્યાં તેવ યોગથી સો જન્મોની વાતો સ્મરણ કરીને દીર્ઘશ્વાસ લઈ લે છે, તેથી સહેજ પણ સુખ નથી મળતું.

સંતપ્ત અને ભયભીત જીવ ધાતુ રૂપ સાત બંધનોમાં જકડાયેલો રહે છે તથા હાથ જોડીને દીન વચનોથી આ ઉદરમાં નાખવાવાળા ભગવાનની સ્તુતિ કરે છે.

સપ્તમ મહીનામાં સચેત થઈને પણ જીવ પ્રસૂતિ-વાયુથી કાંપતો થઈને ભિષ્ટાથી ઉત્પન્ન થઈને સહોદર કૃમિની સમાન રેંગવા લાગે છે. જીવે કહ્યું-શ્રીના પતિ, જગતના આધાર, અશુભના નાશકર્તમા, શરણાગતના વત્સલ, શ્રી વિષ્ણુ ભગવાનની શરણમાં જાઉં છું. તમારી માયાથી મોહિત થઈને દેહધારીમાં પોતાના શરીર તથા પુત્ર-સ્ત્રીનું અભિમાન કરીને તમને ભૂલી ગયા. હે નાથ! હવે હું સંસારમાં પુનઃ પ્રાપ્ત છું. મેં કુટુંબ માટે શુભ-અશુભ કર્મ કર્યા પરંતુ એ કર્મના ફળથી હું એકલો દગ્ધ થાઉં છું અને તે કુટુંબ ફળ ભોગવીને અલગ થઈ ગયા. જો આ યોનિથી મુક્ત થયો તો તમારા ચરણનું સ્મરણ કરીશ અને એવો ઉપાય કરીશ જેનાથી સંસારથી મુક્ત થઈ જાઉં. હું તમારો આશ્રય લઈને તમારા ચરણોની પૂજા કરીને પોતાનો ઉદ્ધાર કરીશ.

ભગવાન નારાયણએ કહ્યું કે હે ગરુડ! આ રીતે જીવ દસ મહીના સુધી ગર્ભમાં રહીને સ્તુતિ કરતો રહે છે અને પછી જન્મ માટે માથું નીચું કરીને પ્રસૂતિ વાયુથી પ્રેરિત થાય છે અને પછી આ સ્તુતિની સ્મૃતિ નષ્ટ થઈ જાય છે અને તે બહાર નિકળે છે. સ્મૃતિના નષ્ટ થવાથી એનું જ્ઞાન સમાપ્ત થઈ જાય છે અને ઉલટી ગતિ થવાથી તે દુઃખી થાય છે. એ સ્વાભાવિક છે કે કષ્ટનું સ્મરણ વધારે સમય નથી રહેતું. ભગવાનની વૈષ્ણવી માયા મનુષ્યને મુક્ત કરતી રહે છે અને તે એમાં લુપ્ત થઈ જાય છે. જ્યારે તે નાનો હોય છે તે મળ મૂત્રથી અપવિત્ર થવા છતાં ઊઠવામાં અસમર્થ થાય છે. તો તે ફક્ત રોઈ શકે છે. આ રીતે તે પોતાના બાળપણના કાળના દુઃખોને સહન કરે છે. પછી ધીમે-ધીમે કિશોર અવસ્થાની તરફ આવે છે અને કિશોર અવસ્થા પછી યૌવન તરફ અગ્રેસર થાય છે. યૌવનમાં પદાર્પણ કર્યા પછી તે અનેક સારા-ખરાબ કર્મોમાં લીન થઈ જાય છે. ક્યારેક-ક્યારેક તે નીચોનો સંગ ક રવા લાગે છે અને સારા પુરુષોનો શત્રુ થઈ જાય છે, તે કામુક થઈ જાય છે તથા સ્ત્રીને જોઈને એના કટાક્ષોથી વશીભૂત થઈને એની તરફ દોડે છે, જેમ પતંગિયું અગ્નિની શીખાની તરફ દોડે છે. આ રીતે તે અપકર્મોના મોહમાં ફસાઈ જાય છે. આ પુરુષ પાંચ ઇન્દ્રિયોના પાંચેય વિષયોનું સેવન કરે છે.

તે એક તરફથી પરવશ થાય છે તથા પોતાને બચાવવામાં પરાધીન થઈને ખૂબ કષ્ટ મેળવે છે. ક્યારેક-ક્યારેક તો એનું પાલન-પોષણ બીજા પ્રાણીથી થાય છે. તે પોતાની ઇચ્છા વિરુદ્ધ પણ કર્મ કરે છે.

આ આશ્ચર્યજનક વાત છે કે માછલી, ભમરા, પતંગિયા, હાથી અને હરણ મૂળ રૂપથી એક વિષયોમાં મોહીમાં પડીને પોતાને નષ્ટ કરી દે છે. તો ભલા પુરુષ જે અનેક વિષયોના મહોમાં ફસી જાય છે કેવી રીતે નષ્ટ ન થાય! આ પુરુષ ભાવના અનુરૂપ વસ્તુ ન મળવા પર અજ્ઞાનને કારણે લોભ અને ક્રોધના વશમાં થઈ જાય છે.

જે પુરુષ પોતાનાથી બાળવાનથી યુદ્ધ કરે છે તે પોતાનો જ નાશ કરે છે. મૂરખ પુરુષ એ નથી સમજતો કે ઇન્દ્રિયોનું સુખ એનાથી બળવાન છે. તે એમાં ફસાઈને પોતાના મનુષ્ય જીવનના હકીકત રૂપને ભૂલી જાય છે. આથી હે ગરુડ! તે પાપ કરે છે અને એ પણ નથી સમજતો કે અનેક યોનિઓમાં મનુષ્ય શ્રેષ્ઠ હોય છે અને એમાં પણ બ્રાહ્મણત્વ દુર્લભ અને મહાન હોય છે. બ્રાહ્મણ રૂપ મેળવીને જે મનુષ્ય એની વિધિપૂર્વક રક્ષા નથી કરી શકતો તે પોતાના જીવનને વ્યર્થ કરે છે. એને જોઈએ કે આત્મજ્ઞાનથી બ્રાહ્મણની પણ રક્ષા કરે અને ફક્ત જરૂરી રૂપમાં ઇન્દ્રિયોની ઇચ્છાઓનું પાલન કરે.

ઇનદ્રિયોને ખુલ્લા છોડી દેવાથી યૌવન અસમયે સમાપ્ત થઈ જાય છે અને જીવ જલ્દી વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત થાય છે. તેથી હે ગરુડ! પોતાના ભોગવાલે અને ભોગવા યોગ્ય કર્મજાળમાં ફસાઈને આ મનુષ્ય જ બ્રહ્મની માયાથી મોહિત થઈને વૈરાગ્યથી દૂર રહે છે. હવે એના વિષયમાં તમે જે સાંભળવા ઇચ્છો મને તે કહો અને હું તમને બતાવીશ.

સૂતજીએ ઋષિઓથી કહ્યું કે ગરુડજીએ ભગવાનથી જીવ યોનિ અને કર્મ ફળનું આ સ્વરૂપ સાંભળ્યું તો તે કાંપવા લાગ્યા. પછી એમણે ભગવાનથી પૂછ્યું કે હે પ્રભુ! આ મનુષ્ય જાણીને આ અણજાણ્યા જે કર્મોમાં પ્રવૃત્ત થાય છે અને યાતનાઓ ભોગવે છો તો શું એ યાતનાઓથી મુક્તિનો કોઈ ઉપાય છે? હે પ્રભુ આ પણ કોઈ ઉપાય છે તો મને એનું

જ્ઞાન કરાવો. સંસાર રૂપી સમુદ્રમાં ડુબીને આ મનુષ્ય દુઃખી આત્માની સાથે કોઈ પ્રકારના વિષયોથી નષ્ટ આત્માનો ઉદ્ધાર કરી શકે છે. તમે કૃપા કરીને એ બતાવો.

ગરુડજીના પ્રશ્નને સાંભળીને ભગવાન નારાયણ બોલ્યા કે હે ગરુડ! મેંતને કર્મ વિધાનના અંતર્ગત જે કંઈ પણ બતાવ્યું એમાં પુત્ર-પ્રાપ્તિનું મહત્ત્વ વધારે છે. કેમ કે જેના પુત્ર નથી થતાં એમની દુર્ગતિ થાય છે. પુત્રવાળા ધર્માત્માઓની દુર્ગતિ નથી થતી. જે પુરુષ પોતાના કોઈ કર્મના પ્રભાવથી પુત્રની પ્રાપ્તિમાં અસમર્થ રહે છે એને જોઈએ કે તે પુત્ર પ્રાપ્ત કરવાના સાધન એક્ઠા કરે. અનેક પ્રકારથી ભક્તિ ભાવના રાખીને ભક્તિથી પરિપૂર્ણ ચંડીના વિધાનથી કે હરિવંશ પુરાણની કથા સાંભળીને શિવની આરાધના કરીને સદ્બુદ્ધિવાળા મનુષ્ય પુત્રને ઉત્પન્ન કરે. પુત્ર પોતાના પિતાને પુન્નામક નરકથી બચાવે છે આથી એક ધર્માત્મા પુત્ર જ આખા કુળનો ઉદ્ધાર કરી દે છે. આ ખૂબ જૂની પદ્ધતિ છે કે એક પુત્ર જ સમસ્ત લોકોને જીતી લે છએ. પુત્રનું મુખ જોઈને પિતા ફક્ત ઋણથી જ મુક્ત નથી થઈ જતા પરંતુ તે આ ક્રમથી પોતાનું મુખ જોઈને અન્ય ઋણો બલ્કે એ સત્ય છે કે પૌત્રનું મુખ જોઈને મનુષ્ય સ્વર્ગની પ્રાપ્તિ કરે છે અને યમરાજના અનેક બંધનોથી મુક્ત થઈ જાય છે. મનુષ્યને બ્રહ્મ મોઢા પુત્ર સ્વર્ગ લોકના દ્વાર સુધી લઈ જાય છે. જો તે વિવાહિત સ્ત્રીથી ઉત્પન્ન થયો હોય. લગ્ન વગર ઉત્પન્ન થયેલ પુત્ર નરકમાં પહોંચાડે છે કેમ કે સવર્ણ પુરુષ અને સવર્ણ સ્ત્રીના યોગથી જે સંતાન ઉત્પન્ન થાય છે તે જ પિતૃઓને સ્વર્ગમાં પહોંચાડે છે કેમ કે મનુષ્ય પુત્ર દ્વારા શ્રાદ્ધ કરવા પર જ સ્વર્ગ પ્રાપ્ત કરે છે. આ દૃષ્ટિકોણથી તને એક વાર્તા સંભળાવું છું.

ત્રેતાયુગમાં સુંદર મહોદયપુરમાં મહાબળવાન અને ધર્મમાં નિષ્ઠાવાન બભ્રુ વાહન નામનો રાજા થયો. વિધિવત્ યજ્ઞ-કર્તા, દાન આપવાવાળા, લક્ષ્મીવાન, બ્રાહ્મણોના ભક્ત, સાધુના પ્રેમાળ અને ચરિત્ર, આચાર તથા ગુણોથી યુક્ત હતા અને દયા તથા દાક્ષિણ્યથી યુક્ત, ધર્મથી પોતાના ઔરસ પુત્રની સમાન પ્રજાનું પાલન કરેતો હતો અને દંડ આપવા યોગ્ય અપરાધિઓને દંડ આપીને તે રાજા નિત્ય જ ક્ષત્રિયોના ધર્મમાં તત્પર રહેતો હતો. કોઈ સમયે મહાબળવાન તે રાજા સેના સહિત શિકાર માટે ગયો અને નાના પ્રકારના વૃક્ષોથી ઘેરાયેલા વનમાં પ્રવેશ કર્યો. તે વન નાના પ્રકારના હરણોથી ભરેલું હતું. એમાં નાના પ્રકારના પક્ષી કલરવ કરી રહ્યા હતા. રાજાએ વનમાં દૂરથી એક હરણ જોયું. તે રાજાએ અતિ તીક્ષ્ણ અને અતિ પુષ્ટ બાણથી એ હરણને વેધ્યું અને તે હરણ રાજાના બાણને લઈને અદૃશ્ય થઈ ગયું. લોહીથી ભીના સ્થળને જોઈને એ રાજાએ એ હરણનો પીછો કર્યો અને એ જ પ્રસંગથી બીજા વનમાં પ્રવેશ કર્યો. ભૂખ-તરસથી સૂકાયેલા કંઠવાલા અને શ્રમના સંતાપથી અર્દ્ધમૂર્ચ્છિત રાજાએ જળાશય પર પહોંચીને ઘોડા સમેત જ સ્નાન કર્યું. કમળ વગેરેના ગંધથી સુગંધિતત શીતળ જળ પીધું, પછીમાં એ બભ્રુવાહન રાજાએ જળથી બહાર નિકળીને વિશ્રામ કર્યો. સામે શીતળ છાયાવાળા મોટી-મોટી શાખાઓથી વધારે વિસ્તૃત અને નાના પ્રકારના પક્ષીઓના સમૂહોથી ગુંજિત મનોહર વટ-વૃક્ષને જોયું હતું. સૌથી વધારે ઊંચું હોવાને કારણે તે વટ-વૃક્ષ એ જંગલની મોટી ભારે પતાકાની સમાન પ્રતીત થયું હતું. એના જ મૂળની નજીક પહોંચીને રાજા અર્ધનિંદ્રિત થઈ ગયો. એને રાજાએ ક્ષુધા-તૃષાથી પીડિત, વ્યાકુળ ઇન્દ્રિયોવાળા, વિખેરાયેલા વાળો વાળા અને મેલા-કૂચેલા અત્યંત ભયાનક, કોડવાળા, લાંબા અને દુર્બળ એક પ્રેતને જોયું. વિકૃત અને ઘોર (પ્રેત) રાક્ષસને જોઈને બભ્રુ

વાહન ખૂબ જ વિસ્મિત થઈ ગયો અને પ્રેત પણ એ ઘોર વનમાં આવેલા એ રાજાને જોઈને ચકિત થઈ ગયો. તે પ્રેત પણ ઉત્કંઠિત મનથી રાજાની નજીક આવ્યો અને હે ગરુડ! પ્રેતરાજ એ સમયે રાજાથી બોલ્યો કે હે રાજન્! તમારા દર્શનરૂપી મિલનથી મેં પ્રેત ભાવ છોડ્યો અને પરમ ગતિને પ્રાપ્ત થયો. હે મહાવાહો! તમારા સંયોગથી આજે અતિ ધન્ય થયો છું. રાજાએ કહ્યું - હે પ્રેત! આ કૃષ્ણવર્ણ, મોટું ભયાનક મુખ અને ઘોર દર્શન, આવું મોટું અમંગળ પ્રેતત્વ તને કયા કર્મના પરિણામે મળ્યું છે? હે તાત! તમે મારાથી આ પ્રેતત્વનું બધું જ કારણ કહો. તું કોણ છે. કયા દાનથી તારું પ્રેતત્વ દૂર થશે. પ્રેતે જવાપ આપ્યો કે હે રાજશ્રેષ્ઠ! હું તમારાથી વગેરેથી અંત સુધી બધું કહું છું અને મારા પ્રેતત્વનું કારણ સાંભળીને તમે મારા પર દયા કરવા યોગ્ય થાો. બધી સંપત્તિઓથી પૂર્ણ વૈદિશ નામનું એક નગર છે જે અનેક પ્રકારના જનપદો તથા રત્નોથી પરિપૂર્ણ છે. ભવનો અને પ્રસાદોની શોભાથી સંયુક્ત છે અને નાના પ્રકારના શ્રૌત, સ્માત્તે વગેરે ધર્મથી યુક્ત છે. હે તાત! એ પુરમાં દેવતાઓનું પૂજન કરતો-કરતો હું નિવાસ કરતો હતો. હું વૈશ્ય જાતિનો છૂં, મારું નામ સુદેવ છે, આ તમે જાણો. હવિષ્યાન્નથી દેવતાઓને અને કવ્યાન્ન (પિંડદાન)થી પિતરોને સંતુષ્ટ કરતો હતો. નાના પ્રકારના અને દાનોથી મેં બ્રાહ્મણોને સંતુષ્ટ કર્યા અને દીન, અંધત તથા પંગુ મનુષ્યોને મેં અનેક પ્રકારથી અન્ન આપ્યું છે. હે રાજન્! તે બધા મારા સુકર્મ દેવયોગથી નિષ્ફળ થઈ ગયા. જે પ્રાકરે મારું સુકૃત નિષ્ફળ થઈ ગયું એને હું કહું છું. મને સંતતિ, મિત્ર, બાંધવ વગેરે એવું કોઈ નથી, જે મારી ઔર્ધ્વદૈહિક ક્રિયા કરે. હે મહારાજા! જેનું પોઢષમાસિક શ્રાદ્ધ નથી થતું, સેંકડો શ્રાદ્ધ કરવા પર પણ એનું પ્રેત રૂપ સમાપ્ત નથી થતું. આથી તમે મારો ઉદ્ધાર કરો. હે રાજા! રાજા જ એ લોકમાં બધાનો બંધુ માનવામાં આવે છે. હું તમને રત્ન અને મણીઓ આપીશ, તમે એવું કામ કરો જેનાથી હું પ્રેત યોનિથી મુક્ત થઈ જાઉં. મારા માટે આ સ્થિતિ ખૂબ જ દુઃખદાયક છે. આ વન ખૂબ જ સુંદર છે એમાં ફળ-ફૂલ છે અને શીતલ જળ પણ છે પરંતુ હું તરસ્યો હોવા છતાં પણ પાણી નથી પી શકતો. હે રાજન્! મારી બધી ક્રિયાઓ જો નારાયણ વિધિથી થાય અને વેદ મંત્રનું ઉચ્ચારણ થાય તો મારું પ્રેત રૂપ નષ્ટ થઈ જશે. કેમ કે વિષ્ણુની પૂજા કરવાથી સજ્જનોની સંગતિ અને શાસ્ત્રોને સાંભળવાથી એનાથી મનુષ્ય પ્રેત યોનિથી છુટકારો મેળવે છે. આથી પ્રેત યોનિનો નાશ કરવાવાળી વિષ્ણુની પૂજાને જાણી લેવી જોઈએ અને આ પ્રકારે વિષ્ણુની પૂજા કરવી જોઈએ.

મનુષ્ય પોતાના ન્યાયથી ૩ ૨ માશે સુવર્ણ એક્ઠું કરે અને નારાયણની પ્રતિમા બનાવે પછી એને બે પીળા કપડાઓથી ઢાંકીને આભૂષણ પહેરાવે અને અનેક પ્રકારથી તીર્થોના જળથી સ્નાન કરાવીને સિંહાસન પર પ્રતિષ્ઠિત કરે અને પછી એનું પૂજન કરે. એ પ્રતિમાના પૂર્વ દિશામાં શ્રીધર અને દક્ષિણ મધુસૂદન, ઉત્તતરમાં ગદાધર અનિ પશ્ચિમમાં વામનદેવને રાખે. વચ્ચે બ્રહ્મા અને મહાદેવ શંકરની સ્થાપના કરે તથા ફૂલોથી એની પૂજા કરે. પછી એની પ્રદક્ષિણા કરીને દહી અને દૂધથી તૃપ્ત કરે. એના પછી નહાઈને વિધિપૂર્વક ઔર્ધ્વદૈહિક ક્રિયા કરે. એમાં ક્રોધ અને લોભથી મુક્તિ જરૂરી છે. એના પછી બ્રાહ્મણો માટે તેર પદ દાન કરે અને પ્રેત માટે આ ઘડાનું દાન કરવું જોઈએ. આ સાંભળીને રાજાએ પૂછ્યું કે પ્રેત પ્રેતઘટનું દાન કેવી રીતે કરવામાં આવે છે? તમે મને એની વિધિ બતાવો. એના જવાબમાં પ્રેત બોલ્યો કે આ દાન પ્રેતત્વ પ્રાપ્ત નથી થતું. આ પ્રેતઘટ નામનું દાન પાપોને નાશ

કરવાવાળું છે અને લોકોમાં દુર્લભ છે. મનુષ્યને જોઈએ કે તે ઓગળેલા સોનાના ઘડાને બનાવીને ઇન્દ્ર, યમ, વરુણનું આહ્વાન કરીને આ ઘડાની વચ્ચે બ્રહ્મા, વિષ્ણુ અને ભગવાન શંકરનું આહ્વાન કરીને એમની પૂચા કરે અને પરી લોકપાલોની આરાધના કરે. એના પછી ધૂપ, ફૂલ, ચંદાનથી સોનાના ઘટનું દાન કરે. આ દાન પાપોને નાશ કરવાવાળું છે અને જો મનુષ્ય ઇચ્છે કે એનું પ્રેતત્વ નષ્ટ થાય તો એને આ દાન કરવું જોઈએ.

શ્રી ભગવાને એને પછી કહ્યું-હે ગરુડજી! જે સમયે પ્રેતની સાથે રાજા વાત કરી રહ્યો હતો એ સમયે હાથી, ઘોડા અને રથોથી ભરેલી રાજાની સેના પણ ત્યાં આવી ગઈ. એના ઉપરાંત પ્રેતે રાજાને મહામણિ આપી અને ત્યાંથી ચાલ્યો ગયો. રાજા પણ પોતાના નગરમાં પાછો આવ્યો અને ત્યાં પ્રેત માટે શ્રાદ્ધ કર્યું. એનાથી એ પ્રેતની યોનિ છૂટી ગઈ અને એના આપેલા દાનથી પ્રેત પણ ઉત્તમ ગતિને પ્રાપ્ત થયો.

આ સાંભળીને ગરુડજીએ ભગવાન નારાયણથી પૂછ્યું કે હે ભગવન્! પુણ્ય આત્માઓની અલૌકિક ક્રિયેઆઓ હોય છે એમના વિષયમાં બતાવો. આ સાંભળીને ભગવાન બોલ્યા કે ધર્મ સંપન્ન લોકોના યોગ્ય ક્રિયાઓના વિષયમાં હું તને બતાવું છું. જે પુણ્યાત્મા મનુષ્ય છે તે પોતાના વૃદ્ધાવસ્થામાં પોતાની ઇન્દ્રિયોની અશક્તતાને કારણે કશું નથી સાંભળતો પરંતુ પોતાની મૃત્યુને નજીક સમજીને એને એ પાપોનું પ્રાયશ્ચિત કરવું જોઈએ, જે એણે જાણે કે અજાણે કર્યા છે. અંત સમયમાં પૂર્વ ભગવાન વિષ્ણુનું ધ્યાન કરે અને ગંધ મૂળ, મિઠાઈ ફળ વગેરેથી પૂજા કરે. એમાં કેટલીક વાતો વિશેષ રૂપથી ધ્યાન આપવાની છે -

૧. બ્રાહ્મણોને દક્ષિણા આપવી અને ભોજન કરાવવું.

૨. અષ્ટાક્ષર (ઓઉમ વિષ્ણવે નમઃ)નો જાપ કરવો.

૩. દ્વાદશાક્ષર (ઓઉમ નમો ભગવતા વાસુદેવાય) મંત્રનો જાપ કરવો.

૪. વિષ્ણુના બધા અવતારો મતસ્ય, કૂર્મ, વરાહ, નરસિંહ, રામચન્દ્ર, કૃષ્ણ, વામન, પરશુરામ, કલ્કિ આમનું સ્મરણ કરવું અને બુદ્ધનું સ્મરણ કરવું.

(ગરુડ પુરાણમાં બુદ્ધને પણ વિષ્ણુના અવતારના રૂપમાં માની લેવામાં આવ્યા છે. આ પછી જોડાયેલું હોય લાગે છે.)

કૃષ્ણ નામના જાપ કરવાથી મનુષ્યના કરોડો પાપ ધોવાઈ જાય છે કેમ કે અજામિલના નારાયણ નામના પોતાના પુત્રને પુકારીને મોક્ષ પ્રાપ્ત કરી લીધો હતો. તો પછી પોતાના મનની ઊંડાણતાથી વિષ્ણુનું નામ લેવાથી મનુષ્ય મોક્ષ પદને અવશ્ય પ્રાપ્ત થાય છે. ભગવાન વિષ્ણુ દુષ્ટોને પણ ક્ષમા કરી દે છે કેમ કે તે એમનું નામ સ્મરણ કરી લે છે. પાપનો નાશ કરવામાં વિષ્ણુનું નામ જેવી શક્તિ બીજા કોઈ તત્ત્વમાં નથી. જ્યારે યમરાજ પોતાના દૂતોને આદેશ આપે છે તો કહે છે કે તમે ફક્ત એ જ લોકોને લાઓ જેઓએ વિષ્ણુના નામનું સ્મરણ કર્યું હોય. વિષ્ણુના

અનેક નામ છે, કમલનયન, વાસુદેવ, શંખચક્રને ધારણ કરવાવાળા, દામોદર, હરિ, શ્રીધર, માધવ, જાનકી, નાયક- આ બધા નામોના સ્મરણથી પાપ દૂર થઈ જાય છે. જે મનુષ્ય ભગવાનના ચરણ-કમળોમાં પોતાની ભક્તિ રાખે છે એના માટે યમરાજનો આદેશ છે કે એને છોડી દેવામાં આવે. ફક્ત એ જ વ્યક્તિને લાવવવામાં આવે જે ભગવાનનુ સ્મરણ નથી કરતો અને એમના પૂજનથી વિમુખ થાય છે.

જે વ્યક્તિ પાપોનું પ્રાયશ્ચિત કરે છે અને નારાયણથી દૂર રહે છે એનો ઉદ્ધાર નથી થતો. કૃષ્ણ ભક્ત સ્વપ્નમાં પણ યમદૂતોને નથી જોતો. એવા ભક્ત શરીર મુક્ત થઈને મોક્ષ પ્રાપ્ત કરે છે. આથી વિષ્ણુનું નામ સ્મરણ પરમ ચૈતન્યની પ્રાપ્તિ કરાવે છે. વિષ્ણુ સહસ્ત્ર નામનો પાઠ કરવો પણ જોઈએ અને સાંભળવો પણ જોઈએએ. એકાદશીનું વ્રત ગીતા ગંગાજળ, તુલસી જળ મૃત્યુના સમયે મનુષ્યને મુક્તિ આપવાવાળા હોય છે. હે ગરુડજી! આ વાત જાણી લેવી જોઈએ, જે મનુષઅય અંતકાળમાં દાન આપે છે એને વધારે અધિક ફળ મળે છે.

અંતિમ સમયમાં કરવામાં આવેલું દાન જો પુત્ર દ્વારા સમર્થિત થાય છે તો એનું ફળ ઓર પણ વધારે થાય છે.

સત્પુત્રને જોઈએ કે તે પોતાના પિતાના અંતિમ સમયમાં એમનાથી દાન કરાવે કેમ કે આથી લોકો પુત્રની કામના કરે છે. પિતાના અંત સમયમાં કરવામાં આવેલા દાનના પળ પુત્રને પણ પ્રાપ્ત થાય છે અને પિતા પણ દુઃખને પ્રાપ્ત નથી થતાં.

તલનું દાન ખૂબ જ મહત્ત્વપૂર્ણ હોય છે. એનાથી અસુર, દાનવ, દૈત્ય સંતુષ્ટ થઈ જાય છે. સફેદ કાળા રંગના તળ દાન કરવાથી મન શરીરથી કરવામાં આવેલા પાપ ધોવાઈ જાય છે.

ભૂમિમાં હાથ રાખીને લોખંડનું દાન કરવું જોઈએ. એનાથી યમરાજનો ભય દૂર થઈ જાય છે કેમ કે યમરાજના હાથમાં કુહાડી વગેરે રહે છે. તેથી આ દાન એમના ડરથી મુક્ત કરે છે.

સોનાનું દાન સૌથી મહત્ત્વપૂર્ણ દાન છે. એનાથી ભૂલોક, ભૂવર્લોક અને સ્વર્ગલોકમાં નિવાસ કરવાવાળા પ્રાણી સંતુષ્ટ થાય છે. દેવતા પણ આ દાનને પ્રાપ્ત કરીને વરદાન આપે છે. આ દાન પ્રેતનો ઉદ્ધાર કરે છે અને સ્વર્ગની ગતિ બતાવે છે. તે પરાક્રમી ધની ધર્માત્મા અને રૂપવાન હોય છે.

કપાસનું દાન પણ યમદૂતોના ભયથી દૂર કરાવે છે.

મીઠા(નમક)નું દાન કરવાથી ચિત્રગુપ્ત વગેરે પણ સંતુષ્ટ થાય છે.

સપ્તધાન્યથી ધર્મરાજ પ્રસન્ન થાય છે અને યમપુરના દ્વાર બંધ થઈ જાય છે. સપ્તધાન્ય જવ, ઘઉં, મગ, અડદ, ચણા અને ચોખા તથા કંગુની કહેવામાં આવ્યા છે. ગાય ચરમ માત્ર અર્થાત્ એટલી ધરતી પર જેના પર ગાય અને બળત સાથે-સાથે બેસી શકે દાન કરવાથી મનુષ્ય બ્રહ્મહત્યાના પાપથી મુક્ત થઈ જાય છે.

જે મનુષ્ય વ્રત કરે છે અને આ બધા કહેલા દાનો કરે છે એના તો પાપ દૂર થાય જ છે, પરંતુ ભૂમિ દાનથી મનુષ્ય સુર અને અસુરથી પૂજિત થઈને ઇન્દ્રલોક જાય છે.

જે રાજા બ્રાહ્મણને ભૂમિ દાન નથી કરતો તે સંસારમાં જો ફરીથી આવે છે તો પોતાની એક નાની ઝૂંપડી પણ નથી બનાવી શકતો.

અભિમાનવશ ભૂમિનું દાન કરવાથી જ નરકમાં વાસ થાય છે. પરંતુ આ ત્યાં સુધી હોય છે જ્યાં સુધી કે તે બાકી ભૂમિ પોતાની પાસે રાખે છે.

ભૂમિદાન ગૌદાનની જેમ જ છે કે મ કે ભૂમિ ગાયનું જ રૂપ છે. મનુષ્યને જોઈએ કે અંતધેનુ અને રુદ્રધેનુ તથા ઋણધેનુ તથા મોક્ષધેનુનું દાન કરે. આ પ્રકારના દાનથી મનુષ્ય બધા પ્રકારના પાપોથી મુક્તિ મેળવી લે છે.

પોતાની અનેક અવસ્થાઓમાં કરવામાં આવેલા પાપ ગાય દાનથી નષ્ટ થઈ જાય છે. સમય-સમય પર જે મન, વચન, કર્મથી પાપ થાય છે તે બ્રાહ્મણને ગાયદાન આપવાથી નષ્ટ થઈ જાય છે.

મનુષ્યને જોઈએ કે તે સાવધાન થઈને મૃત્યુથી પહેલા ગૌ દાન કરે. પરંતુ દાન સત્પાત્ર ને જ કરવામાં આવવું જોઈએ કેમ કે સત્પાત્રને પ્રતિગ્રહના દોષ નથી લાગતો. અપાત્રને દાન આપવામાં આવેલી ગાય દાતાને નરકમાં પહોંચાડે છે. જે વ્યક્તિ પોતાનું કલ્યાણ ઇચ્છે છે એને જોઈએ કે તે અપાત્ર માટે ગાયનું દાન ના કરે અને એક ગાયને એક મનુષ્યને જ દાન કરે. ગૌદાન વહેંચી નથી શકાતું. હવે હું વૈતરણી નદીને પાર કરવા માટે ગૌદાનનું મહત્ત્વનું ચિત્રણ કરું છું.

મનુષ્યને જોઈએ કે તે કૃષ્ણ કે લાલ વર્ણની ગાયને અભૂષણોથી સુસજ્જિત કરીને એને ખુરોની ચાંદી, સીંગડાઓને સોનાના બનાવીને કપાસની ઉપર ઊભી કરીને તાંબાના પાત્રની સાથે લોખંડ દંડને ધારણ કરવાવાળા યમરાજની સ્થાપના કરે. પછી એ પાત્રમાં ઘી નાખીને બધાની ઉપર રાખી દે પછી ઈખની નાવ બનાવીને રેશમના કપડામાં લપેટીને એને પાણીના ખાડામાં નાવને નાખી દે અને પછી ગાયની સાથે એનો સંકલ્પ કરીને એને બ્રાહ્મણને દાન આપી દે. તે આ પ્રકારથી પ્રાર્થના કરે કે - હે જગન્નાથ! તમે શરણાગત વત્સલ છો. શોકમાં ડૂબેલા વ્યક્તિઓના રક્ષક છો, તમે મારો ઉદ્ધાર કરો. હું દક્ષિણા સહિત આ ગાયદાન કરી રહ્યો છે. તમને તથા વૈતરણ રૂપ ગાયને નમસ્કાર છે. મેં એ નદીથી ઉતરવા માટે આ ગાયદાન કર્યું છે. દેવેશ ઇન્દ્ર! હું ગાયોના મધ્યમાં જ નિવાસ કરું. ગાયોમાં લક્ષ્મીનો નિવાસ છે. આ લક્ષ્મી રૂપ ધેનું મારા પાપોનો નાશ કરે. મનુષ્યને જોઈએ કે આ પ્રકારે પૂજા કરીને અને પ્રદક્ષિણા કરીને ગાય સહિત બધી સામગ્રી બ્રાહ્મણને દાન આપી દે. એવો વ્યક્તિ ધર્મરાજની સભામાં પહોંચી જાય છે. આ પ્રકારે પુણ્ય કાળમાં ગાયનું દાન કરવાથી પાપ નષ્ટ થઈ જાય છે. જ્યારે શ્રદ્ધા ઉત્પન્ન થાય અને કોઈ સત્પાત્ર મળી જાય એને પણ પુણ્ય કાળ માનવામાં આવે છે. અર્થાત્ એવા સમયમાં નિશ્ચિંત થઈને ગૌદાન કરવું જોઈએ. કેમ કે મનુષ્યનો વૈભવ એક જેવો નથી રહેતો અને મૃત્યુ પણ ક્યારેય પણ આવી શકે છે આથી દાન કરીને મનુષ્યને

ધર્મનો સંગ્રહ કરવો જોઈએ. ભાવનાથી કરવામાં આવેલું થોડું દાન પણ અપાર ફળ આપે છે. ભાઈ-બંધુ શરીર બધું નાશવાન છે ફક્ત ધર્મ જ સ્થિત રહે છે. મૃત્યુ પછી પ્રત્યેકને પ્રેમ ક્ષીણ થઈ જાય છે. પ્રાણીની પોતાની આત્મા જ એના બંધુ છે. આથી પોતાની સંતુષ્ટિ માટે દાન આપવું જોઈએ. આ જીવન અનિત્ય છે. મનુષ્યની પાછળ કોઈ એના માટે કશું નથી કરતો આથી એને ખુદ પોતાના લોકોત્તરની ચિંતા થવી જોઈએ. મરેલા શરીરને લાકડી અને કાંકરાની સમાન લોકો છોડી દે છે, આથી મનુષ્યને જોઈએ કે તે પોતાના શુભ-અશુભનું ધ્યાન રાખીને દાન કરે. દુઃખનો સંસાર સાગર વિરાટ હોય છે. એમાં કોઈ કોઈનો ભાઈ નથી. અહીંયા કર્મના સંબંધથી પ્રાણી આવે છે અને ચાલ્યા જાય છે. કર્મના ભાવ સાથે જોડાય છે અને કર્મના ક્ષીણ થવા પર સંબંધ તૂટી જાય છે. માતા-પિતા, પુત્ર વગેરે બધે એક્ઠા થયેલા એ પ્રાણીઓ સમાન છે, જે નદીમાં વહેતાં લાકડીઓના તરાપાની જેમ એક પણ છે અને નથી પણ.

આ લોકથી જે લોકોત્તરનો માર્ગ છે એમાં જ્ઞાની વ્યક્તિ સુખ મેળવે છે નહીં તો એને કષ્ટ મળે છે. જે-જે આપણે અહીંયા આ ધરતી પર દાન કરીએ છી એના પુણ્યના પ્રભાવથી આપણને ધર્મના માર્ગમાં આરામ મળે છે.

આથી જ્યાં સુધી મનુષ્યનું જીવન છે ત્યાં સુધી તે દાન અને સમર્પણથી પોતાની આત્માને ઉદાર બનાવે. ધર્મથી અર્થ થાય છે અને ધર્મથી જ કામ થાય છે અને ધર્મ જ મોક્ષનો દાતા હોય છે. આથી મનુષ્યએ ધર્મ કરવો જોઈએ. પરંતુ એ પણ જાણી લેવું જોઈએ કે ધર્મ શ્રદ્ધાથી ધારણ કરવામાં આવે છે. ધન, ધર્મનો આધાર નથી હોતો. જે મનુષ્ય ધનહીન છે તે પણ પોતાના સ્વચ્છ મનથી ધર્મનું આચરણ કરીને સ્વર્ગની પ્રાપ્તિ કરે છે.

હે ગરુડ! જે મનુષ્ય ધરમના પુરા રૂપોને જાણીને દેવી-દેવતાઓને પ્રસન્ન કરીને ધાર્મિક કાર્ય કરે છે અને વિધિવત્ દાન આપે છે તે પોતાના પુણ્યોને સંચિત કરે છે. એને નરકની યાતના નથી થતી અને આવો મનુષ્ય પરમ આનંદને પ્રાપ્ત કરે છે.

***

સાતમો અધ્યાય

ગરુડજીએ ભગવાન નારાયણથી કહ્યું-હે પ્રભુ! હવે તમે મને પ્રેત યોનિમાં રહેવાવાળાઓની મુક્તિનો ઉપાય બતાવો. મને પ્રેતોનું સ્વરૂપ અને એમની ચરિત્રાગત વિશેષતાઓ બતાવવાની કૃપા કરો. આ સાંભળીને શ્રી ભગવાને કહ્યું કે હે ગરુડ! હું હવે તને પ્રતેના સ્વરૂપ અને એના ચિહ્નોના વિષયમાં બતાવું છું. પ્રેતોની દેહ એક પ્રકારથી વાયુની સમાન હોય છે અને કોઈને દેખાઈ નથી દેતી. પ્રેત ભૂખ-તરસથી પીડિત થઈને ઘરમાં પ્રવેશ કરે છે, પોતાના બંધુ-બાંધવોની પાસે જાય છે અને ક્યારેક-ક્યારેક એમનું મુખ વિકૃત થઈ જાય છે. મનુષ્યના સ્વપ્ના જોવાની અનેક સ્થિતિઓ હોય છે. પરંતુ એ સપનાઓથી એમના વિશેષ ભૂત અને ભાવી સ્વરૂપને જાણી શકાય છે. જે વ્યક્તિ સૂતા પોતાને ઝંજીરોમાં બંધાયેલો જુએ છે અને સ્વપ્નમાં અન્નની યાચના કરે છે એને પ્રેત દુખી કરે છે.

જે સવ્પનમાં બળદ પર સવારી કરે છે અથવા ખુદને આકાશમાં ઉછળતો અનુભવ કરે છે અથવા પોતાની સ્ત્રી અને બંધુઓથી મૃત્યુ રૂપમાં નજરે પડે છે એને પણ પ્રેત ખૂબ જ તંગ કરે છે. ક્યારેક-ક્યારેક પ્રેતના દોષોને કારણે જ મનુષ્ય દુઃખી થઈને પાણીની યાચના કરે છે. જ્યારે આવા સ્વપ્ન દેખાય તથા ઘરથી નિકળવાવાળા પુત્ર અને પશુ નજરે પડે તો સમજી લેવું જોઈએ કે પ્રેત દોષ લાગ્યો છે.

હે ગરુડ! કોઈ વેતને જાણવાવાળા પૂરા વિદ્વાનનો ત્યાગ કરીને પ્રેત મુક્તિનો ઉપાય નથી હોતો. પરંતુ વેદજ્ઞાતાને તર્પણ કરતાં-કરતાં પ્રેતના દોષથી મુક્તિ થઈ જાય છે કેમ કે દાન અને તર્પણથી ભટકતું પ્રેત પણ તૃપ્તિને પ્રાપ્ત થાય છે. જે પ્રેત તૃપ્ત થાય છે તે પોતાના બંધુ-બાંધવોને કષ્ટ નથી આપતા જ્યારે એના વિપરીત અતૃપ્ત પ્રેત કષ્ટ આપે છે.

હે ગરુડ! તૃપ્ત પ્રેત પોતાના કુળવાળાઓને સુખ-સુવિધા આપે છે. જે વ્યક્તિ પ્રેતના દો,ોને જાણીને એના નિવારણનો ઉપાય નથી કરતો તે દુર્ગતિને પ્રાપ્ત થાય છે. પ્રેત પણ ક્યારેક-ક્યારેક પોતાની દુર્ગતિનો અનુભવ કરાવી દે છે.

ક્યારેક-ક્યારેક મનુષ્ય પ્રેતથી શાપયુક્ત થઈ જાય છે અને પછી દરિદ્રતાને પ્રાપ્ત થાય છે. આવા પ્રેત યમલોકમાં પહોંચીને કર્મોનો ક્ષય કર્યા કરે છે.

આ સાંભળીને ગરુડજીએ પૂછ્યું કે ક્યારેક-ક્યારેક ન તો કોઈ નામ અને ગોત્ર હોય છે અને ન સ્વપ્નમાં પ્રેતની કોઈ ચેષ્ટા નજરે પડે છે., ના પ્રેતના દર્શન થાય છે.. છતાં આવી દશામાં શું કરવું જોઈએ?કેમ કે પ્રેત ન દેખાવા પર પણ જ્યોતિષી એમની સત્તાની વાત કરે છે. આ સાંભળીને ભગવાને કહ્યું કે એમની વાત સત્ય હોય છે. મનુષ્યને જોઈએકે ભક્તિપૂર્વક જપ અને હવન કરીને પોતાના શરીરને શુદ્ધ કરતો રહે. આવું કરવાથી પ્રેત-દોષ નથી લાગતો. જો કોઈ મનુષ્યને ભૂત-પ્રેત અને પિશાચ નથી સતાવતા તો પણ પોતાની સામાન્ય બાધાને દૂર કરવા માટે એણે જપ કરવા જોઈએ. એણે એ સમજવું જોઈએ કે એના પિતૃગણ એના જપથી ખુશ થશે.

મનુષ્યને જોઈએ કે તે ગાયત્રી જાપ કરે. એનાથી તે ઉત્તમ લોકને પ્રાપ્ત થાય છે. આ વિશ્વમાં માતા-પિતા સમાન કોઈ દેવતા નથી. તેઓ પ્રત્યક્ષ દેવતા છે કેમ કે એમના દ્વારા જ પ્રાણી શરીર ધારણ કરે છે. આથી એમના હિતોની રક્ષા અવશ્ય કરવી જોઈએ. ગુરુ પણ પ્રત્યક્ષ દેવતા છે. તેથી ગુરુના માટે પણ જપ કરવા જોઈએ.

મનુષ્યનું શરીર જ સ્વર્ગ-નરક અથવા મોક્ષ પ્રદાન કરવાવાળું છે. આ શરીર પૂજા પણ કરે છે અને પૂજાના યોગ્ય પણ થાય છે. આ શરીરથી મહાન કર્મ કરતાં કરતા મનુષ્ય લોક પૂજા માટે યોગ્ય થાય છે. જે વ્યક્તિ પોતાના પિતૃગણોના લાભ માટે તપ અને દાન કરે છે તે બધા પાપોથી મુક્ત થઈ જાય છે. વિદ્વાન લોકો કહે છે કે પુન્નામ વાળા નરકથી પુત્રને જોઈએ કે તે પિતાનું તાર્ણ કરે ત્યારે તે પ્રેત વિદ્વાનોને નથી જોતા.

ગરુડજીએ ભગવાન નારાયણથી પૂછ્યું કે પ્રેત અસ્તિત્વમાં કેવી રીતે આવે છે અને એમનું શં ભોજન હોય છે. ભગવાને આનો જવાબ આપતા કહ્યું કે પાપ કરવાવાળા વ્યક્તિ પોતાના પૂર્વ જન્મોને કારણે જ પ્રેત થયા કરે છે. જે લોકો કોઈ બાવડી, કૂવા અથવા તળાવ કે આરામ (બગીચો) અથવા કોઈ દેવસ્થાનની સાથે લાગેલા સુંદર ફળોથી યુક્ત બગીચાને કે ભોજનશાળાને કે પાણી પીવાવાળા સ્થાનને કે ધર્મના સ્થાનને નષ્ટ ભ્રષ્ટ કરી દે છે તેઓ મરીને પ્રેત યોનિને પ્રાપ્ત થાય છે.

જે લોકો ઘોર જંગલ અને ગોચર-ભૂમિને પોતાના લોભથી કાપે છે તેઓ પણ પ્રેત યોનિને પ્રાપ્ત થાય છે અને મૃત્યુ પછી ચાંડાલ થઈ જાય છે. આવા લોકો ચાંલાડથી સર્પ દર્શનથી અથવા કોઈ ઝડપી દોડવાવાળા પશુના દાંતથી મૃત્યુને પ્રાપ્ત થાય છે.

જે લોકો ડાકુઓ, ચોરો દ્વારા મારી નાંખવામાં આવે છે તેઓ પણ ક્યારેક-ક્યારેક પ્રેત યોનિમાં આવે છે. પોતાના સંસ્કારોના લોપ થવાથી અને પિંડાના લુપ્ત થઈ જવા પર ભૂખી દશામાં રહેતા પર્વત વગેરે સ્થાનથી પતિત થઈ જાય છે તેઓ આ યોનિને પ્રાપ્ત થાય છે. હે ગરુડ! જે લોકો સૂતક વગેરેમાં સંપર્ક કરીને કઠોર શૈત્ય ક્રિયાથી મરે છે તેઓ પ્રેત યોનિમાં આવી જાય છે.

આ વિષયમાં તને એક પ્રાચીન ઇતિહાસ બતાવું છું. ધર્મરાજ યુધિષ્ઠિરે મહારાજા ભીષ્મથી કૂછ્યું હતું કે કયા કર્નાં વિપાકથી પ્રેત યોનિ પ્રાપ્ત થાય છે અને પછી એનાથી છુટકારો કેવી રીતે થાય છે? આનો જવાબ આપતા ભીષ્ણજીએ કહ્યું-મનુષ્યને પ્રેતત્વ પ્રાપ્ત થઈ જાય છે અને તે એનાથી મુક્ત પણ થાય છે. હે ધર્મરાજ, પ્રાચીન સમયમાં એક સંતપ્ત નામનો બ્રાહ્મણ હતો. તે તપ કરવા માટે વનમાં નિવાસ કરતો હતો. તે સ્વાધ્યાયમાં લાગેલો રહેતો હતો અને દયાળુ હતો. તે હવન વગેરે કરતો-કરતો બ્રહ્મચર્યનું પાલન કરતો હતો અને તપ કરીને હંમેશાં જ પરલકોથી ડરતો રહેતો હતો. તે હંમેશાં ગુરુના વચનોનો માનતો, અતિથિઓની સેવા કરતો, બધા સંઘર્ષોથી રહિત હતો. તે ફક્ત યોગાભ્યાસ કરતો.

એને આ રીતથી રહેતા-રહેતા અનેક વર્ષ વ્યતીત થઈ ગયા. એના પછી એણે વિચાર્યું કે હું તીર્થોમાં ભ્રમણ કરું. તીર્થોમાં સ્નાન કરતા સમયે એણે સૂર્યના ઉદય કાળમાં સૂર્યને નમસ્કાર કર્યા પરંતુ એક દિવસે એ બ્રાહ્મણે પાંચ પ્રેતોને જોયા. આ પાંચ પ્રેતોને જ્યારે એણે જોયા તો તે આંખ બંધ કરીને વિચાર કરવા લાગ્યો. તે એણે ખૂબ જ વિકૃત આકારવાળા નજરે પડી રહ્યાં હતા. પછી એ બ્રાહ્મણે સાહસ કરીને એનાથી પૂછ્યું કે તમે લોકોએ એવા કયા દુષ્ટ કર્મ કર્યા છે, જેનાથી તમને વિકૃત રૂપ પ્રાપ્ત થયું? આ સાંભળીને એ પ્રેતોએ જવાબ આપ્યો-અમને પોત-પોતાના કર્મોને કારણે આ પ્રેત યોનિ મળી છે. અમે બીજાઓથી દ્વેષ કર્યા અને એ કારણે અમે ભૂખ-તરસથી પીડિત રહીએ છીએ. અમે હવે મૂર્ચ્છિત થઈ ગયા અને અમે દિશાઓને પણ ના ઓળખી શક્યા. અમે ક્યાં જઈએ એની અમને ખબર જ નથી. ના કોઈ પિતા છે, ના કોઈ માતા. એના પછી એ પાંચેયમાંથી એકે કહ્યું કે અમે પાંચે અલગ-અલગ નામધારી છીએ. ત્યારે બ્રાહ્મણે પૂછ્યું કે- તમે નાધારી કેવી રીતે થયા? મને એનું કારણ બતાવો. ત્યારે તે પ્રેત

પોલ્યો કે હમેં હંમેશાં બ્રાહ્મણને વાસી ભોજન ખવડાવીને પોતે સ્વાદિષ્ટ ભોજન કર્યું આથી મારું નામ પાર્યુષિત પડ્યું. આ બીજા પ્રેતે અન્નની ઇચ્છાથી બીજાઓને દગા ઓપાય્ આને આનું નામ સૂચીમુખ પડ્યું. આ ત્રીજા પ્રેત જેનું નામ શીઘ્રક છે તે કોઈ પણ યાચક બ્રાહ્મણને જોઈને જલ્દીથી ચાલ્યો જતો હતો અને આ ચોથો રોહક નામનો પ્રેત છે. એણે બધા સંબંધિઓના પદાર્થોને ખુદ ખાવાની ટેવ નાખી હતી અને આ પાંચમો પ્રેત લેખક નામનો છે. આનું આ નામ આથી પડ્યું કે જ્યારે કોઈ એનાથી કશું માગતા તો તે પૃથ્વી પર લખવા લાગતો હતો. આથી અમને પ્રેતોના નામ પ્રાપ્ત થયા. અમારા આકાર વિપરીત છે અને હવે બગડેલા રૂપવાળા થઈ ગયા છીએ. પરંતુ હવે હે બ્રાહ્મણ અમે દમારા દર્શન કરી લીધા છે અને હવે અમારું જ્ઞાન પાછું આવી ગયું છે તેથી અમારાથી તમે કંઈ બીજું પણ પૂછી શકો છો.

બ્રાહ્મણે પૂછ્યું કે તમારો આહાર શું છે? કેમ કે આહાર વગર તો કોઈ જીવિત નથી રહી શકતો. આ પ્રશ્નના જવાબમાં પ્રેત બોલ્યા-પ્રેતોનું ભોજન કફ, મળ અને હવન કરેલો પદાર્થ હોય છે. તે પવિત્રતાથી રહિત હોય છે. જ્યાં પર મળ-મૂત્ર રહે છે ત્યાં જ આ પ્રેત ભોજન કરે છે. જે ઘરમાં પવિત્રતા નથી હોતી ન સત્ય અને સંયમ હોય છે, જે પતિત હોય છે એના ઘરમાં પ્રેતોને ભોજન મળે છે. જ્યાં પર લોભ, ક્રોધ, મોહ, શોક, ભય વગેરેની અધિકતા હોય છે ત્યાં પ્રેતોને ભોજન મળે છે.

એના પછી બીજા પ્રેતે પોતાના ભોજન વિષયમાં બતાવતા કહ્યું કે ખરાબમાં ખરાબ વસ્તુ અમારો ખાદ્ય પદાર્થ હોય છે. પરંતુ હવે અમે પ્રેત ભાવથી વિરક્ત થઈ ગયા છીએ આથી હે મહાભાગ! તમે એ બતાવો કે અમે શું કરીએ જેનાથી આ પ્રેત ભાવ ના રહે.

એમની આ વાત સાંભળીને બ્રાહ્મણે કહ્યું કે નિત્ય પ્રતિ ઉપવાસ કરવાવાળા અને મહાવ્રત કરવાવાળા ક્યારેય પ્રેતત્વને પ્રાપ્ત નથી થતાં. જે મનુષ્ય રાજાના રૂપમાં યજ્ઞ કરે છે તથા આરામઘર, પ્યાઉ વગેરે બનાવે છે તે પ્રેતત્વને પ્રાપ્ત નથી થતો. જે બ્રાહ્મણ અને કુંવારી કન્યાઓના લગ્ન કરાવી દે અને જે વિદ્યા દાન કરે છે એ પ્રેતત્વને પ્રાપ્ત નથી થતો. પરંતુ એના વિપરીત બીજાના અન્નને ખાવાવાળા, યજ્ઞ ન કરવાવાળા, અને અપકર્મ કરવાવાળા બ્રાહ્મણ દેવતા તથા ગુરુમાં કોઈની સંપત્તિનું હરણ કરવાવાળા વ્યક્તિ પ્રેતત્વને પ્રાપ્ત થાય છે. એના સિવાય ધરોહરનું અપહરણ, મિત્રોથી દગો, વિશ્વાસઘાત, ભાઈથી દ્રોહ, ગાયનો વધ, ગુરુની પથારી પર ગમન કરવાવાળો મનુષ્ય પ્રેત થઈ જાય છે.

ભીષ્મજીએ કહ્યું કે જ્યારે બ્રાહ્મણ અને પાંચ પ્રેતોમાં આ સંવાદ ચાલી રહ્યો હતો તો આકાશમાં ફૂલોની વર્ષા થઈ. એ પ્રેતોનું પ્રેતત્વ એ બ્રાહ્મણની સાથે વાતચીત ક રવામાં નષ્ટ થઈ ગયું અને તેઓ મુક્ત થઈ ગયા હતા.

આ સાંભળીને ગરુડજીએ ભગવાનથી કહ્યું-હે પ્રભુ! વેદોમાં કહેવામાં આવ્યું છે કે ક્યારેય કોઈ અકાળમાં નથી મરતો અર્થાત્ બધા સ્વાભાવિક મૃત્યુને પ્રાપ્ત થાય છે પછી રાજા ક્ષોત્રિય કેવા મૃત્યુને પ્રાપ્ત થાય છે? કળિયુગમાં આટલી ઉંમર કેમ નથી રહેતી?

આ પ્રશ્નના જવાબમાં ભગવાન નારાયણ બોલ્યા-મનુષ્ય વિધાતા દ્વારા આપવામાં આવેલા સમયને ભોગવાને ચાલી જાય છે. તેમ છતાં મનુષ્ય સો વર્ષો સુધી જીવવાવાળો હોય છે પરંતુ પોતાના ખરાબ કર્મોથી એની આયુનો ક્ષય થઈ જાય છે અને જે વ્યક્તિ શ્રદ્ધા નથી રાખતો તેમજ અશુદ્ધ રહે છે, પાપોમાં લીન રહે છે એના માટે યમરાજના દ્વારા જલ્દી ખુલી જાય છે. જે બ્રાહ્મણ પોતાના કર્મોને નથી કરતા અને જે વૈશ્ય શાસ્ત્રની વિધિથી કર્મ ન કરીને પાપયુક્ત કર્મ કરવા લાગી જાય છે તે પણ જલ્દી જ યમરાજના લોકમાં પહોંચે છે. જે શૂદ્ર પોતાના સેવાભાવને ત્યાગીને પોતાના મન-ઇચ્છિત કર્મ કરે છે તે પણ યમરાજને ત્યાં જલદી પહોંચી જાય છે.

આ મનુષ્યનું શરીર અનિત્ય છે અને સમાપ્ત થવાવાળું છે. આવું તે ક્યાં સુધી રહેશે એ નથી કહી શકાતું. આ દેહની ઉત્પત્તિ રસથી થાય છે અને આ અન્નના પિંડથી પૂરું થાય છે. આથી રસ અને અન્નની સંગતિમાં દોષ હોવાથી આ શરીર કેવી રીતે નિત્ય થઈ શકે છે? મનુષ્યને જોઈએ કે તે પોતાના શરીરથી અને પાપ ન કરીને જૂના પાપોને જ નષ્ટ કરે કેમ કે પાછલા જન્મના પાપ જ મનુષ્યના નવા જન્મને પ્રભાવિત કરે છે. અર્થાત્ માનસિક વ્યથા અને વ્યાધિ અર્થાત્ રોગના વિષયમાં વિચાર કરીને મનુષ્યને જોઈએ કે તે શુભ અને અશુભને જુએ. કેમ કે જન્મ લીધા પછી શરીર અજ્ઞાનના અંધકારથી ઢંકાઈ જાય છે.

જન્મ ગ્રહણ કર્યા પછી મૃત્યુ અવશ્ય થાય છે. કોઈ પણ વ્યક્તિ હોય-સંપન્ન કે ગરીબ, વિદ્વાન કે અભણ, ઊંચી જાતિવાળો હોય કે નીચી જાતિવાળો, આ દેહને ધારણ કર્યા વગર સુખની પ્રાપ્તિ નથી થતી અને તે સુખ-દુઃખ પહેલા જન્મોના કર્મો પર જ નિર્ભર રહે છે. જન્મ પછી સમય-સમય પર પૂર્વ જન્મના પાપ અને પુણ્ય ભોગવવવામાં આવે છે. આ પ્રકારે મનુષ્ય વ્રતો અને દાનોના પ્રભાવથી મોક્ષને પણ પ્રાપ્ત કરે છે અને એના અભાવથી ભાવાગમનમાં લાગેલો રહે છે.

એના પછી ગરુડજીએ પૂછ્યું કે જેની બાલ્ય અવસ્થામાં મૃત્યુ થઈ જાય છે એનું પિંડદાન કેવી રીતે થાય છે? જ્યાં સુધી બાળકના ચૂડાકરણ સંસ્કાર ન થઈ જાય ત્યાં સુધી કે પછી એના પછી એના મરવા પર શું વિધાન હોય છે?

આ પ્રશ્નના જવાબમાં ભગવાન બોલ્યા કે ગર્ભપાતની અવસ્થામાં કશું વિશેષકરણીય નથી હોતું. જ્યાં સુધી ચૂડાકર્મ ન થાય ત્યાં સુધી શિશિને ભૂમિમાં ગાડી દેવો જોઈએ અને એની આત્માની શાંતિ માટે બાળકોને દૂધ પિવડવવું જોઈએ. ચૂડાકર્મ પછી વિધિવત્ દાહ સંસ્કાર કરવા જોઈએ અને જો દસ વર્ષની અવસ્થા સુધી મૃત્યુ થયું છે તો એની તૃપ્તિ માટે અન્ય શિશુઓને ભોજન અને દૂધ આપવું જોઈએ. જે જન્મ ગ્રહણ કરે છે એની મૃત્યુ તો થાય જ છે આથી તે પુનઃ જન્મ ગ્રહણ કરે છે. મૃત્યુ પછી આત્માની તુષ્ટિ માટે સંકલ્પ કરીને મનુષ્યને જોઈએ કે તે દાન કરે અને ભોજનની સાથે મિઠાઈનું દાન પણ ઉત્તમ હોય છે. જ્યારે કોઈ વ્યક્તિ પાંચ વર્ષથી વધારે મોટો થાય છે, જે પોતાની ઇન્દ્રિયોના વિષયમાં પૂરી રીતે જાણી લે છે એના જ પૂર્વ જન્મોમાં કરેલા કર્મોનું ધ્યાન નથી રહેતું પરંતુ એનો પ્રભાવ થાય છે. આવાના મૃત થઈ જવા પર વિધિવત્ સંસ્કાર કરવા જોઈએ અને પછી દસ પિંડ દાન કરવા

જોઈએ. જે-જે કંઈ એને પોતાના જીવનમાં પ્રિય હોય છે તે જ પછીથી દાન કરવું જોઈએ. આ પ્રકારે એના પછી અવસ્થાના અનુરૂપ ભોગ અને યોગથી જ્ઞાન પ્રાપ્ત કરીને બધા સંસ્કાર કરવા જોઈએ.

હે ગરુડ! હું પ્રેતત્વની મુક્તિ માટે સુકૃત અને દાનના વિષયમાં પણ બતાવું છું. મેં આના વિષયમાં પહેલાં તમને બભ્રુ વાહન નામના રાજાની કથા સંભળાવી હતી અને તને જાણ થઈ હતી કે કયા પ્રકારે તે પ્રેત યોનિથી મુક્ત થયો હતો. પરંતુ એની વિશેષ મુક્તિ માટે સ્વર્ણ ઘટનું દાન ખૂબ જ આવશ્યક છે. આવું દાન કરીને ફરી કોઈ બીજા દાનની જરૂર નથી રહેતી. પરંતુ આ બંનેમાં જેવું કે મેં પહેલાં બતાવ્યું મનુષ્યને આસક્તિ રહિત થઈને દાન કરવું જોઈએ. એનાથી યમરાજની તુષ્ટિ થાય છે અને પ્રેતત્વથી મુક્તિ પ્રાપ્ત થાય છે.

***

આઠમો અધ્યાય

પક્ષીરાજ ગરુડે ભગવાન નારાયણથી પૂછ્યું કે મનુષ્યને મર્યા પછી કયા પ્રકારે સદ્ગતિ મળે છે અને મરતો પ્રાણી કયા પ્રકારથી કૃત્ય કરે છે તથા એને કેવા કાર્ય કરવા જોઈએ.

ગરુડના આ પ્રશ્નના જવાબમાં ભગવાન નારાયણે કહ્યું કે જ્યારે કર્મના વશીભૂત થઈને અંતિમ સમય આવી જાય તો એ સમયે મનુષ્યને જોઈએ કે તુલસીની પાસે ગોબરનું મંડલ બનાવે અને પછી તલોને ફેલાવીને કુશાનું હળવું એવું આસન બનાવે અને પછી શાલિગ્રામ શિલાની સ્થાપના કરે કેમ કે તુલસીના ઝાડની છાયા જ્યાં મળી જાય છે ત્યાં મરવાથી મુક્તિ થાય છે. તુલસીનું વૃક્ષ જે ઘરમાં હોય છે ત્યાં યમરાજ નથી પહોંચતા. જે મનુષ્ય તુલસીના દળ મુખમાં રાખીને પ્રાણ ત્યાગ કરે છે તે પુત્રહીન થવા પર પણ મૃત્યુ લોકને પ્રાપ્ત થાય છે. તલ ભગવાનના પરસેવાથી ઉત્પન્ન છે આથી પવિત્ર છે અને કુશ મારા રોમની વિભૂતિ છે. કુશાના મુલમાં બ્રહ્મા, વચ્ચે જનાર્દન અને આગલા ભાગમાં શંકર વિદ્યમાન છે. આથી કુશ, અગ્નિ, બ્રાહ્મણ અને ગાય આ વારંવાર કામ લાગવા પર પણ અપવિત્ર નથી થતા. આ બધા નિર્માલ્ય હોય છે.

મનુષ્યને જોઈએ કે છાણથી લિપેલા સ્થળ પર મનુષ્યને સુવડાવે. પલંગથી ઉતારીને એને નીચે સૂવડાવે. ખાટલાથી ઉતારીવો એથી જરૂરી છે કે પિશાચ, રાક્ષસ, ભૂત-પ્રેત, યમના દૂત ખાટલા વગર લિપેલા વગરના સ્થાનમાં પ્રવેશ કરી લે છે. પછી એના પછી લિપેલી ભૂમિ પર સુવડાવની મરવાવાળાના મુખમાં સ્વર્ણ અને રત્ન નાખે. પછી ચરણામૃત પિવડાવે કેમ કે જે વ્યક્તિ શાલિગ્રામના સ્પર્શ કરેલા જળને એક બૂંદના રૂપમાં પણ લે છે તે પાપોથી છૂટી જાય છે. એના પછી ગંગાજળ પિવડાવે કેમ કે ગંગાજળ બધા તીર્થોના પુણ્ય ફળ આપવાવાળું હોય છે. હે ગરુડ! જેમ અગ્નિને મેળવીને રૂ સળગી જાય છે એવી જ રીતે ગંગાના જળથી પાપ નષ્ટ થઈ જાય છે. જે રીતે નદીઓમાં સ્નાન કરવામાં મનુષ્ય પવિત્ર થાય છે એવી જ રીતે ગંગાના દર્શન અને નામ લેવા માત્રથી પવિત્ર થઈ જાય છે. મરતા સમયે જે વ્યક્તિ ગંગાનું જળ પીને ગંગાનું ઉચ્ચારણ પણ કરે છે તે વિષ્ણુ લોક જાય છે અને મોક્ષને

પ્રાપ્ત કરે છે. તેથી ગંગાનું ધ્યાન કરવું ખૂબ જરૂરી છે. શ્રીમદ્ ભાગવત્ની કથા સાંભળવી પણ મોક્ષ અપાવે છે. વેદ અને ઉપનિષદોનો પાછ તથા શિવ અને વિષ્ણુ સ્રોતથી મરવા પછી મુક્તિ મળી જાય છે. હે ગરુડ! મૃત્યુના સમયે મનુષ્યને અનશન વ્રત કરવું જોઈએ અને પોતાના મનમાં એ વિચાર કરીને કે મેં સંન્યાસ લઈ લીધો છે એવો વ્યક્તિ ફરી ઉત્પન્ન થાય છે. આ રીતે ધર્માત્માના પ્રાણ ઉપરના છિદ્ર દ્વારા નિકળે છે. જે લોકો સુકૃતી હોય છે તે પોતાના પ્રાણોનું વિસર્જન મુખ, આંખ, નાક અને કાન દ્વારોથી કરે છે. યોગી લોકો તાળવાના છિદ્રથી પ્રાણ છોડે છે.

આ રીતે હે પક્ષીરાજ! કાળથી ઠેસ ખાધેલું આ શરીર ઈશ્વર રૂપી વાયુથી નીકળી જવાથી આદારહીન ઝાડની જેમ થઈ જાય છે. પ્રાણોના ન હોવા પર આ શરીર અસ્પર્શ્ય અને દુર્ગંધ યુક્ત થઈ જાય છે. આથી ક્ષણમાત્રમાં નષ્ટ થવાવાળા આ શરીરનું ગર્વ ના કરવું જોઈએ.

મનુષ્યમાં જે પાંચ તત્વ હોય છે તેઓ અલગ-અલગ પૃથ્વીમાં પૃથ્વી, જળમાં જળ, પવનમાં પવન, હવામાં હવા અને તેજમાં તેજ વિલીન થઈ જાય છે. આકાશામાં આકાશ લીન થઈ જાય છે. આ આકાશ જ સર્વવ્યાપી છે. આ નિત્ય મુક્ત છે. અજન્મા, અમર આત્મા છે અને આ સાક્ષી રૂપ છે. પુણ્ય કર્મોથી યુક્ત થઈને આ આત્મા નવા શરીરમાં પ્રવેશ કરે છે અને જે પુણ્યાત્મા હોય છે, ધર્મના જ્ઞાતા હોય છે તેઓ પૂજિત થઈને દેવલોક જાય છે.

આ સાંભળીને ગરુડજીએ પૂછ્યું કે હે પ્રભુ! અગ્નિ-સંસ્કારના વિધાન પણ બતાવો અને સાધ્વી પત્નીનું મહત્ત્વ બતાવવાની પણ કૃપા કરો.

આ પ્રશ્નના જવાબમાં ભગવાન નારાયણ બોલ્યા કે પુત્ર અને પૌત્ર મર્યા પછી પિંડદાન કરીને પિતાના ઋણથી મુક્ત થઈ જાય છે. પુત્રને જોઈએ કે તે માતા-પિતાની અંત્યેષ્ટિ કરે. શોકને છોડીને પોતાના પાપોને દૂર કરવા માટે બંધુ-બાંધવો સહિત મુંડન કરાવે. જો પુત્ર માતા કે પિતાના મર્યા પછી મુંડન નથી કરાવતા તે જાણે વાસ્તવિક પુત્ર નથી હોતો. પુત્રને જોઈએ કે મુંડન કરાવીને પછી સ્નાન કરીને ધવલ વસ્ત્ર ધારણ કરીને તાજા જળથી મૃતકના શરીરને સ્નાન કરાવે. એના પછી ચંદન, માળા, વગેરેથી એને સુશોભિત કરે અને નવા વસ્ત્રોથી ઢાંપ કરીને દક્ષિણા સમેત પિંડદાન કરે. દ્વાર દેશમાં મૃતકના નામની સાથે પાંચ શબ્દ જોડીને પિંડનું દાન કરે. એના પછી પ્રદક્ષિણા કરીને પુત્રવધુ વગેરે દ્વારા પૂજન કરે. પહેલા પુત્રને ખભો લગાવવો જોઈએ અને પછી બંધુઓએ. જો પુત્ર પોતાના ખભા પર રાખીને પિતાને સ્મશાન સુધી લઈ જાય છે એને અશ્વમેધ યજ્ઞનું ફલ મળે છે અને તે પોતાના પિતાના ઋણથી છૂટી જાય છે. એના પછી પુત્રને જોઈએ કે તે અડધા માર્ગમાં ભૂમિને સાફ કરીને શબને આરામ આપે અને પછી પિંડ દાન કરાવે. આ પિંડ દાનથી બીજી દિશામાં રહેવાવાળા પ્રેત યક્ષ અગ્નિને સમર્પણ કરવા યોગ્ય થઈને શબને અયોગ્ય નથી કરી શકતા.

સ્મશામાં શબને લઈ જઈને ઉત્તરની તરફ મ્હોં રાખીને અને પછી ભૂમિને સાફ કરે. છાણથી લીપીને એના ઉપર જળ છાંટે અને પછી અગ્નિની સ્થાપના કરે અને પછી વેદમંત્રોથી વિધિપૂર્વક હવન કરે અને પ્રાર્થના કરે કે હે ભગવાન! તમે ભૂતોને ધારણ કરવાવાળો છો અને જગતના ઉત્પત્તિકારક છો. ભૂતોને પાળવાવાળા છો આથી આ મૃત

વ્યક્તિને સ્વર્ગ લઈ જાઓ. આ રીતે અગ્નિની પ્રાર્થના કરીને તુલસીની લાકડી, પલાશ કે પીપળની લાકડીઓની ચિતા બનાવે અને પછી મૃત શરીરને ચિતામાં રાખીને ચિતામાં શબના હાથ પર એના નામ સાથે પ્રેત લગાવીને પિંડ દાન કરે. મનુષ્યને જોઈએ કે તે પાંચ પિંડ દાન પછી શબને સળગાવવાનો ઉપક્રમ કરે. જો તે પાંચ પિંડ દાન નથી કરતો તો ભૂત વગેરે વિઘ્ન પેદા કરી શકે છે. એના પછી પુત્રને જોઈએ કે તે અગ્નિહોત્રીની સાથે લઈને શબમાં અગ્નિ લગાવે.

જે લોકો પંચકમાં મરે છે એમને સદ્ગતિ નથી મળતી. પંચકમાં દાહ ના કરવો જોઈએ. પાંચ નક્ષત્ર દાહના યોગ્ય નથી હોતા. પરંતુ આ પાંચ નક્ષત્રોના વિઘ્નોને દૂર કરવાના ઉપાય પણ છે અને વિધિપૂર્વક દાહ તથા એ દોષોની શાંતિ થઈ શકે છે.

હે ગરુડ! મરવાવાળાની પાસે ચાર પુતળા રાખવા જોઈએ. કુશાના બનેલા આ પુતળા મંત્ર દ્વારા મંત્રિત હોય. પછી સોનું તપાવીને એમાં ચાર નક્ષત્રોના નામ અંકિત કરવા જોઈએ અને પછી 'પ્રેતા જયત' મંત્રથી હવન કરવો જોઈએ. એના પછી શબ દાહ કરવો જોઈએ. તલનું પાત્ર, સોનુ, ચાંદી અને કાંસ્ય પાત્ર ધનિષ્ઠાદિ નક્ષત્રોના ક્રમથી દોષની શાંતિ માટે દાન કરવું જોઈએ. શાંતિ વિધાનથી જે દાહ થાય છે એમાં કોઈ વિઘ્ન નથી હોતું અને મૃતાત્માને સદ્ગતિ મળે છે. આ પ્રકારે પંચકમાં દાહ કર્મ કરવામાં આવે છે.

જો પત્ની પતિની સાથે ચિતામાં જવા માગતી હોય તો તે સ્નાન કરે. યોગ્ય રીતથી તૈયાર થાય અને પછી ગુરુને નમસ્કાર કરે તથા ભક્તિ કરે અને પછી શરમ છોડીને સ્મશાન ભૂમિ તરફ જાય. ત્યાં સૂર્યને નમસ્કાર કરીને ચિતાની પરિક્રમા કરે અને પછી એને ફૂલની પથારી સમજીને એના પર ચઢે અને પતિને પોતાના ખોળામાં સુવડાવે અને પછી ગંગા સ્નાન સમાન પોતાના શરીરને સળગાવે. ગર્ભિણી સ્ત્રીને પતિની સાથે ના સતી થવું જોઈએ. જે નારી પતિના શરીરની સાથે સતી થાય છે એનું શરીર તો સળગે છે પરંતુ આત્માને કષ્ટ નથી થતું. તે નારી પોતાના પાપોના સળગાવી દે છે. જે રીતે ધાતુથી તપાલેલા લોખંડના પિંડથી ધાતુ નથી સળગતી એવી જ રીતે સ્ત્રી સળગતી નથી બલ્કે શુદ્ધ થઈ જાય છે. એની આત્મા પતિની આત્માની સાથે એકમેવ થઈ જાય છે. પતિની સાથે મરવા પર તે પતિમાં જ મળી જાય છે પરંતુ જ્યાં સુધી તે પોતાના શરીરને નથી સળગાવતી ત્યાં સુધી શરીરથી ક્યારેય મુક્ત નથી થતી. પતિના મરવા પર જે નારી પોતાને સતી કરે છે તે સ્વર્ગલોકમાં જાય છે અને જ્યાં સુધી ચૌદ ઇન્દ્ર રહે છે ત્યાં સુધી તે પતિની સાથે વિહાર કરે છે.

પતિની સાથે સતી થવાવાળી સ્ત્રી પોતાના કુળોને પવિત્ર કરે છે. મનુષ્યના દેહમાં જેટલા રોમ છે તે પોતાના જ કાળ સુધી આનંદ કરે છે. પછી તે વધારે આયુ લઈને નિર્મળ કુળમાં ઉત્પન્ન થાય છે અને એ જ પતિને પ્રાપ્ત કરે છે. જે વિધવા સ્ત્રી થોડા એવા સમયના શરીર જલનના દુઃખને નથી સહી શકતી તે વિરહની આગમાં સળગતી રહે છે. આથી સ્ત્રીને જોઈએ કે તે પતિને શિવ સમજીને પોતાનું શરીર સળગાવે.

હે ગરુડ! મનુષ્યને જોઈએ કે તે સળગતા શબના મસ્તક લાકડીથી અને યતિઓના મસ્તક શ્રીફળથી ફોડે. મૃતકના પુત્રને જોઈએ કે તે બ્રહ્મ લોકની પ્રાપ્તિ માટે ઘીની આહુતિથી યજ્ઞ કરે અને કહે કે હે પાવક, તમે બ્રહ્મથી ઉત્પન્ન થાઓ અને તમે દિવ્ય શરીરવાળા થાઓ, તમે હાવિ હોવ, આથી તમે પ્રજ્જવલિત થાઓ જેનાથી આ સ્થૂળ શરીર તમારામાં બળી જાય. પછી મંત્રો સહિત આહુતિ આપીને રૂએ. પછી દાહ પછી પુત્ર અને સ્ત્રીએ સ્નાન કરવું જોઈએ અને મરેલા વ્યક્તિનુંન નામ તથા ગોત્ર ઉચ્ચારિત કરીને એને છોડી દેવા જોઈએ પછી મૃતકના ગુણોનું વર્ણન કરવું જોઈએ.

મૃતકના દાહના પછીના દિવસે પોતાના ઘરનું ભોજન ન કરે. દક્ષિણ દિશામાં મુખ કરીને સ્થાનને લીપે અને જ્યાં એને રાખવામાં આવ્યા હતો ત્યાં ૧૨ રાત્રિ-દિવસ દીવો સળગાવે.

સ્મશામાં કે કોઈ ચાર રસ્તા પર માટીના વાસણમાં ત્રણ દિવસ સુધી દૂધ અને જળ છોડે અને એ કહે કે હે મરવાવાળા તમે બંધુ-બાંધવો દ્વારા ત્યાગ કરવામાં આવ્યા છો. આ જળ અને દૂધ છે. જળથી સ્નાન કરો અને દૂધ પીવો. હે ગરુડ! ચોથા દિવસે ચિતાના સ્થઆનને દૂધથી છાંટીને હાડકાઓને એકત્રિત કરવા જોઈએ અને પછી એમને દૂધ અને જળથી ધોઈને માટીના પાત્રમાં રાખીને શ્રાદ્ધ કરવું જોઈએ. ચિતાની ભસ્મને એક્ઠા કરીને ઘડામાં સ્થાપિત કરીને પ્રવાહિત કરી દેવા જોઈએ.

મનુષ્યને જોઈએકે જો પ્રવાહિત ન કરે તો પંદર પગ ઉત્તર દિશામાં ચાલીને ખાડો ખોદીને હાડકાંના પાત્રને દબાવી દે. એના પછી દાહને પીડાને નાશ કરવાવાળા પિંડનું દાન કરે અને પછી ગંગાના કિનારે જઈને પવિત્ર થઈને અસ્થિઓને પોતાના હાથમાં પલે અને મસ્તક પર સ્પર્શ કરીને ગંગામાં પ્રવાહિત કરી દે. જેટલા વર્ષ સુધી મનુષ્યના હાડકા ગંગામાં વહેતા રહે છે એટલા હજાર વર્ષ સુધી તે સ્વર્ગ લોકમાં આનંદ કરે છે. ગંગાનો સમપર્શ કરવા માત્રથી મનુષ્ય સ્વર્ગલોકમાં પહોંચી જાય છે.

જો કોઈ વ્યક્તિની મૃત્યુની સૂચના વિદેશથી પ્રાપ્ત થઈ હોય તો કોઈ બીજા રૂપમાં માર્યો ગયો હોય અને એનો દેહ ના મળ્યો હોય તો જે દિવસે એના મૃત્યુના સમાચાર મળે એ જ દિવસે કુશાનું પુતળું બનાવીને ક્હેલી વિધિ અનુસાર એનો દાહ સંસ્કાર કરે અને પછી એની ભસ્મને ગંગામાં પ્રવાહિત કરી દે.

જો ગર્ભના પૂરા થવા પર સ્ત્રીની મૃત્યુ થઈ જાય તો પેટને ચીરીને બાળકને કાઢીને એને જમીનમાં દાટી દે અને સ્ત્રીનો દાહ સંસ્કાર કરે. ૨૭ મહીના સુધીના બાળકને ભૂમિમાં દાટે અને એના પછી એને સળગાવીને એની અસ્થિઓ ગંગામાં પ્રવાહિત કરે.

બાળકના મરવા પર દૂધ આપવું જોઈએ અને કુમાર બાળકના મરવા પર કુમારને જ ખવડાવવું જોઈએ. આ રીતે મેં તને મૃત્યુ ઉપરાંત કર્તવ્ય કર્મોના વિષમયાં બતાવ્યું. કુમાર બાળક અગિયારમાં અને બારમાં સામાન્ય રીતિથી

કરવા જોઈએ. જો યજ્ઞોપવીત થઈ ગયો હોય તો યજ્ઞોપવીતની સાથે એનું પિંડ દાન કરે અને ખીર અને દૂધથી પાંચ પિંડ આપે.

જે લોકો જ્ઞાની હોય છે તેઓ આત્મસ્વરૂપ થાય છે અને પુત્ર દ્વારા પિંડ દાન પ્રાપ્ત કરવાની અભિલાષા નથી રાખતા. તેથી એમનું પિંડદાન અને જળદાન ના કરવા જોઈએ પરંતુ પિતાની ભક્તિ-ભાવનાથી તીર્થ શ્રાદ્ધ કરી શકાય છે.

***

નવમો અધ્યાય

ગરુડજીએ ભગવાન નારાયણથી દસગાત્રની વિધિ જાણવા ઇચ્છા અને એ પણ પૂછ્યું કે જો પુત્ર ન હોય તો આ ક્રિયા કોના દ્વારા કરવામાં આવવી જોઈએ? આના જવાબમાં ભગવાને કહ્યું કે દસગાત્રની વિધિ કરવાથી પુત્ર પિતાના ઋથી મુક્ત થઈ જાય છે.

પુત્રને જોઈએ કે સત્વગુણથી પરિપૂર્ણ થઈને પિંડદાન કરે અને રોવે નહીં. પ્રેતો માટે આંસૂ બાધક હોય છે કેમ કે શોક કરવા પછી પણ મરેલો વ્યક્તિ પાછો નથી આવતો. તેથી શોક વ્યર્થ છે. જેનો જન્મ થાય છે એનું મૃત્યુ થાય જ છે આથી, તે મનુષ્યના જીવનનું આવાગમન થતું જ રહે છે. દેવી અને મનુષ્યની એવી કોઈ વિધિ નથી જેનાથી મૃત્યુને પ્રાપ્ત પ્રાપણી ફરી પેદા થઈ જાય. જે એવું હોત તો રાજા રામ અને મોટા-મોટા મહાનુભાવ દુઃખી ન હોતા. જેમ કોઈ યાત્રી માર્ગમાં ચાલતો-ચાલતો કોઈ છાંયડામાં આરામ કરે છે અને પછી આગળ ચાલી જાય છે એવી જ રીતે પ્રાણીઓનો આપસી સંબંધ હોય છે. જે રીતથી એક સમયમાં બનાવેલી વસ્તુ થોડા સમય પછી નષ્ટ થઈ જાય છે. એવી જ રીતે પ્રાણીઓનો સંબંધ હોય છે. આથી મૃત્યુના વિષયમાં શોક કરવો વિકાર છે. અજ્ઞાનથી ઉત્પનન્ન શોકને છોડીને પુત્રને જોઈએ કે તે મરેલાની ક્રિયા કરે.

૧. પુત્રના ન હોવા પર વહૂ ક્રિયા કરે.

૨. વહૂના ન હોવા પર મૃતકના સગા ભાઈ આ કાર્ય કરે.

૩. બ્રાહ્મણની ક્રિયા શિષ્ય કરે.

૪. અને જો કોઈ ન હોય તો ભાઈઓમાંથી કોઈ એક પુત્ર આ ક્રિયા કરે.

૫. જો લોહી સંબંધમાં કોઈ ન હોય તો આ કાર્ય મિત્રએ કરવું જોઈએ.

આ પ્રકારે આ જ ક્રમથી બંધુ-બાંધઝવ આ ક્રિયાને કરે. જો એક પુરહુષની અનેક સ્રીઓ છે તો એનામાંથી કો પણ એકથી ઉત્પન્ન પુત્રએ આ કાર્ય કરવું જોઈએ. કેમ કે જો એકને પણ પુત્ર હોય તો તે બધી સ્ત્રિઓ પુત્રવતી કહેવાય છે. કોઈ વ્યક્તિ કોઈ અનાથ પ્રેતના સંસ્કાર કરે છે તો એ કરોડો યજ્ઞોનું ફળ મેળવે છે. જો પુત્રની મૃત્યુ થાય છે તો પિતા

કષ્ટપૂર્વક દસગાત્ર કરે. પરંતુ સંવત્સર શ્રદ્ધા અલગ-અલગ વિભાગને કારણે અલગ-અલગ કરવી જોઈએ કેમ સંપત્તિના વિભાગ થઈ જાય છે.

દસગાત્રના અવસર પર દિવસમાં એક વખત ભોજન કરવું જોઈએ અને ભૂમિ પર સૂવું જોઈએ અને આ અવસર પર શુદ્ધ રહીને બ્રહ્મના ધ્યાનમાં તત્પર રહેવું જોઈએ. માતા-પિતાની પરિક્રમા કરવાથી પુત્રને પૃથ્વીની પરિક્રમાનું ફળ પ્રાપ્ત થાય છે.

દસગાત્રના આરંભમાં વરસી સુધી આ પુત્ર એક સમય પર આહાર કરવાવાળો થઈને ભૂમિ પર સૂવે છે તો એને તીર્થનો લાભ મળે છે. વેદી બનાવી અને છાણથી લીપવાની ક્રિયા પહેલા જ બતાવવામાં આવી છે. પરંતુ પ્રેતનું શ્રાદ્ધ કરીને પુત્રએ એ ધ્યાન રાખવું જોઈએ કે પત્તા પર કુશાના બ્રાહ્મણને સ્થાપિત કરેને એની પૂજા કરે અને "અતસીપુષ્ય સંકાશમ્" મંત્ર વાંચીને બ્રાહ્મણને પ્રણામ કરે અને ફરી નામ ગોત્ર કહીને પિંડદાન કરે. ભાત કે જવના લોટનું પિંડ દાન કરવું જોઈએ. એની સાથે-સાથે એ પણ કહે કે મારી આ આપવામાં આવેલી વસ્તુ અમુક પ્રેતને મળે.

એના ઉપરાંત બહારથી સ્નાન કરીને અનાજ અને દૂધ લઈને દસગાત્ર કરવાવાળા મૃતકની સ્ત્રીને આગળ કરીને એના ઘેર જાય અને પછી પ્રાર્થના કરે કે દૂબની સમાન કુળની વૃદ્ધિ થાય અને અનાજનો લાવાની જેમ વિકાસ થાય આ કહીને તે દૂધયુક્ત અનાજ ઘરમાં ફેંકી દે.

હે ગરુડ! દસમા દિવસે માંસનું પિંડ આપે કેમ કે કળિયુગમાં માંસનું પિંડ આપવું વર્જિત છે આથી અડદનું પિંડ આપે અને પછી મુંડન કરાવીને બ્રાહ્મણોને ભોજન આપે. આ પ્રકારે દસગાત્ર કરવાવાળા પુત્ર પરમ લાભને પ્રાપ્ત થાય છે.

***

દસમો અધ્યાય

ગરુડજીએ ભગવાન નારાયણથી કહ્યું-હે પ્રભુ! તમે મને એકાદશાહ વૃષોત્સર્ગનું વિધાન બતાવો.

ભગવાન નારાયણે કહ્યું કે મનુષ્યને જોઈએ કે તે અગિયારમાં દિવસે સવારે કાળા તળાળને કિનારે જાય અને પિંડ ક્રિયા કરે. એ બ્રાહ્મણોને નિમંત્રણ આપે જે વેદ-શાસ્ત્રમાં આસ્થા રાખવાવાળા હોય અને પ્રેતની મુક્તિ માટે પ્રાર્થના કરે. એના પહેલાં ૧૦ દિવસ સુધી મંત્રોના અભાવમાં જ ગોત્રનું ઉચ્ચારણ કરીને પિંડદાન કરે અને અગિયારમાં દિવસે મંત્રો સહિત પંડદાન કરે. વિષ્ણુની મૂર્તિ સોનાની, બ્રહ્માની ચાંદીની, અને રુદ્રની તાંબાની, અને યમરાજની લોખંડની મૂર્તિ બનાવીને, ગંગાજળ લાવે અને પછી વિષ્ણુનો કળશ રાખે. એ કળશ ઉપર એ મૂર્તિની સ્થાપના કરે. પૂર્વ દિશામાં બ્રહ્માનો કળશ રાખીને સફેદ કપડું ચઢાવીને મૂર્તિની સ્થાપના કરે. ઉત્તર દિશામાં મધ અને ઘીથી ભરેલા રુદ્રનો કળશ રાખે અને લાલ વસ્ત્ર ઉઠાવીને રુદ્રની સ્થાપના કરે. દક્ષિણ દિશામાં યમરાજનો ઘટ રાખે અને

કાળું વસ્ત્ર લપેટીને યમરાજની મૂર્તિ સ્થાપિત કરે. એના પછી વચ્ચે બ્રાહ્મણને પ્રતિષ્ઠિત કરીને દક્ષિણની તરફ મ્હોં કરીને પ્રેત પ્રત્યે તર્પણ કરે. એના પછી ગાયનું દાન આપે અને પછી મૃતકના ઉપયોગની બધી વસ્તુઓ દાન કરે.

પુત્રને જોઈએ કે તે પથારી ઉપર સુવર્ણ પુરુષની સ્થાપના કરીને એ પથારીનું દાન કરે અને કહે - હે બ્રાહ્મણ! પ્રતિમાયુક્ત બધી સામગ્રી મેં તમને આપી દીધી છે.એના પછી તે નમસ્કાર કરીને દાન કરે. આ વૃષોત્સર્ગથી પરમ ગતિ પ્રાપ્ત થાય છે. વૃષોત્સર્ગમાં રોગી અને હીન અંગવાળા બાળકોને છોડીને લક્ષણથી યુક્ત વૃષભનો ત્યાગ કરે. બ્રાહ્મણને આપવા માટે જે વૃષભ હોય એની આંખો લાલ, પીળો વર્ણ અને યોગ્ય સીંગ વગેરે હોવા જોઈએ. પેટ સફેદ અને પીઠ કાળી હોવી જોઈએ. ક્ષત્રિય માટે લાલ રંગના ચિકણા વૃષભ હોવા જોીએ. વૈશ્ય માટે પીળા રંગના, શૂદ્ર માટે કાળા રંગના વૃષભ હોવા જોઈએ. પિંગ વૃષભ પીળા રંગના હોય છે અને પિતૃઓમાં પ્રેમ વધારવાવાળા હોય છે. નીલ વૃષભનું મુખ અને પૂંછડી સફેદ હોય છે અને શરીર લાહીના રંગનું લાલ હોય છે. રક્ત નીલ વૃષભ શરીર લાલ રંગનું હોય છે. મુખ અને પૂંછડી હળવા પીળા રંગની. નીલ પિંગ એ વૃષભને કહે છે જેના ખુર અને પૂંછડી પીળા રંગના હોય છે અને બાકી અંગ કોઈ એક રંગના. બભ્રૂ નીલ વૃષભ કબૂતરના રંગના હોય છે અને એના માથા પર તિલક હોય છે. આ વૃષભ પૂર્વજોનો ઉદ્ધાર કરવાવાળા હોય છે. જેનું આખું શરીર આસમાની હોય છે એને મહાનીલ કહે છે. નીલ વૃષભ પાંચ પ્રકારના હોય છે. જો કોઈ એક પુત્ર અનેક પુત્રોની કામના કરે છે અને ગયાનું શ્રદ્ધા કરે છે, ગોરી કન્યાથી લગ્ન કરીને અને પછી નીલ વૃષભને ત્યાગે છે તો તે પુત્ર માન્ય, યોગ્ય થાય છે. સ્વર્ગમાં ગયેલા પિતૃ પણ આ વાતની કામના કરે છે કે એમનો કોઈ પુત્ર વૃષોત્સર્ગ કરી દે તો તેઓ પરમ ગતિને પ્રાપ્ત થશે. કેમ કે વૃષ યજ્ઞ મુક્તિ આપવાવાળા હોય છે.

મનુષ્યને જોઈએ કે તે વિધાનપૂર્વક વૃષનો યજ્ઞ કરે. ગ્રહોની સ્થાપના કરીને એમને વૈદિક મંત્રોથી પૂજીને યજ્ઞ કરે. વૃષ અને ગાયનું પૂજન કરીને વાછરડા કે વાછરડીને લાવીને એનામાં કંગન બાંધે અને જે રીતે લગ્નમાં થાંભળા ગાડવામાં આવે છે એવી રીતે ગાડે. વૃષભ અને વાછરડીને જો શક્ય હોય તો રુદ્ર કંભના જળથી સ્નાન કરાવે. પછી ગંધ અને માળાથી પૂજા કરીને કંભની પરિક્રમા કરે. એના ઉપરાંત ત્રિશૂળની જમણી તરફ રાખે અને ડાબી તરફ ચક્રનું નિશાન બનાવે અને પછી બળદને છોડીને કહે -હે વૃષભ! તમે ધર્મ છો અને બ્રહ્મ દ્વારા મંત્રના રૂપમાં પ્રાચીન કાળમાં રચવામાં આવ્યા છો. હું તમારો ઉત્સર્ગ કરું છું, તમે મારા પિતૃઓને આ ભવસાગરથી પાર ઉતારો. આ કરીને ભગવાને કહ્યું કે હું એવા વ્યક્તિને મોક્ષ પ્રદાન કરું છું.

જો કોઈ પુરુષને જીવન કાળમાં પુત્ર ન હોવાનો વિશ્વાસ થઈ જાય તો એને ખુદ વિધાનપૂર્વક વૃષ ઉત્સર્ગ કરવો જોઈએ. એનાથી તે પરમ ગતિને પ્રાપ્ત થાય છે. કાર્તિકનો મહીનો હોય, સૂર્ય ઉત્તરાયણમાં હોય, પક્ષ ભલે કોઈ પણ હોય, સૂર્ય અને ચંદ્ર ગ્રહણ બંને અવસરો પર કોઈ પણ અવસર પર મનુષ્યને જોઈએ કે તે વૃષોત્સર્ગ કરે. શુભ લક્ષણથી યુક્ત બ્રાહ્મણને બોલાવીને વૈષ્ણવ શ્રાદ્ધ કરે પછી પોતાનુ શ્રાદ્ધ કરે. આ રીતે જે પણ, કોઈ પણ વ્યક્તિ ચાહે પુત્રવત હોય અને ચાહે પુત્રહીન હોય આ કાર્ય કરીને કામ્ય ફળ પ્રાપ્ત કરે છે. વૃષનો ઉત્સર્ગ અનેક યજ્ઞો અને

અનેક દાનોના પુણ્યની સમાન હોય છે. મનુષ્યની કોઈ પણ અવસ્થા હોય (બાળપણ, જવાની, વૃદ્ધાવસ્થા) બધીમાં, આ કર્મથી પાપ દૂર થઈ જાય છે. એના સિવાય શરાબી, દુષ્ટ, મિત્રદ્રોહી, બ્રહ્મહત્યાનો પાપી અને સોનુ ચોરવાવાળો, કોઈ પણ વ્યક્તિ આ ઉત્સર્ગ કરીને પાપમુક્ત થઈ જાય છે.

જો પતિ અને પુત્રવાળી સ્ત્રી જો પતિ અને પુત્રથી પહેલા મૃત્યુને પ્રાપ્ત થઈ જાય તો એના વૃષને ઉત્સર્ગ ના કરવું જોઈએ. એના માટે દૂધ આપવાવાળી ગાયનું દાન થવું જોઈએ. હે ગરુડ! વૃષના ઉત્સર્ગવાળા બળદથી ખેતીનું કામ ના લેવું જોઈએ. એવા પૂજિત બેલને મારવાવાળા યમની યાતના સહન કરે છે.

આ વિષયમાં બીજી એક વાત હું તને કહું છું કે સોળ શ્રાદ્ધ કરવાથી પહેલાં મનુષ્યને જોઈએ કે તે મૃતકના સ્થાન, અર્ધ માર્ગ, ચિતા અને મૃતકના હાથ પર હાડકાઓના સંચયનમાં સોલ પિંડ આપે. પહેલું પિંડ વિષ્ણુ માટે, બીજું શિવ માટે, ત્રીજું સપરિવાર યમ માટે, ચોથું સોમરાજ માટે, પાંચમું હવ્ય અને છઠ્ઠું કવ્યવાહ માટે અને સાતમું કાખ માટે આપે.

આઠમું રુદ્ર, નવમું પુરુષ, દસમું પ્રેત, અગિયારમું વિષ્ણુ માટે આપીને, બારમું બ્રહ્મા માટે આપે, પછી તેરમું વિષ્ણુ માટે અને ચૌદમું શિવ માટે આપીને પરીથી યમરાજ માટે પંદરમું પિંડદાન કરે અને આ બધું કર્યા પછી સોળમું પિંડ એ પુરુષ માટે દાન કરે. આ રીતે બાર મહીનામાં પાક્ષિક, ત્રિમાસિક અને છમાસિક, પિંડદાન કરી શકાય છે. આ રીતે ષોડશ પૂર્વ ષોડષી મલિન ષોડશી અને મધ્ય ષોડશી કુળ મળીને અડતાળીસ શ્રાદ્ધ થાય છે. એનાથી પ્રેતોનો ઉદ્ધાર થાય છે અને એમના પાપ સમાપ્ત થઈ જાય છે.

જે વ્યક્તિ આ શ્રાદ્ધોને નથી કરી શકતા એમના મૃતક પ્રેત યોનિમાં સ્થિર થઈ જાય છે. આથી પુત્રને જોઈએ કે તે ષોડશ શ્રાદ્ધ કરે અને જે પત્ની આ સોળ શ્રાદ્ધ કરે છે અને સંપૂર્ણ રૂપથી ૪૮ શ્રાદ્ધ કરે છે તે પરમ પદને પ્રાપ્ત થાય છે. એનું જીવન સફળ થઈ જાય છે. જો કોઈ વ્યક્તિ આગથી સળગીને મરી જાય છે તો એનું પણ શ્રાદ્ધ આ જ પ્રકારે વિધિપૂર્વક કરવામાં આવે. પરંતુ સાંપના કરડવાથી મરવાવાળા પુરુષ માટે બંને પક્ષોની પાંચમી તિિથિમાં, નાગનું પૂજન કરવું જોઈએ.

મનુષ્યને જોઈએ કે તે સર્પના શરીરની આકૃતિ લોટથી બનાવે અને પૃથ્વી પર આ આકૃતિ બનાવીને ફૂલો તથા ચંદનથી પૂજા કરે, પછી ધૂપ દીપ આપીને કાચું પીસેલું નૈવેદ્ય અને દૂધ આપે અને પોતાના સામર્થ્ય અનુસાર ગાય અને સોનાનો નાગ બનાવીને બ્રાહ્મણને દાન આપે. પછી કહે કે હે નાગરાજ! તમે પ્રસન્ન થાઓ. પછી નારાયણ બલિની ક્રિયા કરે. જે વ્યક્તિ આવું કરે છે તે પાપમુક્ત થઈ જાય છે. એના પછી અગિયારમાં દિવસે પિંડદાન કરીને સંપીડન કરીને અને સૂલકના વીતિ જવા પર પથારી વગેરેનું દાન કરે.

***

અગિયારમો અધ્યાય

ગરુડજીએ ભગવાનથી પૂછ્યું કે હે મહારાજ નારાયણ! મને હવે તમે સંપીડનની વિધિ અને સૂતકના વિષયમાં બતાવો તથા શૈયા તથા પદ દાનના વિષયમાં પણ એની મહિમા બતાવો. આ સાંભળીને ભગવાન નારાયણ બોલ્યા કે આ ક્રિયા એવી છે કે એનાથી પ્રેતનું નામ છૂટી જાય છે અને તે પિતૃ ગણોમાં નિવાસ કરે છે. જે પુત્ર સંપીડન કર્યા વગર સૂતકથી નિવૃત્ત નથી થતો તે હંમેશાં અશુદ્ધ રહે છે આથી પુત્રને સંપીડન કરવું જોઈએ. આના ઉપાય આ પ્રકારે છે -

એ દિવસમાં બ્રાહ્મણ, બાર દિવસમાં ક્ષત્રિય અને પંદર દિવસમાં વણિક તથા એક મહીનામાં શૂદ્ર શુદ્ધ થાય છે. પ્રેતના સૂતકથી સંપિડિ લોકો ૧૦ દિવસમાં શુદ્ધ થઈ જાય છે. જે કુળના લોકો હોય છો તેઓ ત્રણ રાતમાં શુદ્ધ થાય છે અને પોતાના ગોત્રના લોકો નહાવા માત્રથી શુદ્ધ થઈ જાય છે. પેઢીઓના ભેદથી સૂતકના દિવસોમાં અતર હોય છે. ચોછી પેઢીમાં દસ રાત સુધી, પાંચમી પેઢીમાં છ, છઠ્ઠી પેઢીમાં ચાર, અને સાતમી પેઢીમાં ત્રણ દિવસ સુધી સૂતક રહે છે. એના પછી આઠમીમાં એક દિવસે અને નવમીમાં બે પ્રહર તથા દસમી પેઢીમાં સ્નાન કર વાથી જ સૂતક સમાપ્ત થી જાય છે. જે વ્યક્તિ પરદેશમાં ગયેલો હોય છે. જો એના મૃત્યુનો સંવાદ દસ દિવસના અંદર મળે તો જેટલા દિવસ બાકી રહી જાય છે એટલા જ દિવસના સૂતક માનવા જોઈએ. આ દિવસ પછી જો એક વર્ષ સુધી મૃત્યુની સૂચના મળે તો ત્રણ રાત્ર સુધી સૂતક થાય છે. અને એક વર્ષ પછી સમાચાર મળવાથી સૂતક માત્ર સ્નાન કરીને જ નષ્ટ થઈ જાય છે અને જો પહેલા સૂતકના બે ભાગ વીત્યા પછી બીજા લાગી જાય છે તો પહેલાની સાથે જ તે સમાપ્ત થઈ જાય છે. બાળકના દાંત નિકળવાથી પહેલાં જ જો એની મૃત્યુ થઈ જાય છે તો નહાવા માત્રથી શુદ્ધિ થઈ જાય છે. એના પછી લગ્ન નક્કી થવા પર એક દિવસ અને લગ્ન પછી બેને કુળોમાં ત્રણ રાત્રિના સૂતક હોય છે. વાગ્દાન અને લગ્નની વચ્ચેના સૂતક બંને કુળોમાં થાય છે પરંતુ લગ્ન પછી ફક્ત પતિના ઘરમાં. જો છ મહીનાની અંદર ગર્ભસ્રાવ થઈ જાય તો ગર્ભના મહીનાની સમાન દિવસોમાં જ શુદ્ધિ થાય છે. ગર્ભના પતન થવા પર શુદ્ધિ તરત થઈ જાય છે. કળિયુગમાં આ નિયમ છે કે બધા વર્ણોમાં વૃદ્ધિ સૂતક અને મૃતક સૂતકની શુદ્ધિ દસ દિવસમાં થાય છે. મૃતક સૂતકમાં દેવતાની પૂજા અભિનંદન ના કરવા જોઈએ. સંધ્યા દાન તપ પિતરોનું તર્પણ આ બધું મૃતક સૂકતમાં ના કરવું જોઈએ અને જે લોકો કરે છે એમને પૂર્વ કર્જ નષ્ટ થઈ જાય છે. એની સાથે મંત્રથી પવિત્ર વ્યક્તિને અગ્નિહોત્રી અને પતિને બ્રહ્મમાં નિષ્ઠા રાખવાવાળા ગૃહસ્થ અને રાજાને તથા વૃત્તિને સૂતક નથી લાગતા. મનુએ કહ્યું કે લગ્ન ઉત્સવ અને હવનમાં મૃતક સૂતક થવા પર પહેલાથી બનેલું અન્ન ખાવું જોઈએ, પરંતુ જો અજાણતામાં કોઈ દોષ થઈ જાય છે તો દોષનો ભાગ નથી લાગ્યો. મૃતક સૂતકમાં દાન આપવાવાળા દોષી થાય છે અને લેવાવાળા પણ દોષી થાય છે. આથી સૂતક પણ શુદ્ધિ માટે પિતાનું સંપીડન કરવું જોઈએ જેનાથી તે પિતર લોક જઈ શકે છે.

હે ગરુડ! મેં ધર્મશાસ્ત્ર અનુસાર ચારેય વર્ણો માટ બારમા દિવસના સંપીડની વ્યવસ્થા કરી છે પરંતુ કગળિયુગમાં ધર્મના નુકસાનથી પુરુષની આયુ ઓછી થઈ જાય છે. આથી બારમા દિવસે સંપીડન કરવું જ યોગ્ય છે. કોઈના

મરવા પર ગૃહસ્થ લોકોને ત્યાં યજ્ઞોપવીત વ્રત ઉત્સવ નથી થતાં. યાચકને જોઈએકે તે ત્યાં સુધી ભિક્ષા ન લે જ્યાં સુધી તે સંપીડન નથી થઈ જતું. મનુષ્ય કર્મના લોકમાં વિઘ્નોનો ભાગી બને છે. આથી સંપીડન કરવું જોઈએ.

મનુષ્યને જોઈએ કે મૃતક સ્થાનને ગોબર (છાણ)થી લીપીને વિધાનપૂર્વક સંપીડન કરે અને પછી એના પછી આચમન વગેરે કરીને વિશ્વ દેવોનું પૂજન કરે. પછી રુદ્ર, સૂર્ય અને ઇન્દ્ર તથા પિતામહને ક્રમથી પિંડદાન કરે અને ચોથું પિંડ મૃતકને આપી દે. સંગુધિત વસ્તુઓ ભોજન, પાન, ઇલાયચી, વગેરેથી પિંડ પૂજન કરે એના પછી સૂવાની શલાકાથી પિંડના ત્રણ ભાગ કરીને પિતાહમ વગેરેના પિંડથી મિલાવી દે. જો પિતાના મરવા પર પિતામહ જીવિત છે તો એને પહેલા પ્રપિતામહને ત્રણ પિંડ આપે. એ જ ક્રમમાં એમાં મિલાવીને પિંડોનું દાન કરે. માતાના પહેલા મરી જવા પર જો દાદી વિદ્યમાન હોય તો માતાના શ્રાદ્ધમાં પિતાના પિંડની આ પ્રકારથી યોજના કરે કે પ્રિપતામહીને ત્રણ પિંડ આપીને એની સાથે માતાના પિંડના તારણ ભાગ કરીને એમાં મિલાવનીને માતા-પિતાના મિપતામહ રૂપમાં એને પિતામહ યોગમાં લક્ષ્મીને પિતામયીના રૂપમાં સમજીને મતાના પિંડને મિલાવે અને અને એ જ રૂપમાં પુત્ર રહિત સ્ત્રીનું સંપીડન પુરુષ/પતિ કરે. સ્ત્રીનું સંપિડીકરણ પતિ વગેરેની સાથે કરવું જોઈએ.

હે ગરુડ! જે સ્ત્રી-પુરુષ એક જ ચિતા પર ચઢીને બળે તો સસરા વગેરેની વચ્ચે તણખલું રાખીને એ સતીનું સંપીડન કરવું જોઈએ. પુત્રને જોઈએ કે તે પહેલાં પિતાને સતીનું પિંડ દાન કરે. એના પછી સ્નાન કરે. જો સતી પતિના મૃત્યુના દસ દિવસની અંદર અગ્નિમાં પ્રવેશ કરે છે તો એના પતિની સાથે જ પથારી (શૈયા) દાન, અને પિંડ દાન કરવું યોગ્ય છે. એના પછી અતિથિને ભોજન ખવડાવીને પિતર, મુનિ, દેવતા અને દાનવોને, તૃપ્ત કરીને મનુષ્ય પરમ પદ પ્રાપ્ત કરે. એક ગ્રાસના બરાબર ભિક્ષા હોય છે અને ચાર પુષ્કળ હોય છે અને ચાર પુષ્કળ હોય છે અને ચાર પુષ્કળનું એક હંતકાર હોય છે. સંપિંડી યોગમાં અક્ષત ચંદનથી બ્રાહ્મણના ચરણોની પૂજા કરવી જોઈએ અને દાન આપવું જોઈએ. પોતાના આચાર્યને વર્ષ ભર માટે અન્ન, સોનુ, ચાંદી આપવા જોઈએ અને એના પછી મંગળ કુમકુમથી નવ ગ્રહોને દેવી અને વિનાયકને પૂજવા જોઈએ. એના પછી આચાર્ય મંત્રયુક્ત અભિષેક કરે અને હાથમાં સૂતર બાંધીને પવિત્ર અક્ષત (ચોખા)નું દાન કરે. પછી બાર બ્રાહ્મણોને ભોજન ખવડાવે અને દક્ષિણા આપે. પછી એના પછી પોત-પોતાની આજીવિકા ક્રમને સ્પર્શ કરે. બ્રાહ્મણ જળને, ક્ષત્રિય શસ્ત્રને, વૈશ્ય પ્રતોદને અને શૂદ્ર દંડને સ્પર્શે ત્યારે પૂરી શુદ્ધિ થાય છે.

મનુષ્યને જોઈએ કે તે સંપીડન ક્રિયા કરીને ક્રિયામાં પ્રયુક્ત વસ્ત્રોનો ત્યાગ કરે અને સફેદ કપડાં પહેરીને શૈયા દાન કરે. શૈયા દાન અવશ્ય કરવું જોઈએ. શૈયા લાકડીથી બનેલી હોય, અને ચિત્રોથી સુસજ્જિત હોય. રેશમથી બનેલી હોય, સફેદ રૂથી ઢાંકેલી હોય, સુગંધિત હોય, ત્યારે એને ભૂમિમાં સ્થાપિત કરવામાં આવે અને છત્રિ વગેરે લગાવીને જે વસ્તુ શૈયા માટે જરૂરી હોય એની સ્થાપના કરીને એ શૈયા પર લક્ષ્મી સહિત વિષ્ણુની મૂર્તિ સ્થાપિત કરવી જોઈએ. એના પછી સુહાગવતી સ્ત્રી હોય તો સુહાગની બધી વસ્તુઓને રાખે અને પછી ગંધ ફૂલથી આભૂષિત કરીને શૈયાના ઉપરી ભાગમાં લક્ષ્મીનારાયણને બેસાડે. ફૂલોથી લદાયેલી શૈયા પર લક્ષ્મીનારાયણને બેસાડીને એમની

પૂજા પછી ગણેશજીની મૂર્તિને સ્થાપિત કરીને એમનું ફરી પૂજન કરે. એના પછી ઉત્તરની તરફ મ્હોં કરીને પોતાની અંજુલિમાં ફૂલોને લઈને બ્રાહ્મણને સામે ઊભા કરીને મંદ્રનું ઉચ્ચારણ કરે અને કહે કે હે ભગવાન! ક્ષીર સાગરમાં તમારી શૈયાની સમાન જ અમને શૈયા પ્રાપ્ત થાય અને આ પ્રકારે પ્રાર્થના કરીને ફૂલોને બ્રાહ્મણ પર અને લક્ષ્મીનારાયણની પ્રતિમા પર છોડે અને સંકલ્પ સહિત શૈયાને બ્રાહ્મણને દાન આપી દે અને પછી કહે કે હે બ્રાહ્મણ! તમને કોઈ શું આપી શકે છે. છતાં પણ આપ આને ગ્રહણ કરો. એના પછી શૈયા પર પ્રતિષ્ઠિત મૂર્તિઓના હલાવીને એમની પ્રદક્ષિણા કરો અને પરી વિસર્જન કરો પછી શૈયાનું દાન કરો.

પ્રસ્તુત શૈયાને એક જ બ્રાહ્મણને આપવામાં આવવી જોઈએ. અનેકને શૈયા આપવાવાળા અથવા એને વેચવાવાળા નરકમાં પડે છે અને યોગ્ય બ્રાહ્મણને શૈયા દાન કરવાવાળા પુણ્યને પ્રાપ્ત કરે છે. દાન કરવાવાળાના માતા-પિતાના પણ લોક-પરલોક સુધરી જાય છે. આ દાનથી પરમ લાભ પ્રાપ્ત થાય છે. મનુષ્ય ઇન્દ્ર ભવનમાં સુખપૂર્વક રહે છે. તે અપ્સરાઓ સહિત મહાપ્રલય સુધી આનંદપૂર્વક સુધી નિવાસ કરે છે. આવી શૈયા દાન કરવાથી તીર્થ અને પર્વોના દાનનું પુણ્ય પ્રાપ્ત થાય છે. એના પછીથી હે ગરુડ! હું તને પદ-દાનના વિષયમાં બતાવું છું. પદ-દાનની વિધિ આ પ્રકારે છે : પદ-દાનમાં વસ્ત્ર, છત્રિ, જૂતા, અંગૂઠી, કમંડળ, પંચ પાત્ર આપવામાં આવે છે. આ વસ્તુઓની સાથે તાંબાનું પાત્ર, દંડ, ભોજન અને યજ્ઞોપવીત પણ આપવામાં આવે છે. આ રીતે મનુષ્યને જોઈએ કે તે બારમા દિવસે પોતાની શક્તિના અનુરૂપ તેર બ્રાહ્મણને ત્ર પદ દાન કરે. આ દાનથી પુરુષ સદ્ગતિ પ્રાપ્ત કરે છે.

જેમ કે મેં પહેલાં બતાવ્યું છે કે યમનો માર્ગ ખૂબ જ ગરમ હોય છે. આથી છાયડા માટે છત્રિનું દાન આપવામાં આવે છે કે મસ્તક પર સુંદર છાંયડો બની રહે. જૂતાનું દાન કરવાથી યમ માર્ગમાં આવવાવાળા ઘોડાની પાપ્તિ થઈ જાય છે. વસ્ત્ર દાનથી ગરમી, શરદી અને હવા ચાલવાથી મળવાવાળા દુઃખ નષ્ટ થાય છે. યમદૂતોનો રંગ કાળો-પીળો હોય છે. તેઓ રસ્તામાં અંગૂઠી (વીંટી) દાન કરવાવાળાને તંગ નથી કરતા. યમનો માર્ગ જળરહિત હોય છે. પરંતુ જે વ્યક્તિ કમંડળનું દાન કરે છે એને માર્ગમાં તરસ લાગવા પર જળ મળી જાય છે. જે વ્યક્તિ તાંબાનું જળપાત્ર દાન કરે છે એને અનેક પરબો લગાવવાનું ફળ મળે છે. આસન અને ભોજન આપવાની વ્યવસ્થા આથી કરવામાં આવી છે કે પ્રાણી યમ માર્ગમાં ધીમે-ધીમ જાય અને સુખપૂર્વક આરામ કરતો કરતો ખાતો જાય. આ પ્રકારે સંપીડનના દિવસે મનુષ્ય વિધિપૂર્વક ભોજન આપે. તે ચાંડાલ વગેરેને ભોજન કરાવે.

સંપીડન પછી વર્ષની અંદર જ અંદર પ્રત્યેક મહીનામાં કંભ દાન કરવું જોઈએ અને પ્રેતની ક્ષય તૃપ્તિ માટે એને જોઈએ કે તે વારંવાર કુંભ દાન કરે.

મનુષ્યએ એવું વિચારવું જોઈએ, કે માસિક અને વાર્ષિક વિશેષ તિથિઓ પર વિશેષ રૂપથી શ્રાદ્ધ કરીશ. પૂર્ણમાસીએ મરવાવાળાની શ્રાદ્ધ તિથિ પાક્ષિક રૂપથી ચતુર્થી હોય છે અને ચતુર્થી વાળાની નવમી, નવમીવાળાની ચતુર્દશી હોય છે. આ પ્રકારે નક્કી કરીને વીસમા દિવસે પાક્ષિક શ્રાદ્ધ કરવું જોઈએ. જો એક મહીનામાં બે સંક્રાંતિ હોય ત્યારે બંને મહીનાઓમાં શ્રાદ્ધ, મૂળ મહીનામાં કરવું જોઈએ અને જો એક મહીનામાં બે મહીના થઈ જાય તો ત્રીસ તિથિઓ

અને પૂર્ણ પક્ષની જ માન્યતા થાય છે. જો તિથિના પહેલા અડધા ભાગમાં મૃત્યુ થઈ ગયું હોય તો આખો પૂર્વનો ભાગ અને જો અડજધા ભાગમાં થયું હોય તો એને આગળના મહીના ભાગે ગણવો જોઈએ. આ પ્રકારે પંડિતોને મલ માસમાં વિચાર કરવો જોઈએ કેમ કે મલ માસમાં જ સંપીડિકરણ યોગ્ય હોય છે. વર્ષની વચ્ચે જો મહીનો વધારે હોય તો તેરમા મહીનામાં વાર્ષિક ક્રિયા કરવી જોઈએ. સંક્રાંતિ યુક્ત મહીનામાં પિંડદાન કરવું જોઈએ. આ રીતે સંવત્સરના પૂર્ણ થવા સુધી મનુષ્યને જોઈએ કે તે વાર્ષિક શ્રાદ્ધ કરતો રહે. સંવત્સર પછી પ્રત્યેક શ્રાદ્ધમાં ત્રણ પિંડોનું દાન કરવું જોઈએ. વાર્ષિક શ્રાદ્ધ વગર તીર્થ યાત્રા પિતૃ સંબંધિ કાર્ય ના કરવું જોઈએ.

શ્રાદ્ધના અવસર પર તુલસીની મંજરિઓથી વિષ્ણુની ખડાઉનું પૂજન કરવું જોઈએ અને પછી ગયાના તીર્થમાં દાન પિંડ દાન કરવું જોઈએ. ગાયના માથા પર શમીના પત્તાથી પૂજન કરીને જે પિંડદાન કરવામાં આવે છે એનાથી સાત ગોત્ર અને એકસો કુળનો ઉદ્ધાર થાય છે. આ રીતે ગયામાં જઈને પિંડ દાન કરવાથી પિતા સંતુષ્ટ થાય છે અને આવા પુત્રોનો જન્મ લેવો પૂરી રીતે સફળ થાય છે.

હે ગરુડ! હિમાલયની પાસે વર્તમાન કલાપ નામક એક બાગ છે. એમાં પિતૃઓ દ્વારા એક કથા સંભળાવવામાં આવી છે. આ કથા મનુના પુત્ર ઇક્ષ્વાકુની કથા છે. એમાં કહેવામાં આવ્યું છે કે જે ગયા જઈને દરથી પિંડદાન કરશે તેઓ સન્માર્ગ-શીલ થશે. આ પ્રકારે હે ગરુડ, જે પુત્ર આ ક્રિયા કરે છે તે પાપમુક્ત થઈ જાય છે. આવી ક્રિયા કરવાથી ભારદ્વાજના સાત પુત્ર પોતાના જન્મની પરંપરા ભોગવીને બઉનો વધ કર્યા પછી પિતૃઓના પ્રતાપથી પાપમુક્ત થઈ ગયા. આના સિવાય દશાર્ણ દેશમાં સાત વાધ અને કાલાંતર પર્વતમાં મૃગસર, દ્વીપમાં ચક્રવાક અને માનસરોવરમાં હંસ, પોતાના પિતરોના પ્રતાપથી પાપમુક્ત થઈ ગયા. આ પ્રકારે પુત્રએ પિતૃભક્ત હોવું જોઈએ, પિતાની ભક્તિથી પરલોક અને આ લોકમાં સુખ મળે છે. આથી મેં તમને પુત્રને મુક્તિ આપવાવાળી અને પવિત્ર કરવાવાળી આ ક્રિયા અને ભાવને બતાવ્યા. હવે તમારે જે પૂછવું હોય તે પૂછી લો.

***

બારમો અધ્યાય

ગરુડજીએ ભગવાન નારાયણથી પૂછ્યું કે હે પ્રભુ, મને યમલોકના વિસ્તારના વિષયમાં બતાવો તે કેટલો મોટો છે અને કયા પ્રકારની સભાઓ થાય છે અને એ સભામાં ધર્મ કોના પક્ષમાં હોય છે. તમે એ પણ બતાવો કે કયા-કયા ધર્મોના માર્ગો પર ચાલીને મનુષ્ય ધર્મ મંદિરમાં જાય છે. ભગવાન નારાયણે કહ્યું કે આ પ્રશ્ન ખૂબ જ ઉત્તમ છે અને નારદ વગેરે ઋષિઓ દ્વારા પણ જાણવા યોગ્ય છે. આ ધર્મનગર ખૂબ પુણ્યોમાં મળે છે : યમપુરી અને રાક્ષસપુરીના મધ્યમાં યમરાજનું નગર ખૂબ જ કઠોર રૂપથી નિર્મિત છે અને આ નગરને દેવતા કે રાક્ષસ કોઈ પણ નથી તોડી શકતા. આ નિર્માણ જ આ પ્રકારે થયું છે. આ નગરનું સ્વરૂપ ચારે બાજુ છે અને ચારે બાજુ ચાર હજાર કોસ સુધી દીવાલ બનેલી છે. આ નગરમાં જ ચિત્રગુપ્તનું મંદિર છે અને આ મંદિરની લંબાઈ-પહોળાઈ ૨૫ યોજન છે. આ મંદિર ૧૦ યોજન ઊંચા સુંદર લોખંડની ચારદીવારીથી ઘેરાયેલો છે એમાં સેંકડો ધજાઓ લહેરાય છે. અહીંયા પર

ગીત ગાવામાં આવે છે અને સંગીતની ધુન મનને પ્રસન્ન કરતી રહે છે. સુંદર ચિત્રકારી દ્વારા બનાવવામાં આવેલા ચિત્ર છે. મોટા-મોટા દેવશિલ્પિઓએ આ ચિત્રોનું નિર્માણ કર્યું છે.

ચિત્રગુપ્તના મંદિરમાં અનેક પક્ષી રહે છે. ગંધર્વ અને અપ્સરાઓ અહીં-તહીં ફરતા રહે છે. અહીંયા પર ચિત્રગુપ્ત એક સુંદર આસન પર બેસીને મનુષ્યોની મૂળ ઉંમરની ગણના કરે છે. તે મનમુષ્ય દ્વારા ક રવામાં આવેલા પાપ અને પુણ્યોના લેખા-જોખા રાખે છે. ચિત્રગુપ્તની આજ્ઞાથી પ્રાણીના કર્મ અને વિકર્મનો નિર્ણય થાય છે. ચિત્રગુપ્તના ઘરથી પૂર્વ દિશામાં એક ભારી જ્વરનું ભવન છે. દક્ષિણમાં શૂળ અને વિસ્ફોટકનું ઘર છે અને પશ્ચિમમાં પાશ અરુચિ અને અજીર્ણનું ભવન છે. ઉત્તરમાં પાંડુરોગ અને રાજરોગનું ઘર છે. ઈશાનની દિશામાં શિરોવ્યથા અને અગ્નિકોણમાં મૂર્ચ્છા રહે છે તો અનેક પ્રકારના રોગોનો આશ્રય-સ્થળ બનેલું છે. આ ભવન મનુષ્યના કર્તવ્ય અને અકર્તવ્યનું કુંજીરૂપ છે.

ચિત્રગુપ્તના ઘરની આગળ ૨૦ યોજન દૂર યમરાજનું રત્નમય મંદિર છે. રત્નોથી જોડાયેલું આ મંદિર સૂર્યની જેમ ચમકે છે અને આ ૨૦૦ યોજનમાં વસેલું છે. આની ઊંચાઈ ૫૦ યોજન છે અને અનેક પ્રકારના થાંભલા આના આધાર બનેલા છે. આ મંદિર શરદ્કાળના વાદળ સમાન રંગમય અને સોનાના કળશોથી યુક્ત છે. આમાં મણીઓની સીડીઓ બનેલી છે અને હીરાઓની પચ્ચીકારી ખૂબજ સુશોભિત કરે છે. આની બારીઓમાં મોતિઓની ઝાલરો લટકેલી છે. અહીંયા પર ઘંટ અને નગારાઓની ધ્વનિઓ સતત આવતી રહે છે. અનેક પ્રકારના વૃક્ષ, બળદ ચારે તરફ સુશોભિત છે. વિશ્વકર્માએ પોતાના યોગના પ્રભાવથી આ મંદિરનું નિર્માણ કર્યું છે. હવે હું દિવ્ય સભાનું વર્ણન કરું છું.

આ મંદિરમાં સો યોજન વિસ્તારની દિવ્ય સભા છે. આ સૂર્યના પ્રકાશની સમાન ચમકે છે અને ખૂબ જ સુંદર લાગે છે. આ ગરમી અને ઠંડીના અતિવાદથી રહિત છે. ના વધારે ગરમી અને ના વધારે ઠંડી. આમાં ના શોક છે ના વૃદ્ધાવસ્થા, તરસ અને ભૂખ પણ નથી, અહીંયા પર બધા પ્રકારના માનવીય અને સ્વર્ગીય કર્મ થતાં રહે છે. અનેક પ્રકારના ભોજ્ય પદાર્થ અને રસ મળે છે. અહીંયા પર ઠંડું અને ગરમ જળ પ્રવાહિત થતું રહે છે. સંપૂર્ણ કામનાને પૂરા કરવાવાળા વૃક્ષ પણ અહીંયા પર છે. હે ગરુડ! આ સભા ખૂબ જ સુંદર અને બાધાઓથી રહિત છે. વિશ્વકર્માએ અસીમ સમય સુધી ત્યાં તપસ્યા કરીને આ સભાનું નિર્માણ કર્યું છે. અહીંયા પર સત્ય બોલવાવાળા શાંત સ્વભાવના સંન્યાસી, સિદ્ધ પુરુષ અને તપ કરવાવાળા લોકો જ આવી શકે છે. જેનું શરીર તેજમય અને અલંકારથી યુક્ત છે, જેના વસ્ત્ર નિર્મળ છે અને જેની સ્વચ્છતા એના પુણ્ય કર્મોથી આભાસિત છે તે આ સભામાં સ્થિર રહે છે. અહીંયા પર ભગવાન અનુપમેય ધર્મ ૧૦ યોજન વિસ્તૃત સુંદર આસન પર બેઠા છે. તેઓ કર્ણ કુંડળથી સુશોભિત છે અને અન્ય અલંકારોને પણ એમણે ધારણ કર્યા છે. અપ્સરાઓ ચંવર લઈને એમના માથા પર ડોલાવ્યા કરે છે. ગંધર્વ અને અપ્સરાઓનો સમૂહ પોતાના ગીત-વાદનથી એમની સેવા કરે છે. આ ભગવાન પાશને ધારણ કરીને મૃત્યુથી અને

કાળથી તથા ચિત્રગુપ્ત યમરાજથી સેવિત થાય છે. એટલે કે એમની સેવા આ બધા લોકો કરે છે. એમની ચારે તરફ આજ્ઞાનું પાલન કરવાવાળા વીર યોદ્ધા વિદ્યમાન રહે છે.

હે ગરુડ! ધર્મરાજની ઉપાસના કરવા માટો સમાપા, ઉષ્પમા, સ્વધાવંત, અમૂર્તિમાન, મૂર્તિમાન, બર્હિષદ, તર્યમા, પિતૃગણો અને મૂર્તિમાન મુનિઓની નિરંતરતા રહે છે એટલે કે આમની ઉપાસના કરે છે. અને જેટલા પણ ઋષિ છે- મુખ્ય રૂપથી અત્રિ, વસિષ્ઠ, અંગિરા, દક્ષ, પુલહ, આસ્ત્ય, નારદ, પરશુરામ વગેરે ધર્મરાજના સભાસદના રૂપમાં વિરાજમાન રહે છે તથા અન્ય અનેક પિતૃરાજના સભાસદના રૂપમાં ધર્મરાજને ત્યાં વિરાજમાન થાય છે. એમની સંખ્યા ખૂબ વધારે છે. આ બધા લોકો ધર્મરાજની સેવા કરે છે કેમ કે એમનું વિધાન પરમેશ્વરની આજ્ઞાથી નિશ્ચિત થયું છે અને ધર્મશાસ્ત્રની અંતર્ગત આવે છે.

ધર્મને જીતવાવાળા સૂર્ય અને ચન્દ્રમાના વંશી અનેક રાજા લોકો ધર્મરાજની સેવા કરે છે. આના સિવાય મુચુકુંદ, નિમિ, અંબરીષ, ભગીરથ, સગર, માંધાતા, મનુ, દિલીપ, પૃથુ, યયાતિ, નળ, શિવિ, પુરુ, મહુષ, પાંડુ, સહસ્ત્રાર્જુન વગેરે બધા લોકો અશ્વમેધ યજ્ઞને કારણે ધર્મના સભાસદોમાં માનવામાં આવે છે. આ લોકોએ ધર્મરાજની સભામાં બેસવાને અધિકાર પ્રાપ્ત કર્યો છે. અહીંયા બધા કાર્ય ધર્મપૂર્વક થાય છે અને કોઈના પ્રત્યે કોઈ પક્ષપાત નથી થતો. અહીંયા ના તો દગો થાય છે અને ના અસત્ય બોલવામાં આવે છે. અહીંયા સભામાં બેસવાવાળા શાસ્ત્રને જાણવાવાળા લોકો હોય છે. તેઓ ધર્મમાં પરાયણ હોય છે. તેઓ હંમેશાં ધર્મરાજની ઉપાસના કરે છે.

આ મહારાજ ધર્મરાજની સભા એવી છે કે જેનાથી દક્ષિણ માર્ગથી થઈને વધારે લોકો જાય છે પરંતુ સભાને નથી જોઈ શકતા. ધર્મરાજના નગરમાં જવાના ચાર માર્ગ છે. દક્ષિણ માર્ગના સિવાય એક માર્ગ પૂર્વમાં છે અને એ માર્ગમાં બધા પ્રકારના તે ભાગ ઉપલબ્ધ છે. ત્યાં પારિજાત વૃક્ષનો પડછાયો છે અને આ માર્ગ અનેક વિમાનોથી ભરેલું છે. આમાં હંસોની પંક્તિઓ અને મૂંગાોના બાગ વિદ્યમાન છે. અને અહીંયાના તળાવ અમૃતરૂપી જળથી ભરેલા છે. આ માર્ગના દ્વારથી થઈને મોટા-મોટા સર્પ, વિદ્યાધર, ગંધર્વ, અપ્સરાઓ અને રાજર્ષિ તથા દેવતા લોકો આવે છે. જે લોકો દેવતાઓની પૂજા કરે છે. શિવ ભક્ત છે, ગરમીમાં જળનું દાન કરે છે અને માઘના મહીનામાં લાકડી આપે છે. દીન-દુઃખીઓની મદદ કરે છે, સત્ય ધર્મનું પાલન કરે છે, ક્રોધ અને લોભથી રહિત છે, ગુરુના સેવક એ માતા-પિતાના ભક્ત છે, જે લોકો ગાય અને ભૂમિનું દાન કરે છે, પુરાણોને સાંભળે છે તથા અન્ય પ્રકારના પુણ્ય કર્મ કરે છે તેઓ આ માર્ગથી ધર્મપુરી જાય છે અને એને કોઈ કષ્ટ નથી થતું. તે બધા પુણ્યાત્મા હોય છે અને ભગવાનની ઉપાસના કરે છે. શુદ્ધ બુદ્ધિ સ્વરૂપ થઈને તેઓ ધર્મ સભામાં પ્રવેશ કરે છે.

બીજો માર્ગ ઉત્તરનો માર્ગ છે. આમાં અનેક રથ, પાલખી, જે ચંદનથી વિભૂષિત હોય છે-વિદ્યમાન રહે છે. તે રસ્તો હંસ અને સારસોથી ભરેલો છે. એમાં ચકલા-ચકલી રહે છે અને આ માર્ગનું સરોવર અમૃતની સમાન જળથી ભરેલું છે. એની સાથે જ આ માર્ગમાં દ્વાર પર જ અતિથિની પૂજા કરવાવાળા, વેદ વાંચવાવાળા સૂર્ય અને દુર્ગાના ભક્ત તથા શિવ ભક્ત તથા તીર્થોમાં સ્નાન કરવાવાળા આવે છે. ધર્મ યુગમાં માર્યા ગયેલા લોકો, તીર્થ જળથી પ્રાણ

આપવાવાળા લોકો, યોગના અભ્યાસથી મરવાવાળા લોકો અને બ્રાહ્મણ તથા પોતાના સ્વામીનું કાર્ય કરીને મરવાવાળા બધા આ ઉત્તર દ્વારથી પ્રવેશ કરીને ધર્મસભામાં આવે છે. એની સાથે મહાદાન કરવાવાળા પણ આ માર્ગથી પ્રવેશ કરે છે.

ત્રીજો માર્ગ પશ્ચિમ માર્ગ છે. આ માર્ગ પણ મણીઓ અને રત્નોથી સુશોભિત છે. અમૃત-જળથી ભરેલી અનેક બાવડીઓ આ માર્ગમાં વિદ્યમાન છે. આ માર્ગ એરાવતના કુળમાં ઉત્પન્ન હાથીઓથી ઘેરાયેલો છે અને ઉચ્ચૈશ્રવા ઘોડાથી ઉત્પન્ન સુંદર-સુંદર ઘોડાઓથી યુક્ત છે. જે લોકો શાસ્ત્રની દૃષ્ટિથી ઉત્તમ વિચારવાળા છે. ગાયત્રીનો જાપ કરે છે અને ભગવાન વિષ્ણુની પૂજા કરે છે તથા જે આત્મજ્ઞાનથી યુક્ત છે તેઓ આ માર્ગથી ધર્મરાજની સભામાં પહોંચે છે. આના સિવાય જે લોકો પોતાની જ પત્નીથી સંતુષ્ટ રહે છે, યજ્ઞ અને હિંસા નથી કરતા, કોઈનું મન નથી દુઃખવતા, કોઈનું ધન નથી લેતા, વેદને વાંચે-વંચાવે છે તેઓ પણ આ માર્ગથી ધર્મરાજની સભામાં જાય છે. હે ગરુડ! જે લોકો જ્ઞાન અને વૈરાગ્યથી સંપન્ન છે અને પ્રાણી માત્રના હિતચિંતક છે અને જે પોતાના કર્મને બ્રહ્મના પ્રત્યે સમર્પિત કરીને નિષ્કામ ભાવથી કર્મ કરે છે અને જે બધા ઋણોથી મુક્ત થઈ જાય છે, ખાસ કરીને દેવ ઋષિ અને પિતૃ ઋણોથી મુક્ત થઈ જાય છે તથા નિરંતર પંચ યજ્ઞમાં લાગી રહે છે અને જે મનુષ્ય યોગ્ય સમયમાં યોગ્ય રીતિથી પોતાના પિતૃઓનું શ્રાદ્ધ કરે છે તથા સત્યનું અનુષ્ટાન કરે છે અને સંધ્યા-ઉપાસના કરે છે, નિમ્ન વ્યક્તિઓની સંગતિમાં નથી રહેતા, જે હંમેશાં સજ્જનોની સંગતિ કરે છે તેઓ પણ આ પશ્ચિમ માર્ગથી અમૃત પાન કરીને ધર્મ મંદિરમાં પ્રવેશ કરે છે.

આવા લોકો જ્યારે ધર્મ મંદિરમાં આવે છે, યમરાજ એમનું સ્વાગત કરે છે અને એમની સામે આવીને એમને યથાસ્થાન પ્રતિષ્ઠિત કરે છે. આવા સમયમાં યમરાજ શંખ, ચક્ર, ગદા અને ખડગને ધારણ કરીને ચાર ભુજાવાળા થઈને એ જીવોનો ખૂબ જ સ્નેહ કરે છે અને મિત્રતાની સામે આચરણ કરે છે. તેઓ એમને સ્નેહ આપે છે. સ્નેહના ફળસ્વરૂપ ચંદન વગેરેથી પૂજા કરીને નમસ્કાર કરીને એમને સિંહાસન આપે છે અને પછી પોતાના અન્ય સાથીઓથી કહે છે કે આ બધાની સેવા કરીને સન્માન કરો, એમનો આદર કરો, આ યમરાજના મંદિરને ભેદ કરીને બ્રહ્મલોક ચાલી જશે. આ લોકોએ પુણ્યને એકત્રિત કરીને દેવત્વને પ્રાપ્ત કરી લીધું છે.

જે મનુષ્ય દુર્બળ શરીરવાળા હોય છે અને સતત સાધના નથી કરતતા તેઓ નરકમાં જાય છે. એમના સમાન મૂરખ કોઈ નથી હોતું. બુદ્ધિમાન મનુષ્ય એ જ છે જે અસ્થિર શરીર દ્વારા ચલાયમાન ધનને છોડીને સ્થિર ધર્મને સંચિત કરી લે છે. આથી યત્નપૂર્વક મનુષ્યને જોઈએ કે ધર્મનો સંગ્રહ કરે, કેમ કે ધર્મના સંગ્રહથી જ તે સ્વર્ગ જાય છે.

યમરાજને જોઈએ કે તેઓ આ પ્રકારના વચનોથી બધા લોકોને સંબોધિત કરે. પછી કેટલાક લોકો વિમાનો પર ચઢીને પરમપદને પ્રાપ્ત કરી લે છે અને કેટલાક ત્યાં ધર્મસભામાં કલ્પાંત સુધી નિવાસ કરે છે.

***

તેરમો અધ્યાય

યમપુરીનું વર્ણન જાણ્યા પછી ગરુડજીએ ભગવાન નારાયણજીથી કહ્યું કે હે ભગવન્! તમે મને એ બતાવો કે ધર્માત્મા પુરુષ સ્વર્ગને ભોગવીને ફરી નિર્મળ કુળમાં ઉત્પન્ન થાઓ છો. એને કયા પ્રકારે માતાના ગર્ભની સ્થિતિમાં વિચાર આવે છે?

આ સાંભળીને ભગવાન નારાયણે કહ્યું કે આ પ્રશ્ન એવો છે કે એનાથી ઉત્તરમાં બધું જ જાણવાની ભાવના આવી જાય છે. હું તને શરીરના પારમાર્થિક રૂપના વિષયમાં બતાવું છું. આ સ્વરૂપ યોગિઓ દ્વારા ધારણ કરવામાં આવે છે.

યોગી ષટચક્રનું ચિંતન કરે છે અને બ્રહ્મ રંધ્રમાં ચિદાનંદ રૂપનું ધ્યાન કરીને પરમ ધ્વનિને સાંભળે છે. આ પણ જાણવા યોગ્ય છે. સત્કર્મ વાળા લોકો શુદ્ધ અને સારા ઘરમાં જન્મ લે છે. એમના માતા-પિતાનું એક નિશ્ચિત રૂપ હોય છે. તેઓ નિયમાનુસાર ભાવ કર્મ કરે છે.

મનુષ્યને જોઈએ કે તે ઋતુકાળમાં તો ચાર દિવસ સુધી નારીનો સ્પર્શ ન કરે કેમ કે આ અવસ્થામાં શરીર-દોષ રહે છે. ચોથા દિવસે વસ્ત્ર સહિત સ્નાન કર્યા પછી નારી શુદ્ધ થઈ જાય છે. એના પછી સાત દિવસ ઉપરાંત તે યોગ્ય થાય છે કે દેવતાઓની પૂજા કરી શકે અને વ્રત વગેરે રાખી શકે. આ રીતે સાતમા દિવસની અંદર કોઈપણ પ્રકારનું ગર્ભાધાન ના થવું જોઈએ. આઠમા દિવસે ગર્ભઆધાનથી પુત્ર જ ઉત્પન્ન થાય છે. સમ રાત્રિ અને દિવસમાં પુત્ર ઉત્પન્ન થવાના વિધાન બતાવવામાં આવ્યા છે અને વિષમ રાત્રિઓમાં છોકરી પેદા થાય છે. સામાન્ય રૂપથી ઋતુકાળ ૧૬ રાત્રિઓ સુધી ચાલે છે. ૧૪મી રાત્રિનો પ્રસંગ નિશ્ચિત રૂપથી ગર્ભની સ્થિતિમાં પરિવર્તિત થાય છે અને ધર્માત્મા તથા ગુણવાન પુત્રની ઉત્પત્તિ થાય છે. આ પ્રકારે સામાન્ય્ પ્રકૃત રાત્રિ સાધારણ જીવોને નથી મળતી. સ્ત્રીને જોઈએ કે તે પાંચમા દિવસે મધુર ભોજન કરે અને તીખા તથા ખારા ભોજનથી દૂર રહે. કેમ કે સ્ત્રીનું ક્ષેત્ર એક રીતથી ઔષધિઓનું પાત્ર છે અને બીજ અમૃતની સમાન હોય છે. સારું બીજ ક્ષેત્રથી સારા ફળની પ્રાપ્તિ થાય છે. આનું વિધાન ખૂબ જ ઉત્તમ છે. ચંદન તથા ફૂલ ધારણ કરીને શુદ્ધ વસ્ત્રોને પહેરીને ઉત્તમ શૈય્યા (પથારી) પર સૂએ. કેમ કે પ્રસંગના સમય જેવી ચિત્તની સ્થિતિ હોય છે તે જે પ્રકારથી ખુશ અને ખિજાય છે, સંતતિ પર એ જ પ્રકારની અસર પડે છે. આથી જે ચૈતન્ય બીજ સ્વરૂપમાં સ્થિતત રહે છે તે સ્વસ્થ ભાવથી પ્રભાવશાળી થાય છે. કામ ચિત્ત અને શુક્ર તન્મય થઈ જાય છે અને ત્યારે સ્વાભાવિક ભાવથી શુક્ર અને રુધિરના સંયોગથી પિંડની ઉત્પત્તિ થાય છે. ગર્ભમાં શક્રતિ પુત્ર વધારે આનંદ આપવાવાળો થાય છે. આવા પુણ્યાત્મા ઊંચા ગ્રહોની સ્થિતિમાં જન્મ લે છે અને એના જન્મના સમયે બ્રાહ્મણ ખૂબ જ વધારે ધન પ્રાપ્ત કરે છે. તે પુત્ર વિદ્યા અને ધનથી સંપન્ન થઈને પોતાના પિતાના ઘરમાં વધતો રહે છે અને આ પ્રકારથી શાસ્ત્રોનું જ્ઞાન પણ પ્રાપ્ત કરતો રહે છે. આવો પુત્ર પૂર્વ જન્મમાં કરેલા પોતાના કર્મથી સજ્જનોની સંગતિ કરે છે અને સતત સત્કર્મની તરફ વધતો રહે છે.

જે મનુષ્ય પૂર્વ જન્મમાં તીર્થયાત્રા અને તપનું મહાપુણ્ય પ્રાપ્ત કરે છે તે એના ફળસ્વરૂપ પોતાની યુવા અવસ્થામાં દિવ્ય સ્ત્રીને પ્રાપ્ત કરે છે. તે હંમેશાં અનાત્મા અને આત્માના સંબંધના વિષયમાં વિચાર કરે છે. આવો પુણ્યવાન

પુરુષ હંમેશાં બ્રહ્મના વિષયમાં વિચારતો રહે છે. એના પછી આ પુરુષ બ્રહ્મસંગ રહિત કરવામાં આવેલા ભૂમિ વગેરે આત્મ વર્ગન પંચ ભૂતોના ગુણોના વિષયમાં બતાવીને ભગવાન નારાયણે ગરુડજીથી કહ્યું કે પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ આ પાંચ સ્થૂળ તત્ત્વ છે અને આ પિંડ આ પંચ ભૂતોથી બનેલું છે. હે પક્ષીરાજ ગરુડ, હાડકાં, ત્વચા, નાડી, રોમ અને માંસ આ પાંચ ગુણ ભૂમિ દ્વારા પ્રાપ્ત થાય છે અને જળથી લાળ, મૂત્ર, વીર્ય, મજ્જા અને લોહી બને છે. તેજનો આવવું પૃથક ગુણ થાય છે. ભૂખ, તરસ, આળશ, ઉંઘ અને આભા આ તેજના ગુણથી પેદા થાય છે. વાયુ દ્વારા દોડવું, રમવું, અલગ-અલગ પ્રકારની ચેષ્ટાઓ કરવી, કૂદવું-ઓળંગવું જન્મ લે છે અને આકાશ દ્વારા મોહ, સંદેહ, ચિંતા, શબ્દ વગેરે ઉત્પન્ન થાય છે. મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત આ અંતઃકરણના ચાર નામ છે અને આ બધાની સ્થિતિ પહેલા જન્મના કર્મના અનુસાર હોય છે. એની સાથે કાન, ત્વચા, આંખ, નાક અને જીબ આ જ્ઞાનેન્દ્રિયો છે. વાક્, હાથ, ગુદા, પગ, લિંગ આ કર્મેન્દ્રિયો છે વાયુ, દિશાઓ, સૂર્ય, પ્રચેતા, ઇન્દ્ર, મિત્ર જ્ઞાનેન્દ્રિઓ દેવતા હોય છે. ઇડા, પિંગળા અને ત્રીજી સુષુમ્ના, ગાંધારી, ગજજિહ્વા, પૂર્સ, યશસ્વિની, અલંબુષા તથા દસમી શંખિની આ પ્રધાન દસ નાડીઓ શરીરમાં સ્થિત પ્રાણ, અપાન, સમાન, ઉદાન, વ્યાન, નામ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય આ ૧૦ વાયુ છે. હૃદયમાં પ્રાણ, ગુદામાં અપાન, નાભિમંડળમાં સમાન, કંઠદેશમાં ઉદાન અને બધા શરીરમાં વ્યાન સ્થિત છે, ડકારને નાગ કહે છે અને અને ઉન્મીલનમાં કૂર્મ વાયુ કહેવામાં આવ્યો છે. કૃકલ વાયુને ક્ષુધાકારક જાણવા જોઈએ અને વિજૃંભણમાં દેવદત્ત નામનો વાયુ જાણો. સર્વવ્યાપી ધનંજય વાયુ છે. તે મૃતકને પણ ક્યારેય નથી છોડતો. ગ્રાસો દ્વારા ખાવામાં આવેલું અન્ન રાબ શરીરધારીઓને પુષ્ટિ આપવાવાળું છે. વ્યાન વાયુ અન્નના રસને બધી નાડીઓમાં પહોંચાડી દે છે, ભોજન કરેલો આહાર વાયુ દ્વારા બે ભાગોમાં વહેંચાઈ જાય છે. ગુદામાં પ્રવેશ કરીને અપચ અન્ન અને જળને અલગ-અલગ કરી દે છે, અગ્નિની ઉપર જળ કરીને અને અન્નને જળની ઉપર કરીને અને પ્રાણ ખુદ અગ્નિની નીચે સ્થિર થઈને ધીમે-ધીમે ધોંકે છે.

વાયુથી ધોંકેલી શરીરની અગ્નિ રસને અને મળને અલગ-અલગ કરી નાખે છે. વ્યાન વાયુ શરીરમાં બધી તરફ રસ પહોંચાડે છે. બારેય દ્વારથી અલગ કરેલા મળને બહાર કાઢે છે. કાન, આંખ, નાક, જીભ, દાંત, નાભિ, નખ, ગુદા, લિંગ, શિરા, વાયુ અને લોમ આમને ગળ સ્થાન કહે છે. આ પ્રકારે બધા વાયુ પોત-પોતાના કર્મમાં પ્રવૃત્ત રહે છે. જેમ મનુષ્ય લોકો સૂર્યના પ્રકાશને મેળવીને પોતાની સત્તા જાણે છે. (સૂર્ય ઉદય થવા પર પોતાના કામમાં લાગી જાય છે.) હે ખગેહ! નરદેહને બે રૂપ છે, એક વ્યાવહારિક અને બીજું પારમાર્થિક.

વ્યાવહારિક શરીરમાં સાડા ત્રણ કરોડ રોમ છે, સાત લાખ વાળ (કેશ) છે અને વીસ નખ કહેવામાં આવ્યા છે. હે ગરુડ! સામાન્ય રીતે બત્રીસ દાંત કહેવામાં આવ્યા છે. હજાર પલ માંસ છે અને સો પલ લોહી છે. મેદા દસ પળ છે, સત્તર પલ ત્વચા છે, બાર પલ મજ્જા છે અને ત્રણ પલ મહારક્ત છે. શુક્ર બે પાવ છે, શોણિત એક પાવ કહેવામાં કહેવામાં આવ્યા છે. દેહમાં ત્રણ સો સાહીંઠ સ્થૂળ હાડકાં છે તથા નાડીઓ શરીરીમાં કરોડો કહેવામાં આવી છે. પચાસ પલ પિત્ત છે અને એના અડધા (પચીસ પલ) કફ છે. હંમેશાં ઉત્પન્ન થવાવાળી વિષ્ઠા અને મૂત્રનું કોઈ નિયમિત પરિણામ નથી. આ ગુણો અને સામગ્રીઓથી યુક્ત વ્યાવહારિક શરીર છે.

બધા ભુવન, પર્વત, દ્વીપ, સાગર, આદિત્ય વગેરે ગ્રહ પારમાર્થિક શરીરમાં છે. પારમાર્થિક દેહમાં છ ચક્ર નિશ્ચય હોય છે. જે ગુણ બ્રહ્માંડમાં કહેવામાં આવ્યા છે તે બધા આમાં વિદ્યમાન છે. આ બધા ગુણ યોગિઓના અવધાન અને ઉપાધિમાં આવે છે, એમને હું તારાથી કહું છું, જેની ભાવના કરીને જીવ વિરાટ રૂપને પ્રાપ્ત થાય છે. હું એ વિરાટ રૂપને જ કહું છું.

પગની નીચે તળ જાણો અને પગની ઉપર વિતળ છે અને ઘુંટણમાં સુતળ જાણો અને સક્થિદેશ (ગુપ્તેન્દ્રિયોના જોડ સ્થાન)માં મહાતળ જાણો. સકિયના મૂળમાં તલાતળ અને ગુહ્ય દેશમાં રસાતળ જાણો અને કઠિમાં પાતાળ જાણો. આ સાત લોકો કહેવાય છે. નાભિમાં ભૂલોક, એના ઉપર ભુવલોક અને હૃદયમાં સ્વર્લોક જાણો, કંઠદેશમાં મહર્લોક જાણો, મુખમાં જનલોક, લલાટમાં તપોલોક અને બ્રહ્મરંધ્રમાં સત્યલોક જાણોય આ ચૌદ ભુવન છે. ત્રિકોણમાં મેરુ સ્થિત છે, નીચે કોણમાં મંદરાચલ અને દક્ષિણ કોણમાં કૈલાસ અને ્સવામ (વાયવ્ય) કોણમાં હિમાચલ છે. એના ઊર્વ્ રેખામાં ઉર્ધ્વ રેખામાં ઉપર નિષધ્ર પર્વત, દક્ષિણ રેખામાં ગંધ-માદન, અને વામ રેખામાં રમણાંચળ. આ સાત પર્વત કહેવામાં આવે છે. અસ્થિઓના સ્થાનમાં જંબુદ્વીપ અને શાકદ્વીપના સ્થાન પર મજ્જા, કુશ દ્વીપના સ્થાન પર માંસ અને ક્રૌંચ દ્વી પર શિરાઓની સ્થિતિ છે, આની સાથે-સાથે ત્વચામાં શાલ્મલી દ્વીપ, રોમમાં નખોમાં પુષ્કર દ્વીપની સ્થિતિ જાણવી જોઈએ.

હવે હું તને સાગરોના વિષયમાં બતાવું છું. આ વિરાટ પુરુષ પોતાના મૂત્રમાં સાગરને સ્થિત રાખે છે. દૂધમાં દૂધનો સમુદ્ર માનવામાં આવે છે અને મજ્જામાં ઘીનો સમુદ્ર. રસનો સમુદ્ર રસમાં અને દહીનો સમુદ્ર લોહી જાણવો જોઈએ. હે પક્ષીરાજ ગરુડ! ગળાની ભીતર બધા સ્વાદિષ્ટ જળ હોય છે. આ જે વિરાટ પુરુષ છે એના નાદ ચક્રમાં સૂર્યની સ્થિતિ માનવામાં આવે છે અને એની સાથે ચંદ્રમા બિંદુચક્રમાં સ્થિત છે. મંગળ નેત્રમાં વિરાજમાન છે અને બુધ હૃદયમાં. ગુરુની સ્થિતિ વિષ્ણુ-સ્થાન નાભિ ગોળમાં છે અને શુક્રમાં શુક્રની સ્થિતિતિ છે. એના મુખ્માં રાહુ સ્થિતત છે અને વાયુના સ્થાન પર કેતુ. આ રીતથી આ સંપૂર્ણ માનવ શરીર અલગ-અલગ તત્ત્વોથી બનેલું છે. આ વિરાટ શરીરમાં એક ગ્રહમંડળ છે, આ સમજીને જ એનું ચિંતન કરવું જોઈએ અને મનુષ્યને જોઈએ કે તે વહેલી સવારે પદ્માસન લગાવીને ષટ ચક્રોનું ચિંતન કરે. આવો પુરુષ પાપોથી છુટી જાય છે.

આના ઉપરાંત ગરુડજીએ પૂછ્યું કે હે પ્રભુ! તમે મને અજપાનું ઉત્તમ કાર્ય પણ બતાવો કેમ કે એનાથી જીવનો જીવ ભાવ છૂટી જાય છે.

ભગવાન નારાયણે કહ્યું કે મણિપૂરક સ્વાધિષ્ઠાન, અનાહત, વિશુદ્ધ, મૂલાધાર અને આજ્ઞા આ ષટ ચક્ર કહેવામાં આવે છે. મનુષ્યને જોઈએ કે તે મૂળાધારને સ્થિત કરીને ક્રમશઃ નાભિ, હૃદય, ગળા અને ભમરોની વચ્ચે શેષ ચક્રનું ચિંતન કરે. 'વ શ ષ સ' ચાર દળવાળા અગ્નિની સમાન મૂલાધાર ચક્ર હોય છે. આ અલગ-અલગ ચક્ર હોય છે. અને એ આ પ્રકારે છે.

૧. મૂલાધાર ચક્ર ' વ શ ષ સ' ચાર દળવાળું.

૨. સ્વાધિષ્ઠાન ચક્ર ' બ ભ મ ય ર લ' છ પત્રવાળના સૂર્યની સમાન.

૩. મણિપૂરક ચક્ર રક્ત આભાવાળું 'ડ ઢ ણ ત થ દ ધ ન પ ફ.'

૪. અનાહત ચક્ર ક થી ઠ સુધી બાર પાત્રોવાળુ અને

૫. વિશુદ્ધ ચક્ર ચંદ્રમાની જ્યોતિ સમાન ૧૬ પ્રારંભિક વર્ણો (સ્વરો) વાળું.

૬. આજ્ઞા ચક્રમ હંસને બે અક્ષરોથી યુક્ત લાલ કાંતિવાળું.

એની ઉપર એક હજાર દળવાળું કમળ છે, જે આનંદ અને શિવમય છે. આ કમળ દળ શાશ્વત અને જ્યોતિથી પરિપૂર્ણ છે. મનુષ્યને જોઈએ કે તે આ સાધનામાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને ગુરુ તથા ગણેશનું વ્યાપક રૂપમાં ચિંતન કરે. પંડિતો દ્વારા રાત-દિવસમાં શ્વાસની ગતિ ૨૧,૬૦૦૦ કહેવામાં આવી છે. જ્ઞાની લોકો 'હં સો હં સઃ મંત્ર'- જે જીવ તત્ત્વ છે, એનો જાપ કરે છે. એમાં ગણેશ માટે ૩૦૦૦, હરિ માટે ૬૦૦૦ અને બ્રહ્મા માટે ૬૦૦૦, જીવાત્મા માટે ૧૦૦૦ અને ગુરુ માટે ૧૦૦૦ તથા ચૈતન્ય આત્મા માટે એક હજાર આ પ્રકારના જપની સંખ્યા કહેવામાં આવી છે. મુનીશ્વર લોકો ચક્રમાં સ્થિત બ્રહ્મ અને કિરણોમાં દેવતાઓનું ચિંતન કરે છે.

મનુષ્યને એકાગ્રચિત્ત થઈને પરમ ધર્મનું ધ્યાન કરવું જોઈએ. એના ઉપરાંત ગુરુના ઉપદેશ દ્વારા મનુષ્યને જોઈએ કે તે ગાયત્રની જાપ કરે અને બધા ચક્રોની માનસિક પૂજા કરે. તે પોતાના ગુરુનું ધ્યાન કરે કેમ કે ગુરુના હાથોમાં અભયદાનની શક્તિ છે. ગુરુના ચરણામૃતથી પોતાનું શરીર દોવે અને પંચ પ્રકારથી એનું સ્તવન કરે. પછી છ ચક્રોમાં સંચરિત અને સાડા ત્રણ વલયવાળી કુંડલીનીને આરોહ અને અવરોહના ક્રમમાં ધ્યાનમાં લાવે. બ્રહ્મરંધ્રથી બહાર ગયેલી સુષુમ્નાનું ધ્યાન કરે. કેમ કે આ માર્ગમાં થઈને જીવને વિષ્ણુ પરમપદના રૂપમાં પ્રાપ્ત થાય છે. પછી વહેલી સવારે પરમબ્રહ્મનું ધ્યાન કરે અને ગુરુના ઉપદેશથી સ્વયંને સ્થિર કરે. અને કહે કે હંમેશાં જ તમારું ચિંતન કરું છું. ગુરુના ઉપદેશ વગર મનુષ્ય યોગથી ભ્રષ્ટ થઈ શકે છે. આ રીતે અંતર યોગની સાધના કરીને ફરી બહિયોગ કરે. જે પુરુષ પોતાના દેહના અધિમાનમાં રહે છે તેઓ યોગ્ય પ્રકારથી યોગિક ક્રિયાઓ નથી કરી શકતા, તપ, યોગ, વગેરે મોક્ષના માર્ગ થવા પછી પણ હે ગરુડ! મોક્ષ માટે સર્વોત્તમ વિધાન ભક્તિનું વિધાન છે. યોગી પુરુષ પણ ભક્તિથી જ સનાતન મોક્ષને પ્રાપ્ત થાય છે.

***

## ચૌદમો અધ્યાય

ગરુડજીએ ભગવાન નારાયણને પૂછ્યું કે જીવોનું સાંસારિક આવાગમન સાંભળવા પછી સનાતન મોક્ષના ઉપાયના વિષયમાં બતાવો. કેમ કે આ સંસાર દુઃખોથી ભરેલો છે. જીવોમાં અનેક કષ્ટ ઉત્પન્ન થાય છે અનેક જીવ ઉત્પન્ન થાય છે અને મરે છે અને એનો કોઈ અંત નથી થતો. તો હે ભગવન્, તમે મને એ બતાવવાની કૃપા કરો કે સનાતન મોક્ષ

કયા પ્રકારે મળી શકે છે. ભગવાન નારાયણે કહ્યું કે તારા પ્રશ્નનો જવાબ સાંભળવા માત્રથી મનુષ્ય સંસારના કષ્ટોથી છુટકારો મેળવી લે છે. હે ગરુડ! ભગવાન શિવ પરબ્રહ્મસ્વરૂપ છે, સર્વજ્ઞ અને કર્તા છે, બધાના સ્વામી છે અને આદિ અંતથી રહિત વિકાર રહિત અનિર્વચનીય તથા સચિદાનંદ સ્વરૂપ છે. અને જીવ એમનો એક અંશ માત્ર છે, જે રીતથી રગડ લાગવાથી કે ઠેસ વાગવાથી ચિંગારી નિકળે છે એવી જ રીતે અનાદિ કર્મથી અનાદિ વિદ્યા દ્વારા સંઘર્ષ થવા પર દેહથી યુક્ત જીવની ઉત્પત્તિ થાય છે. દેહને ધારણ કરવાવાળા જીવ સુખ-દુઃખથી ભરેલ હોય છે અને સારા-ખરાબ કર્મ કરે છે અને પૂર્વ જન્મના કારણે જ જાતિના બંધન આયુ વગેરે નિશ્ચિત થાય છે. હે ગરુડ, સંપૂર્ણ જીવ ઉત્કૃષ્ટ તથા અનાશવાન સૂક્ષ્મ લિંગ શરીરથી જન્મ લે છે. અથવા પછી આ જીવ એનાથી પણ વધારે સૂક્ષ્મ શરીર પ્રત્યેક જન્મમાં પ્રાપ્ત કરે છે.

હવે હું તમને મોક્ષનું કર્મ બતાવું છું. તે આ પ્રકારે છે કે પહેલાં સ્થાવરનો જન્મ થાય છે, બીજા જન્મમાં તે કીટ વગેરે થાય છે પછી વૃક્ષ વગેરે, પછી પક્ષી પશુ અને મનુષ્ય થાય છે. ધર્મ કરવાવાળા મનુષ્ય જ યોનિ પછી દેવતાની યોનિ મળે છે. દેવતા જીવ મોક્ષ કરવાવાળા હોય છે. જીવ ચાર પ્રકારના હોય છે-પિંડજ, ઉદિભજ, સ્વેદજ અને અંડજ. અને આ હજારો વખત શરીર ધારણ કરે છે અને શરીર છોડે છે તથા અંતિમ શરીર મનુષ્યના રૂપમાં પ્રાપ્ત કરે છે. આ પ્રકારથી જ્ઞાની મનુષ્યને મોક્ષ પ્રાપ્ત થઈ જાય છે. દેહધારી તેમ છતાં ૮૫ લાખ યોનિઓમાં શરીર ક્રમથી જીતે છે પરંતુ વાસ્તવિક તત્ત્વ જ્ઞાન મનુષ્યના શરીરમાં જ મળે છે. તત્ત્વ જ્ઞાન વગર મુક્તિ શક્ય નથી. એનાથી એ નિશ્ચય થાય છે કે હજારો જન્મમાં હજારો જીવોમાં પુણ્યના સંચયથી મનુષ્યનું શરીર મળે છે અને એના શરીર પછી પણ મોક્ષની સીડી ખુલી જાય છે.

જે મનુષ્ય આ શરીરને મેળવીને પણ ધર્મ નથી કરતો અને પોતાને સંસાર સાગરને પાર નથી કરી શકતો તે ખૂબ જ પાપી છે કેમ કે મનુષ્યના શરીરમાં જ સુન્દર ઇન્દ્રિઓ પ્રાપ્ત હોય છે. જો એના પર પણ મનુષ્ય પોતાનું કલ્યાણ નથી કરી શકતો તો તે અભાગ્યો હોય છે અને બ્રહ્મહત્યારાની સમાન પાપને ભોગવે છે.

પુરુષાર્થ ઘણું મોટું લક્ષણ છે અને પુરુષાર્થ વગર કશું પ્રાપ્ત નથી થતું પરંતુ પુરુષાર્થ શરીર વગર નથી થઈ શકતું. આથી મનુષ્યને જોઈએ કે તે પોતાના દેહ અને ધનની રક્ષા માટે પુણ્ય કર્મોના સાધન કરે. આત્મા સૌથી મોટું પાત્ર છે અને બધાનું પાત્ર છે. આથી મનુષ્ય આત્માની રક્ષા કરે. આત્માની રક્ષાના પ્રયત્નમાં જ મનુષ્યને કલ્યાણ પ્રાપ્ત થાય છે. જો મનુષ્ય આત્માની રક્ષા નથી કરી શકતો તો એના કલ્યાણનો માર્ગ અવરુદ્ધ થઈ જાય છે. જીવિત શરીરના આધાર પર મનુષ્ય વારંવાર શુભ-અશુભ કર્મ કરે છે અને ગામ, ક્ષેત્ર ઘર પર પરિધિમાં બંધાયેલો રહે છે. જે બુદ્ધિશાળી મનુષ્ય હોય છે તે શરીરની રક્ષાનો પ્રયત્ન કરે છે કેમ કે શરીર સૌથી પ્યારું હોય છે. કોઢી અને દુઃખી વ્યક્તિ પણ શરીરને ત્યાગવાની ઇચ્છા નથી કરતા. આ શરીર રક્ષાનો પ્રયત્ન ધર્મ માટે હોય છે કેમ કે જો શરીર નહીં હોય તો ધર્મનું પાલન કેવી રીતે થશે. ધર્મ જ્ઞાન માટે અને જ્ઞાન યોગ્ય માટે દેહનું હોવું જરૂરી છે. ધર્મ જ્ઞાન પછી પણ જીવ મુક્ત થઈ જાય છે. આત્માને તારવો પુણ્ય પ્રાપ્ત કરવા જેવું છે. જે લોકો આ લોકમાં નરક રોગની

ચિકિત્સા નથી કરતા તે દુષ્ય થાય છે અને એનું શરીર રોગી થઈ જાય છે. વૃદ્ધાવસ્થાની અવસ્થામાં મનુષ્ય કશું નથી શકતો આથી એના પહેલાં જ પવિત્ર કર્મ કરી લેવા જોઈએ. વૃદ્ધાવસ્થામાં રોગ શત્રુની જેમ પ્રહાર કરે છે આથી કલ્યાણકારી કર્મ પહેલાંથી જ પ્રારંભ કરી દેવા જોઈએ. મનુષ્યને જોઈએ કે તે જ્ઞાન તત્ત્વને એના પૂર્વ જ મેળવી લે કેમ કે શરીરના રુગ્ણ હોવા પર અને ઇન્દ્રિયોના શિથિલ હોવા પર કશું પ્રાપ્ત નથી થતું.

દેહ (શરીર)ના રહેતા મનુષ્યએ તત્ત્વ જ્ઞાન પ્રાપ્ત કરી લેવું જોઈએ. જે વ્યક્તિ ઘરના ખૂણામાં આગ લાગ્યા પછી, કૂવો ખોદે છે તે બળી જાય છે. આથી મૃત્યુની નજીક પહોંચતા પહલાં જ આત્મજ્ઞાન પ્રાપ્ત કરી લેવું જોઈએ.

મનુષ્ય આ સંસારમાં ઉત્પન્ન થાય છે પરંતુ કાળ સંસારના ઉત્પન્ન અનેક કાર્યોને નથી જોતો પરંતુ મનુષ્ય પોતાના શુદ્ધ રૂપથી પોતાના સ્વરૂપને પણ નથી જાણી શકતો. જે કારણોથી મનુષ્ય બીજાઓને દુઃખિત જુએ છે, આપત્તિમાં ફસાયેલો મેળવે છે, કષ્ટ પ્રાપ્ત કરીને અનુભવ કરે છે મનુષ્ય એ જ કાર્યોને કરે છે, આ આશ્ચર્યની વાત છે. તે પાપથી નથી ડરતો જ્યારે જાણે છે કે પાપનું દુષ્ફળ મળશે. મનુષ્ય એ જાણે છે કે બધી સંપત્તિ સ્વપ્નની સમાન છે, ફૂલની સમાન જવાની છે અને ઉંમર પણ વિજળીની જેમ ચંચળ છે. ગમે ત્યારે કશું પણ નષ્ટ થઈ શકે છે પરંતુ છતાં પણ તે પાપકર્મમાં લીન રહે છે. મનુષ્યને જોઈએ કે માનવ જન્મમાં પોતાની સાર્થકતા પ્રાપ્ત કરી લે. આના ધૈર્ય વગર કશું પ્રાપ્ત નથી થઈ શકતું. મનુષ્યને સો વર્ષનું જીવન મળ્યું છે. એને પણ તે સૂવા અને આળસમાં વિતાવી દે છે. એને જોઈએ કે તે જીવનને નિરર્થક થવાથી બચાવે. એને જોઈએકે તે બ્રહ્મની સમાન હોવાના ઉપાય કરતો રહે. જે મનુષ્ય ઉપાય કરવા યોગ્ય સમયમાં ઉદ્યોગો નથી કરતો અને જાણવા યોગ્ય સમયમાં ચિંતન નથી કરતો અને ભય તથા માયાવી સંસારમાં વિશ્વાસ કરે છે તે મનુષ્ય નષ્ટ થઈ જાય છે. બધા મનુષ્ય માર્યા જાય છે. તેમ છતાં પાણીમાં ઉઠેલા પરપોટાની સમાન આ દેહમાં આત્મા વિદ્યમાન રહે છે. પરંતુ જે વ્યક્તિ ભક્તિને જાણીને, જે મનુષ્ય ધનને ફક્ત સામાન્ય પ્રયોજન માટે નથી માનતો એને આત્મજ્ઞાન નથી થતું. દેહ માયાથી મોહિત થઈને જે મનુષ્ય આ જાણે છે કે આત્મજ્ઞાનથી મોક્ષ શુદ્ધ જ્ઞાન માર્ગને જોઈને અણદેખ્યું કરી દે છે અને જ્ઞાનની વાણી નથી સાંભળતા તેઓ નથી જાણતા કે આ સંસાર કાળરૂપી સાગરમાં ડૂબી રહ્યો છે, મૃત્યુ રોગ વગેરે આ સાગરના ગ્રાહની સમાન છે. આ ગ્રહોને કારણે એને ખૂબ કષ્ટ મળે છે. પરંતુ કાળની ગતિ અબાધ છે અને તે પ્રત્યેક ક્ષણ ક્ષીણ થવાને મનુષ્યને પણ નથી જાણ થતી, કેમ કે કાળ ના મનુષ્ય દ્વારા ગ્રહણ કરવામાં આવે છે અને ના એના દ્વારા જાણવામાં આવે છે. તે જળમાં સ્થિત કાચા ઘડાની સમાન નષ્ટ થતો રહે છે પરંતુ એની જાણ નથી ચાલતી.

પવનને બાંધી શકાય છે અને આકાશનું ખંડન શક્ય છે. તરંગોને ગૂંથાઈ શકાય છે પરંતુ આયુ પર વિશ્વાસ કરવો શક્ય નથી.

આ સંપૂર્ણ પૃથ્વી કાળના વસથી ચાલે છે. કાળના બળ પર જ ક્યાંક પર પર્વત હોય છે અને ક્યાંય પર સમુદ્ર. આ પરસ્પર બદલતાં પણ રહે છે. તો પછી આ નાના શરીરની મહત્તા શું? આથી પોતાનું-બીજાનું વિચારવું બિલ્કુલ વ્યર્થ છે. આ મારા બંધુ છે, ભાઈ છે, મારા છે, બીજાના છે, આ આખું ચિંતન એ સમયે વ્યર્થ થઈ જાય છે જ્યારે કાળ

કાં તો ખુદને ઉઠાવી લે છે કે બંધુ-બાંધવોમાંથી કોઈ એનો ગ્રાસ બની જાય છે. પરંતુ મનુષ્ય પોતાના કાર્યના વિષયમાં વિચારીને કે આ થઈ ગયું અને આ બાકી છે તથા આ કરવાનું છે. અંતે યમની તરફ અગ્રેસર થાય છે. એને હંમશાં એ જોઈએ કે તે જલ્દીથી જલ્દી પોતાના કાર્યોને સંપાદિત કરે કેમ કે મૃત્યુ મનુષ્ય દ્વારા કરવામાં આવી રહેલા અથવા રહી ગયેલા કામની ચિંતા નથી કરતું. વૃદ્ધાવસ્થા મૃત્યુનો માર્ગ બતાવે છે. વૃદ્ધાવસ્થામાં પ્રચંડ રોગ મૃત્યુના સૈનિક છે. આવી મૃત્યુને જીવ અનદેખ્યું કરી દે છે અને પરમેશ્વરને નથી જોતો. આશ્ચર્ય એ જ છે કે તે પ્રભુની ભક્તિ કેમ નથી કરતો? આવા મનુષ્યને મૃત્યુ એવી રીતે ખાય છે જાણે અગ્નિ રૂને. જેમ લાલચ રૂપી સોયથી છેદ આપ્યા પછી વિષયદ રૂપી ઘીથી સીંચ્યા પછી રાગ-દ્વેષ ખૂબ વધારે ઉછરે છે એવી જ રીતે મૃત્યુની જાળ વધતી જાય છે. મૃત્યુના વિધાનથી બાળક, જવાન, વૃદ્ધ કોઈ પણ નથી બચતું. આ જીવ વિવશ થઈ જાય છે અને પોતાને છોડીને યમના ઘેર ચાલી જાય છે. પછી માતા-પિતા અને સંબંધિઓના વિષયમાં તો શું કહેવામાં આવે.

આ સંસાર દુઃખનું મૂળ છે અને જે સાંસારિક ગૃહસ્થ છે તે બધાથી વધારે દુઃખી છે. જે મનુષ્યએ આ સંસારનો ત્યાગ કરી દીધો તે ખૂબ જ સુખી છે. મનુષ્યને જોઈએ કે દુઃખને ઉત્પન્ન કર વાવાળા અને આપત્તિઓના આશ્રય ઘર-સંસારને વધારે આસક્તિથી ન જુએ. જ્ઞાની અને ભક્ત મનુષ્ય સંસારથી એવી મુક્તિ મેળવી લે છે જાણે કોઈ લોખંડથી જકડેલો મનુષ્ય બંધનથી છુટકારો મેળવી લે. પરંતુ પુત્ર, સ્ત્રી વગેરેમા લીન પુરુષનો મોહ નથી છુટતો. પરંતુ તે જે-જે સંબંધોના પ્રત્યે અને જેટલા સંબંધોના મહો ભાવ પેદા કરે છે એનાથી શોક રૂપી ખીલ્લા હૃદયમાં પીડા આપે છે. એની દશા એવી થઈ જાય છે કે કોઈ ચોર કોઈનું ધન લૂંટીને લઈ જાય છે.

જે રીતથી લોખંડના ખીલ્લામાં લાગેલા માંસને જોઈને ખીલ્લાની ઉપસ્થિતી ભૂલીને માછલી કાંટામાં ફસાઈ જાય છે એવી જ રીતે સુખનો લોભી પુરુષ (જીવ) સાંસારિક સુખોને જુએ છે પરંતુ એની પાછળ યમરાજના વિઘ્નોને નથી જોતો. આ રીતે હે ગરુડ! હિત-અહિતને જોવાવાળા અને હંમેશાં કુમાર્ગ પર જવાવાળા લોકો નરકગામી થાય છે. મનુષ્યની વચ્ચે ઉંઘ, ખાવું-પીવું પશુઓની સમાન જ હોય છે. ફક્ત માત્ર જ્ઞાન જ એનું વિશેષ તત્ત્વ હોય છે. અને જ્ઞાનહીન મનુષ્ય પશુની સમાન હોય છે.

મૂરખ મનુષ્ય સામાન્ય ક્રિયાકર્મમાં લાગેલો રહે છે. દિવસમાં ભૂખ-તરસથી દુઃખી, ધન કમાવવા માટે અને રાત્રે સૂવા માટે તે પોતાનું જીવન વ્યતીત કરી દે છે. અજ્ઞાનથી મોહિત થઈને તે પોતાના જીવનનો સાચ્ચો ધર્મ નથી નિભાવી શકતો. એને એ પણ જાણ નથી થતી કે સંસારમાં તલ્લીન જીવ અજ્ઞાનને કારણે મરે છે. આથી ધન વગેરેનો સંગ છોડીને મનુષ્યએ સજ્જનોનો સંગ જ કરવો જોઈએ. સજ્જનોનો સાથે ખૂબ જ મોટી ઔષધિ છે. મનુષ્યના જીવનમાં વિવેક અને સત્સંગ આ એવા દૃષ્ટિ સંપન્ન નેત્ર છે, જેનાથી મનુષ્ય સારા-ખરાબની ઓળખ કરી શકે છે. જેની પાસે આ નેત્ર નથી હોતા તે કુમાર્ગગામી થઈ જાય છે.

બધા મનુષ્યોનું કર્તવ્ય છે કે તેઓ પોતાના વર્ણાશ્રમ આચારમાં તત્પર થઈને બીજા ધર્મોને પણ જાણે. અહંકારી મનુષ્ય નષ્ટ થઈ જાય છે. કેટલાક લોકો કર્મમાં વધારે લીન રહે છે અને કેટલાક ધર્મમાં. જે લોકો અજ્ઞાનથી

ઘેરાયેલા છે એમની સાથે દગો થઈ જાય છે. એમની અસલી પૂંજી નષ્ટ થઈ જાય છે. કેટલાક લોકો ભગવાન નારાયણ અર્થાત્ મારું નામ માત્ર લેવાથી મોક્ષની કામના કરવા લાગે છે. અને કેટલાક લોકો કર્મકાંડી થઈને મોટા-મોટા યજ્ઞોને કરીને મોક્ષની કામના કરે છે. કેટલાક લોકો ઉપવાસ કરીને શરીરને સૂકવી દે છે અને મોક્ષની કામના કરે છે.

પરંતુ મારી માયાથી મોહિત થઈને આ પ્રકારે પરોક્ષ રીતિથી મોક્ષની પ્રાપ્તિ નથી થતી. કેમ કે દેહને દંડ આપવાથી જ્ઞાન ઉત્પન્ન નથી થતું. આ એવું જ હોય છે, જેવું સાંપને મારવા માટે ખાલી બાંબી પર આક્રમણ કરવામાં આવે, જે લોકો જટાઓના ભારથી ઘેરાયેલા રહે છે, મૃગ ચર્મ ધારણ કરીને ઘમંડી જ્ઞાનીઓની જેમ નગરો અને ગ્રામોમાં ફરે છે અને બીજા લોકોને પણ ભ્રમમાં નાંખે છે એમને હું પ્રાપ્ત નથી થતો. જે વ્યક્તિ સંસારથી ઉત્પન્ન સુખમાં લીન રહે છે અને પોતાને પણ બ્રહ્મથી ઉત્પન્ન થયેલો માને છે એમને પણ હું નથી મળતો. હે ગરુડ! ષડ્દર્શન રૂપ મહા કૂવામાં પડેલા અનેક મનુષ્ય પરમાર્થના વાસ્તવિક રૂપને નથી જાણતા. તેઓ પશુઓની સમાન બંધાયેલા છે. કેટલાક લોકો કર્મથી અને બ્રહ્મજ્ઞાનથી ભ્રષ્ટ થઈ જાય છે કેમ કે એમનામાં અહંકાર થઈ જાય છે. આવા પુરુષોનો ત્યાગ કરી દેવો જોઈએ. આવા લોકો ક્યાં મુક્તિ મેળવે છે જે ઘરમા અને વનમાં સમાનતા કરીને નિર્લજ્જતાપૂર્વક દિગમ્બર થઈને ફરે છે. ફક્ત માટી અને ભસ્મ લગાવવાથી મુક્તિ પ્રાપ્ત નથી થતી. જે પુરુષ તપસ્વીના રૂપમાં ઘાસ, પત્ર, પાણી વગેરે પીતા રહે છે તેઓ વાસ્તવિક તપસ્વી નથી હોતા. જન્મથી મરણ સુધી ગંગામાં રહેવાવાળી માછલી અને દેડકા શું સ્વર્ગમાં ચાલ્યા જાય છે?

આ પ્રકારે મને પ્રાપ્ત કરવાના બાહ્ય ઉપાય સુયોગ્ય નથી હોતા. અને ના આ બાહ્ય ઉપાયોથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. પપીલા પૃથ્વી પર પડેલા જળને ક્યારેય નથી પીતા અને પારાવત પક્ષી એક-એક કણનો આહાર કરે છે પરંતુ તે બધા વ્રતી નથી થઈ જતા. હે ગરુડ! સંસારના અનેક કર્મ લોકરંજન માટે છે. એનાથી મોક્ષનો કોઈ સંબંધ નથી, મોક્ષ તો ફક્ત તત્ત્વ જ્ઞાનથી જ શક્ય છે.

વેદ-શાસ્ત્રોથી યુક્ત ઘોર સમુદ્રમાં પડેલા તાર્કિક પંડિત શાસ્ત્રો અને સંવાદોના કુચક્રોમાં ફસાયેલા રહે છે તેઓ પણ તત્ત્વ જ્ઞાનને નથી જાણતા. અનેક લોકો એવા હોય છે જે વેદ-શાસ્ત્ર અને પુરાણોને બહારથી જાણે છે, પરંતુ એમને આપણે તત્ત્વ-જ્ઞાની નથી કહી શકતા. તે પંડિત ફક્ત પ્રદર્શન માટે હોય છે. તે ફક્ત કાગડાની સમાન બોલે છે. કેટલાક લોકો વાસ્તિવિક તત્ત્વ જ્ઞાનના અભાવમાં ફક્ત શાસ્ત્રોને વાંચીને જ પોતાને જ્ઞાની સમજવા લાગે છે. એમની ઇન્દ્રિયો વ્યાકુળ રહે છે.

પરમ તત્ત્વ આ બધાથી પરે કંઈક અલગ જ તત્ત્વ છે. તે તત્ત્વમસિ અને ગુરુના ઉપદેશથી જાણવા યોગ્ય આ પરમ તત્ત્વ અનુભવથી જાણવામાં આવે છે અને ભક્તિ એનું મૂળ છે. જ્ઞાન તો ફક્ત મદદ કરે છે. ફક્ત શાસ્ત્રને વાંચી લેવાથી તત્ત્વ જ્ઞાનથી એવા જ દૂર રહે છે જેમ કરછીના રસના સ્વાદથી દૂરી રહે છે. તેમ છતાં ફૂલોને ગળામાં

કે માથા પર ધારણ કરવામાં આવે છે પરંતુ એની વાસ્તવિકતા નાક જ જાણી શકે છે. મૂર્ખ લોકો વ્યર્થમાં તર્ક-વિતર્કથી પરમ જ્ઞાનને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે.

જ્ઞાનથી હીન વ્યક્તિ, અભ્યાસથી તત્ત્વ જ્ઞાન પ્રાપ્ત નથી કરી શકાતું. હજાર વર્ષની આયુ પણ વાસ્તવિક જ્ઞાનને પ્રાપ્ત કરવા માટે ઓછી હોય છે અને શાસ્ત્ર જ્ઞાનનો અંત નથી. શાસ્ત્ર અનેક છે અને મનુષ્યની ઉંમર ખૂબ જ નાની હોય છે. અને એના પર પણ અનેક વિઘ્ન આવી જાય છે. આથી મનુષ્યને જોઈએ કે તે શાસ્ત્રના તત્ત્વોને જાણવાનો પ્રયત્ન કરે. જેમ હંસ પાણીમાંથી દૂધનું કણ કાઢી લે છે તેવી જ રીતે બુદ્ધિશાળી લોકોએ શાસ્ત્રોમાંથી તત્ત્વ જ્ઞાનની વાતો કાઢી લેવી જોઈએ. તત્ત્વ જ્ઞાનની પ્રાપ્તિ પર જ્ઞાની મનુષ્ય શાસ્ત્રને એવી રીતે છોડી દે છે જાણે ઘઉંની પ્રાપ્તિ પછી ભૂસું છોડી દેવામાં આવે છે.

હે ગરુડ! જે પુરુષ અમૃતથી તૃપ્ત થઈ જાય છે તે ભોજન નથી કરતો. આ પ્રકારે જે તત્ત્વ જ્ઞાની છે એને શાસ્ત્રોની જરૂર નથી હોતી. હકીકત રૂપમાં ગુરુની ફક્ત એક વાણીથી જ મુક્તિ મળી જાય છે. વેદોના વાંચવાથી મુક્તિ નથી થતી, ફક્ત જ્ઞાનથી કૈવલ્ય પ્રાપ્ત થાય છે. મુક્તિના કારણ સ્વરૂપ ન તો ચારે આશ્રમ છે અને ના ષટ્દર્શન તથા બધા શુભ કર્મ મુક્તિ અપાવી શકે છે. બસ મુક્તિનો તો એક જ આધાર છે અને એ છે આત્મજ્ઞાન. મુક્તિ આપવાવાળી બધી વિદ્યાઓ એક તરફ અને ગુરુની વાણી એક તરફ. જે રીતથી સંજીવની કાષ્ઠ જ પ્રમુખ હોય છે એવી જ રીતે અદ્વૈતવાદ જ વિશ્વ રૂપ છે. આ ગુરુના મુખથી પ્રાપ્ત થાય છે. અને કરોડો શાસ્ત્રોને વાંચવાથી પણ નથી મળતું.

જ્ઞાન બે પ્રકારના કહેવામાં આવ્યા છે. એક શાસ્ત્રોમાં લખેલું અને બીજું પોતાના અનુભવોથી પ્રાપ્ત. શાસ્ત્રનું જ્ઞાન એક શબ્દ માત્ર છે પરંતુ જે પોતાના અનુભવ દ્વારા પ્રાપ્ત થાય છે તે જ જ્ઞાન પરબ્રહ્મ રૂપ છે. અદ્વૈતવાદ જ્ઞાનની ઇચ્છા કરીને કેટલાક લોકો દ્વૈત જ્ઞાનની ઇચ્છા પણ કરે છે અને એ પણ સમજે છે કે દ્વૈત-અદ્વૈતથી પરે જ વાસ્તવિક પરમ જ્ઞાન છે. આ મારું નથી, આ મારું છે, આ બંને વાતો મોક્ષ માટે બંધન છે. જ્યારે આપણે એ અનુભવ કરીએ છીએ કે આ મારું નથી ત્યારે આપણે બંધનોથી છૂટી જઈએ છીએ. વાસ્તવિક કર્મ પણ એ જ હોય છે જે મનુષ્યને બંધનમાં નથી બાંધતું અને વિદ્યા એ જ હોય છે મુક્તિ આપવાવાળી હોય છે.

આધ્યાત્મિક વિદ્યાથી અલગ કોઈ પણ શિલ્પની નિપુણતા પણ વિદ્યા જ છે. મનુષ્ય જ્યાં સુધી કર્મ કરે છે ત્યાં સુધી આ સંસારની વાસનામાં રહે છે. અને જ્યાં સુધી ઇન્દ્રિયોની ચંચળતાના ઘેરામાં રહે છે ત્યાં સુધી તત્ત્વ જ્ઞાન પણ ક્યાં હોય છે. આથી દેહનું અભિમાન, મમતા, વાસના અને સાંસારિક તત્ત્વો માટે પ્રયત્ન છોડીને મનુષ્યને જોઈએ કે તે ગુરુની દયા પ્રાપ્ત કરીને આત્મજ્ઞાન પ્રાપ્ત કરે. જપ, તપ, હવન તીર્થ અને પુરાણોની કથા પણ ત્યાં સુધી જ મદદ કરે છે જ્યાં સુધી તત્ત્વ જ્ઞાન નથી થતું. આથી હું તારાથી એ કહું છું કે હે ગરુડ! સત્યનિષ્ઠ થવા લોકો મોક્ષ રૂપી વૃક્ષની છાયાનો આશ્રય લેવાનો પ્રયત્ન કરે છે. આ દૃષ્ટિથી શ્રી ગુરુના મુખથી આત્મજ્ઞાનને પ્રાપ્ત કરવું જોઈએ અને આ આત્મજ્ઞાનથી જીવ સંસાર રૂપી વૃક્ષની છાયાના આશ્રય લેવાનો પ્રયત્ન કરે છે. આ દૃષ્ટિથી શ્રી ગુરુના

મુખથી આત્મજ્ઞાનને પ્રાપ્ત કરવા જોઈએ અને આ આત્મજ્ઞાનથી જીવ સંસાર રૂપી બંધનથી છૂટી જાય છે. જીવ અંત કાળ આવવા પર આત્મજ્ઞાનથી જ નિર્વાણને પ્રાપ્ત થાય છે.

અંત કાળ આવવા પર મૃત્યુના ભયથી રહિત ત્યાગ રૂપી શાસ્ત્ર દ્વારા પોતાના મોહને કાપીને મનુષ્યને જોઈએ કે તે રાગથી રહિત થઈ જાય. ઘરનો ત્યાગ કર્યા પછી તીર્થના જળમાં સ્નાન કરે અને વિધિપૂર્વક બનાવેલા કુશા અને મૃગચર્મને ધારણ કરે અને એના જ આસન પર સૂવે. મહાન અક્ષર 'ઓમકાર'નો અભ્યાસ કરીને પોતાના શ્વાસ ને જીતીને બ્રહ્મનું સ્મરણ કરે અને પોતાના મનને રોકે. બુદ્ધિ સારથી છે, મન અને ઇન્દ્રિયો ઘોડા છે, આને બુદ્ધિ દ્વારા રોકીને કર્મમાં પ્રેરિત કરવું જોઈએ કે આવું કરીને તે પોતાને અનુભવ કરે કે તે પરમ ધામ છે-હું જ બ્રહ્મ છું, હું જ પરમ પદ છું અને હું જ અનંત આત્મા છું. આ રીતેથી તે પોતાને સ્થાપિત કરે.

જે પુરુષ ઓમ્ ઉચ્ચારણ કરતો-કરતો મારું સ્મરણ કરીને પોતાના દેહનો ત્યાગ કરે છે તે પરમગતિ-મુક્તિને પ્રાપ્ત થાય છે. આ સ્થળ પર જ્ઞાન અને વૈરાગ્યના ઘમંડી લોકો નથી જઈ શકતા. જ્ઞાની પુરુષ જ આ ગતિ સુધી પહોંચી શકે છે.

માન-મોહથી રહિત થઈને જે લોકો સંગના દોષને જીતી લે છે, અભિલાષાઓનો ત્યાગ કરવામાં સમર્થ થઈ જાય છે અને દુઃખ-દ્વન્દ્વથી છૂટી જાય છે, રાગ-દ્વેષ રૂપી મલથી મુક્ત થઈ જાય છે તેઓ પરમ અવિનાશી પદને પ્રાપ્ત થાય છે.

જ્ઞાન એક કુંડ છે એમાં સદ્ધં જળ ભરેલું છે અને આ જળ રાગ-દ્વેષને દૂર કરે છે. આ રીતના માનસ-તીર્થમાં સ્નાન કરવાવાળા વ્યક્તિ મોક્ષ પ્રાપ્ત કરે છે. જે ફક્ત મને મોકલે છે અને પરમાત્મામાં ધ્યાન લાગે છે તે મોક્ષને પ્રાપ્ત થાય છે. જે વ્યક્તિ પોતાની મૃત્યુની ચિંતા ન કરીને તીર્થોમાં નિવલાસ કરે છે અને મુક્તિ પ્રદાન કરવાવાળા ક્ષેત્રમાં મરે છે એને મોક્ષ મળે છે.

મોક્ષ પ્રાપ્ત કરવા માટે કેટલાક તીર્થ આ પ્રકારે છે - અયોધ્યા, મથુરા, કાશી, ગયા, કાંચી, અવંતિકા, દ્વારાવતી, આ સાત પુરી મોક્ષ પ્રદાતા છે. આ રીતથી હે ગરુડ! જેમ તેં પૂછ્યું એવી જ રીતે મેં આ સનાતન મોક્ષ ધર્મના વિષયમાં તને બતાવી દીધું છે. મુખ્ય જ્ઞાન અને વૈરાગ્યથી આને સાંભળવાથી પણ મોક્ષ પ્રાપ્ત થાય છે અને સૌથી મુખ્ય વાત એ છે કે તત્ત્વને જાણવાવાળા ધાર્મિક મોક્ષને પ્રાપ્ત કરે છે અને તેઓ સ્વર્ગ જાય છે.

ભગવાનની આ વાણી સાંભળીને ગરુડજીએ એમને અનેક વખત પ્રણામ કર્યા અને પછી ધ્યાનસ્થ થઈ ગયા. એના પછી તે બોલ્યા-હે ભગવન્! તમે મને સદાચારના વિષયમાં બતાવો કે મનુષ્યનું સદાચાર કર્મ-વિધાન શું હોવું જોઈએ?

ગરુડજીનો પ્રશ્ન સાંભળીને ભગવાન નારાયણ બોલ્યા મનુષ્યને જોઈએ કે તે શ્રુતિ અને સ્મૃતિનું જ્ઞાન પ્રાપ્ત કરીને વૈદિક કર્મ કરીને સદાચારનું પાલન કરે. શ્રોત કર્મ કર્યા પછી તે સ્માર્ત કર્મ પણ કરે. વૈદિક કર્મને પ્રમુખતા આપવી

જોઈએ. જો કોઈ કારણથી કોઈ મનુષ્ય સ્માર્ત કર્મ નથી કરી શકતો તો એણે સત્પુરુષોનું આચરણ કરવું જોઈએ. શ્રુતિ અને સ્મૃતિ આ બંને જ બ્રહ્મ જ્ઞાતાઓના નેત્ર કહેવામાં આવ્યા છે. એના દ્વારા જ કર્મોના દર્શન થાય છે. શ્રુતિ દ્વારા વૈદિક ધર્મનું પ્રિતપાદન કરવામાં આવે છે. સ્મૃતિના શાસ્ત્રોમાં જે કંઈ પણ કહેવામાં આવ્યું છે તે અપર ધર્મ હોય છે. એક ત્રીજી શ્રેણીનો ધર્મ પણ હોય છે, જેમાં શિષ્ટાચારનું કથન હોય છે. આ રીતથી આ ત્રણેય સનાતન ધર્મ થાય છે.

સત્ય, દાન, દયા, વિદ્યા, પૂજન, લાભ અને ઇજ્યા આ આઠ ધર્મના સ્વરૂપ છે અને આ જ શિષ્ટાચારના લક્ષણ કહેવામાં આવ્યા છે. આપણા પહેલાં પુરુષ-શરીર અને ઇન્દ્રિયોથી તેજથી પરિપૂર્ણ હતા, ધર્મનું આચરણ કરતા હતા એણે જ સત્ય, યજ્ઞ, તપ અને દાનના રૂપમાં ધર્મના લક્ષણ બતાવ્યા છે.

સાચ્ચો સદાચાર અભ્યાસ તપ વિદ્યામાં પ્રવૃત્ત થાય છે કેમ કે ધર્મથી સુખની પ્રાપ્તિ થાય છે અને ધર્મથી જ જ્ઞાન મળે છે. આ ધર્મથી યુક્ત હવે જ્ઞાન પ્રાપ્ત થાય છે તો ત્યારે મોક્ષ મળે છે. ઇજ્યા એટલે કે યજ્ઞ વગેરે કરવા. અભ્યાસ અને શાસ્ત્રોનું પાલન કરવું. બ્રાહ્મણ ક્ષત્રિઓ અને વૈશ્યોને કર્મ કહેવામાં આવ્યા છે. ક્ષત્રિય પોતાના કર્મ દ્વારા નિર્વાહ કરે છે અને એ જ એનો સદાચાર છે. એનો સદાચાર પ્રાણી માત્રની રક્ષા કરવાનો પણ છે. પશુઓનું પાલન કરવું, ખેતી, દુકાનદારી વૈશ્યનો ધર્મ છે. શૂદ્રનું કર્મ છે કે દ્વિજાતિઓની સેવા કરે. આ પ્રકારે ચારે વર્ણોના ધર્મ અલગ-અલગગ છે અને ચાર આશ્રમ છે, જેનું પાલન કરવું સુખી જીવન માટે જરૂરી છે. શૂદ્રને જોઈએ કે તે કર્મથી બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્યની સેવા કરે. આશ્રમોમાં બ્રહ્મચારીનું ક ર્તવ્ય છે કે તે બ્રહ્મની ઉપાસના કરીને વિદ્યા અભ્યાસ કરે. ઘર છોડીને ગુરુની પાસે ગુરૂકુળમાં રહે અને યજ્ઞ વગેરે કરે, સમયાનુસાર અભ્યાસ કરે. એણે ભિક્ષાચરણથી પોતાની જીવિકા પ્રાપ્ત કરવી જોઈએ. તે ગુરુની સાથે રહીને જ એમની આજ્ઞા અનુસાર કાર્ય કરે.

ગૃહસ્થાશ્રમમાં એનું કર્મ બીજું થઈ જાય છે. એને જોઈએ કે તે નિત્ય યજ્ઞ કરીને વૈદિક પદ્ધતિથી પોતાના જીવનનો નિર્વાહ કરે અને પોતાની પત્નીની સાથે પર્વોનો ત્યાગ કરી રતિક્રિયા કરીને ગૃહસ્થ ધર્મનું પાલન કરે. દેવતા, પિતૃગણ અને અતિથિઓ પૂજનૃસત્કાર પણ એનો ધર્મ છે. ગૃહસ્થ ધર્મનો પૂરો નિર્વાહ કરી લીધા પછી મનુષ્યને જોઈએ કે તે વાનપ્રસ્થમાં પ્રવેશ કરે અને ઇન્દ્રિયો પર સંયમ રાખીને ધર્મ-કર્મ કરે. નિત્ય યજ્ઞ કરે, મૃગચર્મ ધારણ કરી ભૂમિ પર સૂવે. વનમાં નિવાસ કરે. જે કંઈ પણ ફળ વગેરે પ્રાપ્ત થાય એનાથી પોતાનું પેટ ભરે. ચોથો આશ્રમ સંન્યાસનો છે. આ આશ્રમમાં મનુષ્ય બધું જ છોડીને સંન્યાસી થઈ જાય છે. અહીંયા પર એને ફક્ત ભિક્ષાવૃત્તિથી કામ ચલાવવું પડે છે. એને જોઈએ કે તે વ-ક્ષના મૂળમાં નિવાસ કરે અને કંઈ પણ સંચિત ન કરે. રાગ-દ્વેષથી પરે થઈ જાય. કોઈની પ્રતિ પણ મમતા ન રાખે. પ્રિય-અપ્રિય ન સમજે અને બહાર, અંદર વધારેમાં વધારે શુદ્ધ રહેવાનો પ્રયત્ન કરે, ઓછું બોલે, ફક્ત બ્રહ્મ ધ્યાનમાં મગ્ન રહે અને પોતાના હૃદયમાં ક્ષુદ્ર ભાવનાઓને ન રાખે. નિત્ય ધ્યાન અને ઉપાસના કરે. એને જ સંન્યાસીનો ધર્મ કહેવામાં આવ્યો છે.

સદાચારના અંતર્ગત કોઈ પ્રાણીની હિંસા ન કરવી અર્થાત્ કોઈને કોઈ પણ પ્રકારથી કષ્ટ ન પહોંચાડવું, મન, વચન, કર્મથી પ્રિય બની રહેવું અને બધા પર દયા ભાવ રાખવી મહત્ત્વપૂર્ણ છે. સમસ્ત આશ્રમોમાં રહેવાવાળા મનુષ્યોનો સામાન્ય ધર્મ સત્યનું આચરણ છે. વહેલી સવારે પથારીમાંથી ઊઠીને સૂવા સુધી જવાનો એક ગૃહસ્થનો ધર્મ બધાથી વધારે મુશ્કેલ છે. ગૃહસ્થને જોઈએ કે તે બ્રાહ્મ-મુર્હૂતમાં પથારી છોડી દે એને ધર્મ-અર્થનું ચિંતન કરે. પોતાના નિત્ય-કર્મથી નિવૃત્ત થઈને સ્નાન સંધ્યા વગેરે કરે. પછી એના પછી દિવસમાં પોતાનું કાર્ય કરે. સંધિ-કાળમાં નિત્ય કર્મ કરીને દિશા-જ્ઞાન અને વિશેષ ધ્યાન રાખે. જળમાં સ્નાન કરીને વધારેમાં વધારે શુધ્ધ રહે અને એના પછી પોતાના કર્મ વિધાનની તરફ ધ્યાન કરે. જે વ્યક્તિ નબળો હોય તે પોતાની શક્તિ અને બળ નુસાર શારીરિક શુદ્ધિ કરે. શારીરિક શુદ્ધિ પછી આચમન વગેરે કરીને સંધ્યા-વંદન કરે. વેદોનો પાઠ કરીને ઇતિહાસ-પુરાણનું પારાયણ કરે. પછી તે નાસિકામાં વાયુ, આંખોમાં સૂર્ય, કાનોમાં દિશા અને નાભિમાં ગ્રંથિ અને હ્રદયમાં બ્રહ્માનું ધ્યાન રાખીને પોતાની પૂજા કરે.

યતિ લોકોને જોઈએ કે તે ત્રણ વખત સ્નાન-સંધ્યા કરે અને બ્રહ્મચારીના માટે એક વારનું સ્નાન પર્યાપ્ત છે. દિવસ અને રાત્ના મળવાવાળા સ્થળને સંધ્યા કહેવામાં આવે છે અને આ સંધ્યા કર્મ સદાચારનું મુખ્ય અંગ છે. જ્ઞાની પુરુષ બ્રહ્મા, વિષ્ણુ અને શિવને અલગ-અલગ નથી સમજતા. આ લોકમાં મંગલમય વસ્તુઓ-બ્રાહ્મણ, ગાય, કુશાસન, હિરણ્ય, ઘી, સૂર્ય, જળ અને રાજા છે. એને ધ્યાન કરીને અર્ચના અને પૂજા કરે. જે વસ્તુ પોષ્ય છે એનું પોષણ કરે. ફક્ત પોતાની જ ચિંતા ન કરે કેમ કે જે પોતાનું જ પેટ ભરે છે તે જીવિત હોવા છતાં પણ મરેલાની સમાન હોય છે. કર્મના અર્થોના સ્વરૂપમાં પર્વત અને નદીઓની ક્રિયાઓ સામાન્ય હોય છે. અને આ ભૂમિ સંપૂર્ણ રત્નોની ખાન છે. પશુ, ધન, ધાન્ય, અર્થના કાર્યના યોગથી જ થાય છે. આથી મનુષ્યને જોઈએ કે તે કોઈથી દ્રોહ ન કરે અને સામાન્ય કાળમાં રાખીને જીવન-યાપન કરે. જીવન-યાપનનું ધન ત્રણ પ્રકારનું હોય છે- શુક્લ, શકલ અને કૃષ્ણ. એના પણ સાત પ્રકારના વિભાગ હોય છે. પિતૃ પરંપરાથી પ્રાપ્ત ધન, કોઈના દ્વારા પ્રેમથી આપવામાં આવેલું ધન, પત્ની અથવા કોઈની મદદથી પ્રાપ્ત ધન આ ત્રણ પ્રકારના ધન સંપૂર્ણ રૂપથી જીવનનો આધાર બને છે.

બ્રાહ્મણનું ધન ત્રણ પ્રકારનું હોય છે-ભિક્ષાથી પ્રાપ્ત, અભ્યાસથી પ્રાપ્ત અને પ્રતિગ્રહથી પ્રાપ્ત થવાવાળું ધન. ક્ષત્રિયનું ધન પણ ત્રણ પ્રકારનું હોય છે અને આ વિષયમાં ધન કહેવાય છે. ૧. કરો દ્વારા પ્રાપ્ત ધન, ૨, દંડોથી પ્રાપ્ત ધન, ૩. વિજય પ્રાપ્ત કર્યા પછી પ્રાપ્ત ધન.

આ રીતે વૈશ્યનું ધન પણ ત્રણ પ્રકારનું હોય છે-કૃષિ દ્વારા પ્રાપ્ત ધન, જેમાં પશુ-પાલન અને વાણિજ્ય-વ્યવસાય અને નફાનું ધન પણ સામેલ છે. જો બ્રાહ્મણ આપત્તિકાળમાં ઉપસ્થિત થાય છે તો એને આ પ્રકારનું ધન લેવાથી કોઈ પાપ નથી લાગતું. ક્યારેક-ક્યારેક કૃષિ કર્મમાં અનાવૃષ્ટિ થઈ જાય છે અને બાધા ઉપસ્થિત થાય છે પરંતુ

એની કમી બીજા સ્થાનો પર જઈને ધન કમાવવાથી પૂરી કરવામાં આવે છે. ખેડૂત કર રૂપી રાજાને ધન આપે છે. વિદ્યા શિલ્પ દુકાનદારી પણ જીવનના નિર્વાહના કારણ હોય છે. આ પ્રકારે પ્રતિગ્રહમાં કોઈ દોષ નથી હોતો.

બધા વર્ણોએ ધનના સ્વરૂપને પણ જોવું જોઈએ. હંમેશાં વૃત્તિ દ્વારા પ્રાયશ્ચિત કરીને વિશુદ્ધ કરી લેવાનું વિધાન પણ છે. નિત્ય કર્મોમાં જે મનુષઅય સ્નાન વગેરે નથી કરતો એને જપ અને હવન કરવાનો અધિકાર નથી. સ્નાનની દૃષ્ટિથી શરીર અને મન બંનેનું પ્રક્ષાલન થવું જરૂરી છે. તળાવો, તીર્થો અને નદીઓમાં કરવામાં આવેલું સ્નાન ક્રિયા-સ્નાન કહેવાય છે. તીર્થોમાંપાપોથી છુટકારો મળે છે અને નિત્ય નૈમિત્તિક અને ક્રિયાન્ન તથા મલકર્ષણ સ્નાન તીર્થના અભાવમાં કરી લેવું જોઈએ. ભૂમિથી નિકળેલું જળ પુણ્ય જળ હોય છે. સરોવરનું જળ પણ પવિત્ર હોય છે. સરોવરથી વધારે નદીનું જળ પવિત્ર હોય છે. ગંગાનું જળ આમ તો પવિત્ર હોય છે અને તીર્થોમાં આ જળ વધારેમાં વધારે પવિત્ર થઈ જાય છે. આ પ્રકારે તીર્થોમાં સ્નાન કરવાથી મનુષ્ય પાપમુક્ત થઈ જાય છે.

સદાચારની દૃષ્ટિની વ્રતનું ખૂબ જ વધારે મહત્ત્વ છે. પરંતુ શ્રદ્ધાથી યુક્ત થઈને નિત્ય વહેલી સવારે સ્નાન કરવાવાળા વ્યક્તિ આ પળ ખૂબ જ જલ્દી મેળવી લે છે. જે પુરુષ ચંદ્રમા અને સૂર્ય ગ્રહની સમાન લોકોને પ્રાપ્ત કરવા ઇચ્છે છે એના માટે વહેલી સવારનું સ્નાન પુણ્યોને આપવાવાળું હોય છે. ભગવાન વિષ્ણુ ખાસ કરીને એકાદશી તિથિના સ્નાનથી પ્રસન્ન થાય છે. જે મનુષ્ય શ્રીની કામના કરે છે એને આમળાથી સ્નાન કરવું જોઈએ. એનાથી કીર્તિ વધે છે અને આરોગ્યતા પ્રાપ્ત થાય છે. આ પ્રકારના સ્નાન કરવાથી દેવતા અને પિતૃગણ પ્રસન્ન થાય છે. નદીમાં સ્નાન કરીને જે મનુષ્ય પિતૃગણોનું ધ્યાન કરે છે અને એમને તિલાંજલિ આપે છે એને ખૂબ પુણ્ય થાય છે. આ રીતે જળમા સ્નાન કરીને મનુષ્યને જોઈએ કે તે મંત્રનું ઉચ્ચારણ કરીને દેવતાઓની અર્ચના કરીને સ્નાન કરે. બ્રહ્મા, વિષ્ણુ અને સૂર્યની અર્ચના કરીને એમને જળનું સમર્પણ કરે. મનુષ્યને જોઈએ કે તે અર્ચના પ્રારંભ કરીને દેવતાઓને અર્ધ્યદાન આપે અને પછી પુષ્પાંજલિ અર્પિત કરે. ફળ પણ સમર્પિત કરે. પછી જળમાં જ આચમન કરે. અને તીર્થની પરિકલ્પના કરીને સ્નાન કરે. શૂદ્રને ચુપચાપ નમસ્કારની સાથે આચમન કરવું જોઈએ.

સ્નાન કર્યા પછી મનુષ્યને જોઈએ કે તે મધુર પદાર્થ ખાય અને વચ્ચે અન્ય અન્નનું સેવન કરે. તીખા તથા ખાટા સ્વાદવાળા અન્ન પછી ખાય અને બધાથી અંતમાં દૂધનું પાન કરે. રાત્રે ભૂમિ પર સૂવે તો ખૂબ જ સારું. આ પ્રકારે પોતાના સદાચારનું પાલન કરીને મનુષ્ય જીવન-યાપન કરતો રહે. જે મનુષ્ય શાસ્ત્રની અનુસાર સદાચાર ધર્મનો નિર્વાહ કરે છે તે ખુદ બ્રહ્મ પદને પ્રાપ્ત થાય છે.

***

પંદરમો અધ્યાય

ભગવાન નારાયણે ગરુડજીથી કહ્યું-જ્યારે ધન્વંતરના કહેલાં કેટલાક વિશિષ્ટ રોગ અને એના નિદાનના વિષયમાં સાંભળો. ધન્વંતરિએ બતાવ્યું કે લોહી, પિત્તનો રોગ ખૂબ જ ભયંકર હોય છે. રોગની ઉત્પત્તિ વધારે ગરમ, તીખા

અને ખાટ્ટા પદાર્થ ખાવાથી થાય છે. કેમ કે એનાથી પિત્તથી સંયુક્ત પદાર્થોમાં પિત્ત વધારે હોવાને કારણે લોહીમાં બાધા પહોંચે છે અને પોતાની માત્રાથી વધારે હોવાને કારણે સમાન રૂપે હોઈને વિકૃત રૂપમાં પ્રભાવ કરે છે. આનો પરસ્પર સંસર્ગ લોહીમાં અનેક પ્રકારના દોષ ઉત્પન્ન કરે છે. જ્યારે રક્ત-પિત્ત તેજ હોય છે ત્યારે માથામાં ભારેપણું, કોઈ પણ વસ્તુ સારી ન લાગવી, ખાંસી, શ્વાસનું કષ્ટ અને મ્હોંમાંથી અજીબ પ્રકારની દુર્ગંધ થઈ જાય છે. મનુષ્યનું મુખ પીળુ-પીળુ થઈ જાય છે. આંખોની રોશની ધૂંધળી થઈ જાય છે અને મનુષ્ય પરમત્વ હોવાની અવસ્થા સુધી પહોંચી જાય છે.

આ રોગને કારણે નાક, કાન, મ્હોમાં બળતરાં થાય છે. કફ વગેરે વધી જાય છે પરંતુ આની સૌથી મોટી ઔષધિ વિરેચનથી થાય છે. કફની શુદ્ધિ કરવી જરૂરી હોય છે. કેટલાક કસેલા પદાર્થ કફની સમન કરે છે. આ અવસ્થામાં મનુષ્યએ મધુર પદાર્થ ખાવા જોઈએ. મધુર પદાર્થોની સાથે લોહીનું પિત્ત શુદ્ધ થઈ જાય છે અને ખાંસી દૂર થઈ જાય છે. આ પાંચ પ્રકારની હોય છે. વાત-પિત્તથી થવાવાળી ખાંસી અને કફથી થવાવાલી ખાંસી ખૂબ તેજ હોય છે અને એક ખાંસી ક્ષય હોવાનું કારણ પણ હોય છે. આનાથી ગળામાં સૂકાપણું આવી જાય છે. ગળામાં ખાજ જેવા આસાર પણ દૃષ્ટિગોચર થાય છે. એનાથી શ્વાસ તૂટતો રહે છે એના ઉપચાર હેતુ એ જોવાનું હોય છે કે ખાંસીથી વધારે વેગથી તરલ પદાર્થ ખાઈને છુટકારો મેળવી શકાય છે. વક્ષસ્થળની પીડા અને માથાનું દર્દ કયારેક-ક્યારેક તીવ્ર થઈ જાય છે અને એનાથી મનુષ્યની અંદરની શક્તિ ઓછી થઈ જાય છે. ખૂબ જ વધારે પીડા થાય છે જાણે સોય ચુભી રહી હોય.

આની અધિકતાની સાથે શ્વાસ રોગ અને પીઠના ભાગમાં પીડા પણ થવા લાગે છે. અચાનક જ ક્યારેક ગરમી અને ક્યારેક ઠંડીનો અનુભવ થાય છે. ધન્વંતરિએ આ વિશે કહ્યું કે કોઈ રોગની સમાન શ્વાસ રોગ પણ ઉલ્લેખનીય છે. ખાંસીની વૃદ્ધિ થઈ જવાથી શ્વાસ રોગ પેદા થાય છે અને આ પ્રાણ અને જળ તથા અન્નને ગ્રહણ કરવાવાળા શારીરિક સ્ત્રોતોને દૂષિત કરે છે. આ શ્વાસ રોગનું લક્ષણ એ છે કે હૃદયના બગલમાં દર્દ થાય છે. અને ખૂબ વધારે ભોજનથી પીડા વધા છે. વાયુ પ્રતિકૂળ થઈને શ્વાસના ઉતાર-ચઢાવમાં ઝડપતા વધારે છે. પરંતુ જ્યારે અંદરનો મળ બહાર નિકળી આવે છે ત્યારે થોડી શાંતિ મળે છે. કેટલીય વખત સૂતા સમયે એનાથી ખૂબ જ ગભરાટ થાય છે અને તે ઉઠી જાય છે. જે રીતે વાદળોમાં થવાવાળા જળ અને વાયુના સંઘર્ષમાં પ્રકંપન થાય છે એવી જ રીતે શ્વાસ રોગથી હૃદય કાંપે છે. કેટલીય વખત જ્વર અને મૂર્છાનો આભાસ પણ થાય છે. આ રીતે આ રોગ ખૂબ કષ્ટ આપે છે. વાણીમાં સૂકાપણું આવી જાય છે અને જ્યારે મનુષ્ય ઉપર લાંબી શ્વાસ લે છે તો એનું અવરોહણ નથી કરી શકતો. તે બોલવામાં અસમર્થ થઈ જાય છે અને એને એવું લાગે છે જાણે એના પ્રાણ નિકળી રહ્યાં હોય.

ધન્વંતરિએ કહ્યું કે એક વિશેષ પ્રકારનો હિચકીનો રોગ પણ થાય છે. આનો પ્રારંભ પણ શ્વાસની ક્રિયાથી થાય છે. કેટલીય વખત અયોગ્ય વસ્તુના સેવન કરવાથી રૂખું, તીખું અને તેજ અન્યય અંદરની વાયુની પ્રપીડિત કરી દે છે અને એનાથી હીચકી ઉત્પન્ન થાય છે. મૂળ રીતે આ ખાધેલા અન્નથી પેદા થઈ ક્યારેક ધીમી અને ક્યારેક વેગવતી

થઈને આ મનુષ્યમાં પ્રકંપન પેદા કરે છે. એના વિશે આખા શરીરને મથતી વાણી, સ્મૃતિ અને સંજ્ઞાને પણ ધૂમિલ કરી દે છે. કેટલીય વખત વમન કરવાની સ્થિતિ પણ આવી જાય છે. અનેક વખત આના શબ્દ મોટા ધ્વનિવાળા હોય છે. હિચકીના સમયે મનુષ્યને વારંવાર એ લાગે છે કે એના શ્વાસ ઉપર નીચે અવરોધથી ચાલી રહ્યો છે.

એના પછી ધન્વંતરિએ કહ્યું કે યક્ષ્મા રોગ પણ ખૂબ જ ભયંકર હોય છે. આ રોગમાં અનેક રોગ છુપાયેલા હોય છે. આ કેટલાય રોગોને કારણથી પેદા થાય છે. આનાથી મનુષ્યની બધી શક્તિ નષ્ટ થઈ જાય છે. પહેલાં આ રોગ સામાન્યતયા મોટા-મોટા રાજાઓને થયા કરતો હતો. આથી એનું નામ રાજરોગ પડયું. એના ચાર મુખ્ય કારણ કહેવામાં આવે છે. પહેલું કારણ એ છે, કરવા ન કરવાવાળા કામમાં ખરાબ રીતે લાગી જવું અને ભૂખ-તરસવગેરેની ચિંતા પણ ન કરવી. યોગ્ય સમય પર ન ખાવું-પીવું આનું બીજું કારણ છે. ત્રીજું કારણ છે- કોઈ પણ સ્થિતિઓથી શરીરમાં ઓજ, વીર્ય અને સ્નેહનું ક્ષીણ થઈ જવું. ચોથું કારણ સમય પર યોગ્ય માત્રામાં ખાવાનો અભાવ હોય છે. આ ચારણ કારણોથી પિત્ત ખૂબ જ યઉત્તેજિત થઈ જાય છે અને ધીમે-ધીમે યક્ષ્મા રોગનું કારણ બને છે. એનાથી મ્હોંની મિઠાશ અને શરીરની કોમળતા જતી રહે છે. આખા શરીરના અંગોમાં ઠંડાપણું અને સફેદી આવી જાય છે. શરીરમાં પીડા તો થાય જ છે અને મદિરાપાન, સ્ત્રી-પ્રસંગ, અને સ્વપ્ન તથા સ્વપ્નમાં સાપ, વાનર, માણસોને જોવા એના લક્ષણ હોય છે. એના અનેક ઉપદ્રવ હોય છે, ગળાને પીડા આપવાવાળા શ્વાસનો અવરોધ, જમ્હાઈ આવવી, અગ્નિની મંદતા, મુખમાં દુર્ગંધ અને શરીરના અંગોનું તૂટવું આની નિશાનીઓ છે. એનાથી મનુષ્ય પોતાની અંદર એક વિશેષ પ્રકારની અગ્નિ અનુભવ કરે છે. લોહી બનવું બંધ થઈ જાય છે.

આ રોગથી ખૂબ જ જલ્દી ક્ષીણતા આવે છે. એના માટે ક્ષીણતાથી બચવાના સાધન કરવા જોઈએ. એમાં વાતની અધિકતાથી પરેશાની થાય છે તથા પિત્તના પ્રકોપથી તાળવા અને ગળામાં બળતરાં થાય છે. રોગીને પ્રત્યેક ક્ષણ ઘુંટન અને ધુમાડાનો અનુભવ થયા કરે છે.

મનુષ્યના શરીરમાં અતિસાર રોગના આક્રમણ પણ થાય છે. ક્યારેક-ક્યારેક ખૂબ જ વધારે જળ પી લેવાથી અને ક્યારેક સૂકું અનાજ ખાવાથી અને ક્યારેક વધારે મદિરાના સેવનથી અને અનેક અવસરો પર ખૂબ પરિશ્રમથી મનુષ્યની સ્વાભાવિક વાયુ-ગતિ બાધિત થઈ જાય છે અને એના દ્વારા તેજ ક્ષય થઈ જાય છે. એમાં હૃદય તથા શરીરમાં પરસેવો વધારે આવે છે. શુષ્કતાને કારણે શ્વાસ લેવામાં પણ પરેશાની થાય છે.

આ બધા રોગ વધારે પડતા પિત્ત વધવાથી થાય છે. આથી પિત્તનું અનુશાસન ખૂબ જ જરૂરી છે. કેમ કે પિત્તને અનુશાસિત કરવાથી વાયુ અનુશાસિત થાય છે. અને એની સ્વાભાવિકતા જળવાઈ રહે છે. આથી મનુષ્યને જોઈએ કે તે ભોજન પદાર્થોમાં સમાનતા રાખે. એના ક્યારેક-ક્યારેક વિલક્ષણ લક્ષણ થાય છે. શરીરનું પીળું પડવું અને ક્યારેક-ક્યારેક ઘાની જેમ વ્રણ થઈ જવું, દુર્ગંધ, પરસેવો આવવો, અનેક લક્ષણ નજરે પડે છે.

જ્યારે મનુષ્યને વધારે સમય સુધી અતિસારનો રોગ થાય છે તો સંગ્રહણી જેવો દોષ ઉત્પન્ન થઈ જાય છે. આ પણ ચાર પ્રકારના હોય છે- એક ભેદમાં વાત, પિત્ત અને કફનો પ્રકોપ બની રહે છે. બીજું લક્ષણ વાયુનું ઓછું થવાનું છે.

એમાં મુખનો સ્વાદ બગડેલો રહે છે અને હંમેશાં તરસ લાગી હોય એમ લાગે છે. ત્રીજું લક્ષણ પેટમાં બળતરાં થાય છે. અને એક પ્રકારના કાનોના છિદ્રોમાં ઝણઝણાટ જળવાઈ રહે છે. જ્યારે આ રોગ વાયુને કારણે થાય છે તો આંખોની સામે મોટાભાગે અંધારું રહે છે અને મનુષ્ય હંમેશાં આળસમાં ડૂબેલો રહે છે. એમાં જીર્ણતાથી મુક્તિ જ સૌથી મોટો ઉપાય છે.

આ પ્રકારે આ અનેક રોગ સતત મનુષ્યને થતાં રહે છે અને એનાથી મનુષ્ય કષ્ટમાં રહે છે. એનાથી સમસ્ત ઇન્દ્રિયો ક્ષુબ્ધ થઈ જાય છે અને મનુષ્ય મરણથી પણ વધારે કષ્ટદાયક સ્થિતિમાં આવી જાય છે. આ રોગ મોટાભાગે વધારે ભોજન અને અસંતુલિત ભોજનથી થાય છે. જે વ્યક્તિ મદ્યપાન કરે છે એને એનામાં થી પ્રત્યેક રોગ જલદી પકડી લે છે અને એકની સાથે બીજા રોગોના લક્ષણ પણ અભિવ્યક્ત થાય છે. મદ્યથી રહિત થઈને બળવાન શરીરથી આ શારીરિક અને માનસિક વિકારો પર પણ વિજય મેળવી શકાય છે. આ પ્રકારે મેં તને અલગ-અલગ રોગોનું નિદાન બતાવ્યું છે. મનુષ્યને આ રોગોના વિષયમાં સતર્ક રહેવું જોઈએ અને યોગ્ય ઉપચાર કરીને યોગ સાધના દ્વારા પોતાને નિયંત્રિત કરવા જોઈએ.

રોગોના નિદાન પછી ચિકત્સાના અલગ-અલગ યોગ બતાવતા વિષ્ણુજીના અવતાર ધન્વંતરિએ બતાવ્યું કે આ પ્રકારના જ્વરોમાં સૌથી સારી વાત ભોજનનો ત્યાગ હોવો જોઈએ. ગરમ પાણી પીવું અને હવા રહિત સ્થાનમાં રહેવું લાભદાયક થાય છે. જો વાયુના વિકારથી જ્વર (તાવ) થયો છે તો ગિલોય અને નાગરમોથાનો ઉકાળો આપવો જોઈએ.

પિત્તના દોષથી પણ જ્વર થાય છે. એ જ્વરમાં સૌંફ, મોથા અને નવીન ફળને મિલાવની આપવા જોઈએ. કફના દોષથી ઉત્પન્ન તાવમાં કાઢો (ઉકાળો) આપવો જોઈએ.

ઊંડામાં ઊંડા તાવનો વિનાશ, લીમડો, દેવદારુ અને ધાન્યકના પત્તાની સાથે ગિલોય અને ત્રિફળાને મધમાં મિલાવને ખાવાથી થઈ જાય છે. હર્રા, પીપળ, આંમળા અને ચિરુકનો ચૂરો બનાવીને પણ તાવની સારવાર થાય છે. સન્નિપાત તાવ વધારે ગંભીર હોય છે. એમાં ત્રિફળા, લીંબૂ, હર્રા, નાગર મોથા દેવદારુનું મિશ્રમ બનાવવાથી જે પટોલ પતરના સહિત થાય એવો ઉકાળો બનાવીને આપવાથી સન્નિપાત તાવ દૂર થાય છે અને કટેરી, નાગરમોથા, ગિલોય અને પુષ્કરની સાથે નાગબલ્લીનું ચૂર્ણ ખાવા પર શ્વાસ અને ખાંસી દૂર થાય છે.

કફ અને વાતના તાવમાં હંમેશાં ગરમ પાણી પીવું જોઈએ. જો વાતનો તાવ છે તો એમાં પંચ મૂળનો કાઢો આપવાથી શાંતિ મળે છે. પિત્તના તાવમાં પર્પટી અને લીંબૂ મિલાવીને મધુની સાથે ખાવાથી શાંતિ મળે છે.

ભગવાન બોલ્યા- જે મનુષ્યના માથામાં વાળ ન હોય એના માથા પર સાત રાતોમાં વાળ ઉગી આવે છે જો હાથી દાંતની ભષ્મનો લેપ કરવામાં આવે તો. એની સાથે ભૃંગરાજના રસની સાથે ગુંજાના ચૂરાનો ઉપયોગ કરીને મનુષ્ય પોતાના વાળોમાં લગાવીને વૃદ્ધિ કરી શકે છે. કેરીની ગોટલી-ગોટલાઓના ચૂરાનો લેપ કરવાથી કેશ સૂક્ષ્મ

થઈ જાય છે. કેરી અને આંમળાના લેપથી વાળ ઘેરા થાય છે. ચારગણા ગૌમૂત્ર અને મેંસિલની માથામાં માલિશ કરે તો વાળોમાં જૂ અને લીખ સમાપ્ત થઈ જાય છે. નવી રીતથી તૈયાર કરવામાં આવેલી શંખની ભસ્મના ચૂર્ણ કાચ પર ઘિસની લગાવવાથી વાળ ઘેરા અને કાળા થઈ જાય છે.

ભૃંગરાજ, લોખંડનો ચૂરો, ત્રિફળા, બિજૌરા, નીલ- આ બધાની સમાન જ ગોળ નાખીને લેપ કરવાથી સફેદ વાળ કાળા થઈ જાય છે. કેરીના ગોટલા અને કેરીની મજ્જા, હર્ર, બહેડા અને આમળા તથા આસમાની ભૃંગરાજ-આને એક્ઠા કરીને પકાવીને એમાં લોખંડનો ચૂરો નાખો અને કાંજી નાખો પચી લેપ કરી લો તો વાળ કાળા થઈ જાય છે. મેષનું મૂત્ર અથવા સંધવ મીઠું આ બંને મિલાવીને કાનમાં નાખવાથી કાનની દુર્ગંધ સમાપ્ત થઈ જાય છે. કાનના કીડા અને કાનનો બહાવ પણ સમાપ્ત થઈ જાય છે.

શોભાંજનના પત્તાઓનો રસ મધની સાથે મિલાવીને જો આંખોમાં નાખો તો આંખોના બધા રોગ ચાલ્યા જાય છે. આમળા, સૂંઠ, પીપળી, અસીતિ, તલના પુષ્પ ઉપનિંબ તડૂંલિયક આ બધાને પીસીને છાંયડામાં સૂકવીને વટી બનાવી લેવી જોઈએ અને પછી એને ચોખાના પાણીની સાથે પીસીને ખાઈ લેવી જોઈએ. આ વટીને ઘસીને મધની સાથે આંખોમાં લગાવવાથી આંખોનો અંધકાર જતો રહે છે. ચાર ભાગ શંખ અને એનાથી અડધો ભાગ મૈંસિલ તથા મનઃશિલાનો અડધો ભાગ સૈંધવ લઈને આ ત્રણેયને જળની સાથે પીસીને વટી (ગોળી) બનાવી લેવી જોઈએ. આને છાંયડામાં સુકવીને પછી નેત્રોમાં લગાવવાથી અંધકારનો ભય જતો રહે છે. સૂંઠ, મરચું, હળદર આને ભૃંગરાજના રસમાં પીસીને અંજન કરો તો અંધકારનો ભય જતો રહે છે. આંખોનું દર્દ દૂર કરવા માટે અષ્ટરસની જડ અને કાંજીને પીસીને આંખોમાં લેપ કરવો યોગ્ય રહે છે. સૈંધવ, કડવું તેલ અને અપામાર્ગ મૂળને ક્ષીર કાંજીથી તાંબાના પાત્રમાં પીસીને અંજન કરવાથી પિંજટનો નાશ થાય છે. બિલ્વ નીલિકાના મૂળને પીસીને અંજન કરવાથી પણ અંધકારનો ભય દૂર થાય છે. પીપળ હલ્લી અને આમળા અને ખાદિરને પીસીને એક વટી બનાવી લીધા પછી આંખોમાં લગાવી દેવાથી આંખોના રોગ ચાલ્યા જાય છે. વહેલી સવારે ઉઠીને પાણીને મ્હોંથી ભરીને પછી ઠંડા જળથી રોજ નેત્રોને છપકાં મારીને ધોવા જોઈએ એનાથી આંખોના બધા રોગ દૂર થઈ જાય છે.

એના પછી ભગવાન બોલ્યા કે ઘોષાના ફળને સૂંઘવા અને પીવા પણ કામલા રોગને ઠીક કરે છે. જાતીના પાંદડાઓને ચાવીને મ્હોમાં રાખીને મ્હોંના રોગ નષ્ટ થાય છે. કેસરના બીજોને દબાવવાથી હલતા દાંત પણ જામી જાય છે. મુસ્તક અને ઇલાયચી યાષ્ટિક અને મધુવાચક આને મિલાવીને ખાવાથી મ્હોંની દુર્ગંધ દૂર થઈ જાય છે. જો કોઈ મનુષ્ય તેલ યુક્ત કાંશીથી કુલ્લી કરે અને થોડા સમય માટે મ્હોંમાં ભરી રાખે તો મ્હોંના રોગ દૂર થાય છે. જે રીતે સૌંફને ચાવવાથી અને લીંબા તથા ઈલાચચી મધુ પીપળ અનેજાતી પત્ર આને મિલાવીને ચાટવાથી તાવનો નાશ થાય છે. ગુંજા (ચિરમિટી)ની બેલના મૂળને લઈને ચાવવાથી દાંતોના કીડાઓનો નાશ થાય છે. દૂધથી મિશ્રિત કર્કટ પાદથી મળેલું ઘી દાંતના કટકટાવવામાં ઉપચાર કરે છે. જો કોઈ વ્યક્તિ બે ભાગ છાશનો લે અને એક ભાગ તેલ એમાં મેળવે અથવા લાલ ચંદન, મજીઠ કર્સયટીને મધુ અને કુમકુમની સાથે મિલાવીને એક અઠવાડિયા સુધી

પ્રયોગ કરે તો મ્હોંની શોભા વધે છે. સોંઠ અને પીપળનો ચૂરો નિષોધ ફિટકરીને મિલાવીને કાઢો બનાવવામાં આવે અને એને પીવાથી તેજની વૃદ્ધિ થાય છે. એનાથી વાયુના રોગ પણ દૂર થાય છે. જો કરંજ યક્ષ વૃહતી કટુ રોહણી ગોખરૂ આ બધાને પાણીમાં પકાવવામાં આવે તો મનુષ્યની સ્મરણ શક્તિ વધે છે. જે તાવ પારીથી આવે છે. અર્થાત્ એક દિવસ થોડીને અથવા ત્રીજા છઠ્ઠા કે આઠમા દિવસે એને દૂર કરવા માટે ગોમેદના રસને મિલાવને દૂધ આપવું પૂરતું છે.

કાકજંઘાના મૂળને ખાવાથી ઉંઘ આવે છે. શૈલી, શૈવાલ, અગ્નિમંથ પાષાણ, ભેદક, ગોખરૂ અને શોભાંજનના મૂળને જળની સાથે મિલાવીને આપવાથી વાયુના રોગ દૂર થાય છે. આર્ધ અને તગરના મૂળને ઘસીને મઢ્ઢાની સાથે પીવાથી સીંજીના વાયુનો તાવ દૂર થાય છે. છાગના દૂથી મળેલી સત્વા પી લેવા, ઘીની સાથે લેપ કરવાથી પગના તળીયામાં દર્દ દૂર થાય છે. સરજનો રસ, જીરૂં, હર્રને ઘીમાં મિલાવીને મળવાથી આગ સળગવાથી થયેલા દર્દ દૂર થાય છે. ભેંસના દૂધથી નિકળેલું માખણ અને બાળીને પીસેલા તલ જો ભલ્લાક સહિત પ્રયુક્ત કરવામાં આવે તો વ્રણનો નાશ થાય છે અને એનો લેપ કરવાથી દર્દ દૂર થઈ જાય છે.

કેરીના ઝાડના મૂળના રસને કોઈ શસ્ત્રથી થવાવાળઆ ઘાવ ભરાઈ જાય છે. શસ્ત્રનો ઘા ડોકમાન હોય છે અને ઘીથી ભરીને તે વ્રણ રહિત થઈ જાય છે. શરપુખામાં લાજવંતી છુઈમુઈ, ગ્વારપાઠાના મૂળોને જળની સાથે ઘોંટીને શસ્ત્રના ઘા પર લગાવવાથી આરામ મળે છે. જળમાં મિલાવીને તેલના તેલને ઓંગીના મૂળથી ઘસીને જ્યારે સેક કરે છે તો વેદના ઓછી થાય છે. શ્વેત અપરાજિતાના પાંદડાઓને લીમડાના પાંદડાઓના રસની સાથે મિલાવીને પીવાથી ડાકની, પિતરો, બ્રહ્મ-રાક્ષસોનો ડર સમાપ્ત થઈ જાય છે.

પુષ્ય નક્ષત્ર શ્વેત જયંતીનું મૂળ શ્વેત અપરાજિતાના આર્ક અને ચિત્રકનું મૂળ બનાવીને એને પીને મસ્તક પર તિલક લગાવવાથી પુરુષનું તેજ ખૂબ જ આકર્ષક થઈ જાય છે. અર્થાત્ પીપળ, લોહ ચૂર્ણ, આંમળા, સોંઠ આ બધા સમાન ભાગે લઈને સેંધવ મધુ અને ખાંડની સાથે ગૂલરની સમાન ગોળી ખાવાથી બળની વૃદ્ધિ થાય છે.

ભગવાને આગળ કહ્યું કે હરિતાલ પત્રાંગ, લાલ ચંદન જાતિ અને યવક્ષાર તથા પિંગુલક અને લાક્ષાને પીસીને દાંતો પર લેપ કરવો જોઈએ. મંદ આગમાં મૂલકનું શ્વેદન કરી કાનોમાં રસ નાખવાથી કાનનું વહેવાનું સમાપ્ત થઈ જાય છે.

હરીતકીના કષાયથી દાંતોને માંજીને લેપ કરવો જોઈએ. કડવા તેલની સાથે પ્રયોગ કરવાથી કાનોના કીડાઓનો નાશ થાય છે. હળદર, લીમડાના પાંદડા, પીપળ અને કાળા મરી, વીડક ભદ્ર મુસ્ત તથા સપ્તમ વિશ્વ ભેષજ આ બધાને ગોમૂત્ર મિલાવીને એક વટી બનાવીને ખાવાથી અજીર્ણ નષ્ટ થાય છે. જે મનુષ્ય જટામાસી વચ, વિચૂ વિલ્વ, તગર, પદમ, કેશરનાથ પૂર્ય પ્રયંગુ આ બધાને સમાન ભાગમાં ચૂર્ણ બનાવીને ખાય છે તે ખૂબ જ સુંદર થઈ જાય છે. સરસોં, વચવદનના ફળ અને વીજળીની વિષ્ઠા ધુસ્તર અને નારીને કોશમાં ધૂળ લગાવી દેવાથી ચોથા

